અર્થ એ થયો કે અનેક જીવોમાં પોતું આત્મતત્ત્વ એક સ્વભાવિ છે
શ્રીમદ્ રાજચંદ્ર કહે છે:—સર્વ જીવ છે સિદ્ધસમઃ 'હવે જો તે
આત્મ પરમાત્મ તત્ત્વની આરાધના કરવાની હોય તો પ્રાણીમાત્રમ
રહેલી એકતાના સ્વરૂપે અનંતની આરાધના કરવી પડે તે સ્વાભાવિક છે

જૈનોમાં તીર્થંકર કોટિના અર્હંતોની જે વાત છે, તેએ
સંપૂર્ણ આત્મજ્ઞાન થયા પછી પણ નવી સમાજ રચના કર્યા વિન
રહી શકતા નથી. આનો અર્થ એ થયો કે શરીરધારી એવા આપણે
માત્ર એકલા નથી. આખા વિશ્વના પ્રાણીઓ સાથે સંકળાયેલ
છીએ. સંસારના સારામાઠા બનાવોની અસર આપણને પ્રત્યક્ષ
પરોક્ષ થાય છે જ. આ દૃષ્ટિએ અર્થકારણ, સમાજકારણ અને
રાજકારણ અથવા કોઈ પણ ક્ષેત્ર આત્મધર્મથી છેક અળગું રહી
શકતું નથી.

ગાંધીજી અનંતની આરાધના કરતાં કરતાં રાજકારણના ક્ષેત્રમાં
આવી પડ્યા. અને પરિણામે આખા માનવ સમાજને અનંતની
આરાધનાની કેડી દાખવી દીધી. જગતભરમાં અહિંસાની પ્રતિષ્ઠા
વધી ગઈ. કેટલો મહાન ચમત્કાર થઈ ગયો! ઘણા સાધકોનું એમ
માનવું હતું કે અનંતની આરાધના કરવી હોય તો હિમાલયની ગુફા
અથવા જંગલનું એકાંત સ્થળ હોવું જોઈએ. ગાંધીજીએ બતાવ્યું:—
જનતામાં જનાર્દન છે. એ જનાર્દનની આરાધના કરવી હોય તો
તે સુદ્ધા અનંતની આરાધના છે, અને તે અનિવાર્ય પણ બની રહે છે.

આપણે સમજી લેવું રહ્યું કે નવી સમાજ રચના કદી આખો
સમાજનો સમાજ કે પરંપરાની સંસ્થાઓ કરી શકતાં નથી. તેની
આદ્યપ્રેરક તો એક વ્યક્તિ જ હોય છે. એ દૃષ્ટિએ 'વ્યક્તિથી
ક્રાન્તિ સર્જાય છે, એ સૂત્ર ખરું છે. તે જ રીતે સમાજ ક્રાન્તિને
ઝીલે અને તેમાંની કેટલીક વ્યક્તિઓ ન ઝીલે તો ત્યાં વ્યક્તિ ગૌણ
થાય છે અને સમાજસંસ્થા મુખ્ય બને છે; તે વાત પણ સાચી છે.

વિશ્વમાં ફેલાયેલી ઉગ્રદષ્ટિ પોતીકી છે, એનું સ્પષ્ટ ભાન ત્યારે થયું. તે દિવસોમાં વાચન, મનન, લેખન જરૂર બનું. અઠવાડિયામાં એક દિવસ ટપાલ મોકલવા માટેનો પણ હતો. અલબત્ત છાપાં વાંચતો નહીં. પ્રાય: એક વખત જ ભોજન માટે જતો. બહારનાં માણસોને ભાગ્યે જ મળવાનું રાખવાથી આગંતુકોનો ધસારો રહેતો નહીં. કોઈ આવે તોય પ્રાય: કાશ્મીન રહેતું. પરિણામે સાધના પોષક પત્રો આવતા અને જતા.

આ પુસ્તકમાં આપેલ પત્રો પૈકીના કેટલાક ચુનંદા પત્રો છે. સંભવ છે એમાં કોઈને કલ્પનાનો ગગનવિહાર સવિશેષ લાગ્યા કરે ! પરંતુ આજે ભાલનલકાંઠાનો વિશ્વલક્ષી પ્રયોગ ગૂજરાતમાં શરૂ થઈ ફેલાઈ રહી છે; તેની આખી પીઠિકા આમાંથી મળી રહે છે. એ જોતાં એમ પણ લાગ્યા વિના નહીં રહે કે જે કલ્પનાઓમાં નિસર્ગનિષ્ઠાનો દઢ પાયો છે, તે કલ્પનાઓ અનંતમાંથી ઉદ્દભવે છે, અને અનંત ભણી જ દોરી જાય છે.

અનંત એટલે આત્મા. અનંત એટલે પરમાત્મા. '**अप्पा सो परमप्पा**' અર્થાત્ આત્મા જ પરમાત્મા છે. અંતવાન પદાર્થો સાથેના સંગમાં રહી અનંતની આરાધના કરવાની છે, એનું જ નામ આ સંસારમાંનો મોક્ષમાર્ગ.

'**एगो आया**' આત્મા એક છે, એ જૈનસૂત્રોનો મુખ્ય ધ્વનિ છે. આત્મા એક હોવા છતાં પ્રાણીઓ અનંત છે. કારણ કે શરીરો એ સૌનાં નિરનિરાળાં છે, જૈનયોગી આનંદઘનજી મહારાજ આથી જ કહે છે:—

'**भाजन भेद कहावत नाना एक मृत्तिका रुपरी**' મતલબ કે વાસણ અનેક છે; તેની પાછળની માટી એક છે. વૈદિક શ્રુતિ કહે છે:–' **एकं सद्विप्रा बहुधा वदन्ति** ' તત્વત: એક વસ્તુ હોવા છતાં આર્ષદ્રષ્ટા પુરુષો બહુપ્રકારી તરીકે તેને વર્ણવે છે. આનો

મહારાજશ્રીના પરિચિતોમાંના ઘણા મિત્રો વખતો વખત કહેતા:— 'તમો બીજું બધું સાહિત્ય બહાર પાડો છો, તો તેમની સાધના કાળના આધ્યાત્મિક પત્રો કાં બહાર ન પાડો!' એવા મિત્રોને અમે એક જ જવાબ આપતા, કાળ જાગશે એટલે તે પણ બહાર પડશે.

પણ કાળની કૂચ તો વણથંભી ચાલ્યા જ કરે છે. તેમાંથી જે બચ્યું તે બચ્યું. અને અમારા પત્રો, જેને શબ્દે શબ્દે અને પાને પાને ચેતન ભર્યું છે તે બિચારા...પસડાવા લાગ્યા. તેની શાહી ફીકી, ઝાંખા પડ્યા, ઉધઈએ તેમાં ઘર બાંધ્યાં, વરસાદે ક્યારેક ક્યારેક અભિષેક માંડ્યો અને એ બધું સાહિત્ય ધીરે ધીરે કાળના પ્રવાહમાં વહેતું ચાલ્યું. ક્યાં તેની પ્રસવિની ૩૩ ની સાલ અને ક્યાં આજે ૫૯-૬૦ ની સાલ. બે તપનો કાળ ચાલ્યો ગયો. એમાંથી જે થોડું બચ્યું તેને બચાવવા અમે પ્રયત્ન કર્યો છે. 'અનંતની આરાધના' તેમાંથી જ પ્રગટે છે.

(૧)

આપણા સાહિત્યની કંઈક દિશા ભૂલ છે એ આપણે સ્વીકારીએ કે ન સ્વીકારીએ તેમ છતાં તેમાં ઘણું તથ્ય રહેલું છે. નવલિકા, નવલકથા, વાર્તા, નાટક, પાઠ્યપુસ્તિકા, વિવેચનો અને બહુ બહુ તો કાવ્ય કલાપ એ ઢાંચામાં જે હોય તે જ જાણે સાહિત્ય; એવી આપણી માન્યતા જાણે ન બંધાતી જતી હોય!

સાહિત્યના જેમાં ચિરંજીવ ભાવો ભરેલા છે, જેનાથી જનતાની ચિત્ત શુદ્ધિ થાય છે, જે લોકોના મન તળે ઢંકાયેલા શુદ્ધ ભાવોને ઢંઢોળે છે, જાગૃત કરે છે અને સ્વ-જીવન ઉપર વિચાર કરવા પ્રેરે છે તેવા આધ્યાત્મિક, ધાર્મિક કે ચિંતનાત્મક સાહિત્યની માંગ દિવસે દિવસે ઘટતી જાય છે. અરે, કાવ્યની દુનિયાના કોઈ કવિલોકને પૂછશું તો પણ તેની ખાત્રી થઈ જશે.

જૈન પરંપરામાં તીર્થંકર વ્યક્તિ તરીકે તે તે યુગના સર્વોપરી હોય છે. તીર્થંકરના અભાવમાં એને હૃદયથી માનનાર સંઘ અથવા સંસ્થા તીર્થંકરરૂપ માનને પાત્ર બની જાય છે. આ માટે **'નમો સંઘસ્સ'** એ સૂત્ર પ્રતીતિ આપી જાય છે. આ રીતે રોગું ભલે અલગ વસ્તુ છે, પણ વ્યવસ્થિત માનવ સમાજ એ મહત્ત્વનું સ્થાન લે છે. તે જ રીતે સંસ્થા આગળ વ્યક્તિ ગૌણ હોય છે, પણ ક્રાન્તિસર્જક વિભૂતિ આગળ સંસ્થા પણ ગૌણ બની જાય છે.

અનંતની આરાધનામાં આમ વિભૂતિ, સુવ્યવસ્થિત સંસ્થા, પરંપરાગત સંસ્થામાંથી નવી સુસંસ્થાને દિલથી ચાહતો સમાજ, સામાન્ય વ્યક્તિઓ અને માનવેતર પ્રાણીઓ સૌનો કક્ષાનુસાર વિચાર કરવો પડે છે. તે વિચારને અનુરૂપ વર્તન બનાવવું પડે છે. આથી આ પત્રોમાં અંગત સાધનાની વાતો, નિસર્ગનિષ્ઠાના આંતરિક ઉદ્દગારોની વાતો અથવા સાધકોને માર્ગદર્શન વગેરે જે કાંઇ આવતું હોય, તોય તે ઉપલા સંદર્ભમાં છે, તે યાદ રાખવું જોઇએ.

ભાઇ મનુ પંડિતે વર્ષ દરમ્યાન લખેલા અનેક પત્રોમાંના જે થોડા ચૂંટીને મૂક્યા છે, તે પત્રો વાચકના દિલમાં ઉપર મુજબની વ્યાપક અને સર્વાંગિ સાધના પ્રત્યે અભિરુચિ જગાડો એ જ પ્રભુ પ્રાર્થના.

તા. ૩૦-૪-૫૯
મહારાષ્ટ્ર પ્રવાસમાં-
નાગેવાડી (સતારા)

સંતબાલ



મહારાજશ્રીના પરિચિતોમાંના ઘણા મિત્રો વખતો વખત કહેતાઃ— 'તમો બીજું બધું સાહિત્ય બહાર પાડો છો, તો તેમની સાધના કાળના આધ્યાત્મિક પત્રો કાં બહાર ન પાડો !' એવા મિત્રોને અમે એક જ જવાબ આપતા, કાળ જાગશે એટલે તે પણ બહાર પડશે.

પણ કાળની કુચ તો વણથંભી ચાલ્યા જ કરે છે. તેમાંથી જે બચ્યું તે બચ્યું. અને અમારા પત્રો, જેને શબ્દે શબ્દે અને પાને પાને ચેતન ભર્યું છે તે બિચારા...ઘસડાવા લાગ્યા. તેની શાહી ઉડી, ઝાંખા પડ્યા, ઉધઈએ તેમાં ઘર બાંધ્યાં, વરસાદે ક્યારેક ક્યારેક અભિષેક માંડ્યો અને એ બધું સાહિત્ય ધીરે ધીરે કાળના પ્રવાહમાં વહેતું થયું. ક્યાં તેની પ્રસવિની ૩૭ ની સાલ અને ક્યાં આજે ૫૯–૬૦ ની સાલ. બે તપનો કાળ ચાલ્યો ગયો. એમાંથી જે થોડું બચ્યું તેને બચાવવા અમે પ્રયત્ન કર્યો છે. 'અનંતની આરાધના' તેમાંથી જ પ્રગટે છે.

(૨)

આપણા સાહિત્યની કંઈક દિશા ભૂલ છે એ આપણે સ્વીકારીએ કે ન સ્વીકારીએ તેમ છતાં તેમાં ઘણું તથ્ય રહેલું છે. નવલિકા, નવલકથા, વાર્તા, નાટક, પાઠ્યપુસ્તકો, વિવેચનો અને બહુ બહુ તો હાસ્ય કટાક્ષ એ ઢાંચામાં જે હોય તે જ જાણે સાહિત્ય; એવી આપણી માન્યતા જાણે ન બંધાતી જતી હોય !

સાહિત્યના જેમાં ચિરંજીવ ભાવો ભરેલા છે, જેનાથી જનતાની ચિત્ત શુદ્ધિ થાય છે, જે લોકોના મન તળે ઢંકાયેલા શુદ્ધ ભાવોને ઢંઢોળે છે, જાગૃત કરે છે અને સ્વ-જીવન ઉપર વિચાર કરતા પ્રેરે છે તેવા આધ્યાત્મિક, ધાર્મિક કે ચિંતનાત્મક સાહિત્યની માંગ દિવસે દિવસે ઘટતી જાય છે. અરે, હાસ્યની દુનિયાના કોઈ કવિલોકને પૂછશું તો પણ તેની ખાત્રી થઈ જશે.

જેમ બીજા વિષયમાં, તેમ સાહિત્યની ભૂમિકા પણ તેના બે વિભાગો જોતામાં આવે છે. એક સાત્ત્વિક સાહિત્યનું અને બીજું અસાંસ્કારિક અંગોના સાહિત્યની ગણના બીજા નંબરમાં થાય. તે સાહિત્યને આપણા પાઠ્યપુસ્તકોમાં પણ કેટલેક અંશે થોડું સ્થાન મળે છે ખરું. પણ તે નવી સાહિત્ય રચના, નૈતી, [illegible] ચિત્રણ, [illegible] આપણા [illegible] દૃષ્ટિ સમજાવતા પૂર્ણ જીવનની માર્ગદર્શક પુસ્તકો તરફ [illegible] આપણ આપણી દૃષ્ટિ જ ફેરવી નાખી. તેથી અંત વિનોબાજી જેવા અનંત નય મતને પણ તેની ટીકા કરતી પણ ? "શૈલી અજાણ્યે રાજ્યની શીશ હલાવતો ઉદ્યોગ શરૂ કર્યો છે."

(૩)

આ આધારે પુસ્તકમાં નવ રસમાં જે નથી આવતો તે અથવા નવરસ જેમાં ડૂબી જાય છે તેવા પ્રસન્ન રસનો ધોધ પાને પાને આપણને પુનિત કરતો જાય છે.

તે કાળની પત્રોની પોથિકા દર્શાવતો એક પત્ર હમણાં જ મારા હાથમાં આવ્યો છે. આ પત્રોને સમજવામાં તે એક 'ગુરુ ચાવી' બનશે એમ માની તેમાંના કેટલાક ઉદ્ગારો અહીં ઉતારું છું.

> "મારું એક એક સૂત્ર અતિ અતિ મોંઘું છે. એની પાછળ અનેક સાધકોની ઝલિ વિવશ થયેલી આંખોના આંસુડાંનો ઇતિહાસ છે. એના પર કંઇક જીવનના અખતરાઓથી થયેલી રૂધિર શોષણ ક્રિયાના રક્તવાળુ ડાઘ છે. પણ જે જે વહાલા સાધકો ઉચ્ચ ભૂમિકામાં પ્રવેશ્યા છે, એને પ્રેમામૃતનો એની પેરે છંટકાવ થયો છે. એથી જ આજે એ સૌન્દર્યભર્યાં અને સ્વચ્છ દીસે છે. જેમ અમૃતને અક્ષયપાત્ર જ ઝીરવી શકે છે, તેમ મારા નિગૂઢ સૂત્રો નિસર્ગલક્ષી સાધક જ ઝીરવી શકશે; પચાવી શકશે. અને જીવનને નિતાંત રસમય રાખી શકશે.

માડું આશ્રક છે.

હું મારા વહાલીડા એવા પુત્રીઓને માર્ગદર્શન કરાવું; આસવાનું એમને જ છે.

વહાલા સાધો !

"હું બીજ આપુ તો તમો એ અંતઃ સ્રોતમાં વાવી એનું કરજો.

હું અસ્પષ્ટ આપું તો તમે એને સ્પષ્ટ કરજો
હું અપૂરું આપું તો તમે એને પૂર્ણ કરજો
હું કણ આપું તો તમે એને મણ કરજો
હું અલ્પ મધુર આપું તો તમે એને અધિક મધુર કરજો

× × ×

"મારા નિર્દિષ્ટ માર્ગે તમોને સર્વથા અભય છે. આવ્યા ા, પ્રિય વત્સો ! આવ્યા આવો !

તમોને ભૂલોને સ્થાને દિવ્યતા, અશાંતિને ઠેકાણે શાંતિ અને ર સંસારમાંય રહેલો શુભ સાર હાથ લાગશે. અને દોષિતો તથા ાપીઓના સાગરમાં પણ છુપાઈ રહેલા મહા રત્નો નજરે પડશે. પ્રત્યે ઘૃણા નહીં રહે, કોઈ પ્રત્યે વ્યામોહ નહિ વ્યાપે, સર્વત્ર ાર અને સમદૃષ્ટિ જ છવાઈ રહેશે. સર્વત્ર જ્ઞાન, પ્રેમ અને ંદનો વારિધિ ઉછળતો દેખાશે અને તમો રસ ભોગ થઈ જશો."

જેના કંઠનો શબ્દે શબ્દ મુખપત્તીથી ગળાઈ ગળાઇને બહાર ાનો હોય, તેવી પોતાની અત્યંત સંયમ શીલ વાણીએ આ ાં મુક્તધારાનું મધુર કલરવ કર્યું છે. તેઓ પોતે સંતોના અનુજ અને સંત-આલયથી જ પોતાને ઓળખાવે પણ છે. એટલે અહીં સમગ્ર સંતોના પ્રતિનિધિરૂપે શિલભક્તિના ઉત્તુંગ શિખરે

ચઢી સૌને નિર્ભય રીતે ચાલ્યા આવવાનું આવાહન ન આપતા હોય! એમ આપણને લાગ્યા વિના રહેતું નથી.

ઠેકઠેકાણે પત્રોમાં આવતાં 'સ્મરણ સરોજો' એ પોતાના ગુરુદેવ ચરણે ધરેલી શ્રદ્ધાની અર્ધ્યાંજલિ છે.

(૪)

' મુનિશ્રી સંતબાલજી દિવસે દિવસે રાજકારણ તરફ વધારે ઢળતા જાય છે' એવા ઉદ્‌ગારો અમારા ઘણા મિત્રોના મુખેથી સાંભળીએ છીએ. તેમને આ પત્રો જ જવાબ આપશે. જેટલું પાણી નિર્મળ અને સ્વચ્છ, તેટલું જ સ્પષ્ટ અને પારદર્શક પ્રતિબિંબ. પત્રોની શૈલીને જો આપણે હૃદયની શૈલી ગણતાં હોઇએ તો જુઓ આ પત્રો.

આ પત્રોના સંપાદક તરીકે હું મારી લાયકાત લેખતો નથી. આમાંના કેટલાક નિગૂઢ અને ચિંતનશીલ પત્રોને હજુ આજે પણ હું પૂરા સમજી શક્યો નથી. જેને આ પત્રો લખાયા છે, તેમાંના કેટલાક સાધકો અને મુ. પ્રિય મણિભાઇનો સાથ અને ઉત્સાહ ન મળ્યાં હોત તો હું આ કામ ન કરી શકત. હજુ બીજા કેટલાક પત્રો અમારી પાસે છે. તેને બીજા ભાગમાં પ્રસિદ્ધ કરવા માગીએ છીએ, પણ તે તો ભાવિના ગર્ભમાં છે!

વાત્સલ્યધામ-મઢી　　　　　　　　મનુ પંડિત

તા. ૧૫-૭-૫૮



અભિનવ રામાયણ

પ્રકાશક : નવજીવન પ્રકાશન મંદિર–અમદાવાદ.

મુનિશ્રી સંતબાલજી રચિત આ અભિનવ રામાયણ પુસ્તક કે જે સન ૧૯૫૮ માં મુંબઈ રાજ્યમાં [illegible] પ્રગટ થયેલાં પુસ્તકોમાં પ્રથમ પંક્તિમાં મૂકાયું છે આ અભિનવ રામાયણમાં કથા મૂળ તો છે તે જ છે. પરંતુ એમાં આવતી ઘટનાઓનું અર્થઘટન ગાંધીયુગની અથવા ગાંધીજીની વિચારસૃષ્ટિ અનુસારનું છે. આ પુસ્તક દરેક જિજ્ઞાસુ અને વિચારક પ્રેમીએ ખાસ વાંચવા જેવું છે.

કિંમત : અઢી રૂપિયા. ટપાલ ખર્ચ : દસ આના.



આદર્શ ગૃહસ્થાશ્રમ

(પાંચમી આવૃત્તિ)

(લગ્ન પ્રસંગે ખાસ ભેટ આપવા લાયક પુસ્તક)

ગૃહસ્થાશ્રમ એ માનવજીવનનો પાયો છે. બધા આશ્રમોનો એના પર આધાર છે. એ સરળ, સુખી અને સભર બને એ દૃષ્ટિએ મુનિશ્રી સંતબાલજીની કલમે લખાએલ આ પુસ્તક ગૃહસ્થાશ્રમમાં પ્રવેશનાર–પ્રવેશી ચૂકેલ એવી એકેએક વ્યક્તિએ વાંચવા જેવું છે.

કિંમત : રૂા. ૩–૫૦ ટપાલ ખર્ચ : અલગ

જીવન

દયા એ જીવન છે.

પ્રાણ એ માતા છે.

શક્તિ એ પિતા છે.

અને અન્ન એ દેહ છે.

આ જે જીવન જેનાથી બને છે અને વર્તે છે તે તત્ત્વો.

(૧) જીવનમાં વિવેક જ આધાર ખરું ને!

(૨) અને માતાના પ્રેમને અવગણાય નહિ, ખરેખર ને!

(૩) પિતાની શિખ અનુસરવી ન ભૂલાય, ખરું ને!

(૪) અને દેહના દેહનો દુરુપયોગ થવા તેમ કેમ ચલાય!

માતા, પિતા, દેહ અને જીવનનો જે સદુપયોગ કરે તે જ ખરો મનુષ્ય.

દયા, શક્તિ, અન્ન અને પ્રાણ એ ચારેને અપવિત્રતાથી બચાવી, જેણે જ પોતે ખરી શક્તિ પ્રાપ્ત કરી છે તે પુનિત થઈને પૂર્ણ થયો. એ જીવનની મર્યાદાની એક સર્વોત્તમ સેવા છે. આજ પણ સુરક્ષિત છે ત્યાં સુધી જ આનંદ સંભવ છે.

'સંતબાલ'

અભિનવ રામાયણ

પ્રકાશક : નવજીવન પ્રકાશન મંદિર–અમદાવાદ.

મુનિશ્રી સંતબાલજી રચિત આ અભિનવ રામાયણ પુસ્તક કે જે સન ૧૯૫૮ માં મુંબઈ રાજ્યમાં સંખ્યાબંધ પ્રગટ થયેલાં પુસ્તકોમાં પ્રથમ પંક્તિમાં લેખાયું છે. આ અભિનવ રામાયણમાં કથા મૂળ તો છે તે જ છે. પરંતુ એમાં આવતી ઘટનાઓનું અર્થઘટન ગાંધીયુગની અથવા ગાંધીજીની વિચારસરણી અનુસારનું છે. આ પુસ્તક દરેક જિજ્ઞાસુ અને વિચારક પ્રેમીએ ખાસ વાંચવા જેવું છે.

કિંમત : અઢી રૂપિયા. ટપાલ ખર્ચ : દસ આના.



આદર્શ ગૃહસ્થાશ્રમ

(પાંચમી આવૃત્તિ)

(લગ્ન પ્રસંગે ખાસ ભેટ આપવા લાયક પુસ્તક)

ગૃહસ્થાશ્રમ એ માનવજીવનનો પાયો છે. બધા આશ્રમોનો એના પર આધાર છે. એ સરળ, સુખી અને સભર બને એ દૃષ્ટિએ મુનિશ્રી સંતબાલજીની કલમે લખાએલ આ પુસ્તક ગૃહસ્થાશ્રમમાં પ્રવેશનાર–પ્રવેશી ચૂકેલ એવી એકેએક વ્યક્તિએ વાંચવા જેવું છે.

કિંમત : રૂા. ૩–૫૦

પદાર્થમાત્રમાં સ્થૂળ કરતાં સૂક્ષ્મ ભાવો અપાર છે; અનંત છે,
સ્વરૂપ અનંતતા પામ્યે જ સમજાય ! 'यः सर्वज्ञः स सर्ववित् ।'
શ્રુતિ વાક્યથી એવું ફલિત થાય છે.

એક બીજમાં વૃક્ષો કે એક કણમાં અસંખ્ય કણોની રહેલી
ત એ સૂક્ષ્મતાની અગાધતાનું સાક્ષાત્ ઉદાહરણ છે.

જેમ ઘડો એ કાર્ય હોય તો માટી એ એનું કારણ ગણાય.
દેહ એ કાર્ય હોય તો એનુંય કારણ તો હોવું જ જોઇએ ને !
કારણ તે સૂક્ષ્મ શરીર. જેને જૈનદૃષ્ટિ કાર્મણશરીર કહે છે.
જેમ માટી એકલાથી જ ઘડો બની શકતો નથી, પણ માટીના
દકામથી માંડીને ઠેઠ ચાકડા સુધીની અને પછીય ભિન્નભિન્ન આકારો
પછી જ ઘડો તૈયાર થાય છે. તેની વચ્ચે ગધેડો, કુંભાર, પાવડો,
દિ એ બધાં કારણોની અપેક્ષા છે. (આ બધાં કારણો નિમિત્ત
ાય છે) તે જ રીતે જીવનકાર્મણ શરીરને પણ યોની (ઉત્પત્તિસ્થાન)
માં સાથ આપનાર તત્ત્વ ઇત્યાદિની જરૂર પડે છે. પણ જેમ
ી સર્વ સ્થિતિમાંય પોતાનો ગુણ કાયમ રાખે છે, તે જ રીતે
ાત્માના સૂક્ષ્મ શરીરનું છે.

ત્યારે પ્રશ્ન એ રહ્યો કે જો કારણ અને કાર્યની પરંપરા ચાલે
મુક્તિ રહી ક્યાં ? એટલે જ કારણથી અતિરિક્ત એ મહાકારણ
યું. એ મહાકારણ તે આત્મા.

શ્રુતિઓ વારંવાર કહે છે:

' आत्मा वाऽरे दृष्टव्यो श्रोतव्यो मन्तव्यो चिन्ति सालि
य ईनी । '

પણ આત્માનું શિરછત્ર તો જોઇએને ! એટલે મહાકારણને બ્રહ્મ
કહેવાય છે.

એ જ બ્રહ્મના ઋષિઓએ ચાર પાદો વેદાંતમાં શ્રુતિ દ્વારા

સન્મુખ સદન,
રત્નાપુર.

વહાલા આત્મબાંધવ !

તમારા તાત્ત્વિક પ્રશ્નો ઉત્કટ જિજ્ઞાસાના પ્રતીક છે. પ્રત્યેક બુદ્ધિનું સમાધાન કરતા જ રહેવું જોઈએ. અન્યથા એ કોઈને કે પ્રબળ હુમલો કરી નાખે છે. પણ એટલેગીય કાર્ય સંપૂર્ણ બુદ્ધિનીયે શિર હોય છે સહજ સ્ફુરણા અને આ સહજ સ્ફુરણા જીવનના ઘડતરથી જન્મે છે.

જીવનનું ઘડતર એટલે જીવનમાં સત્યનું અવતરણ.

સમાધાન અર્થે સદ્‌વાચન, સુશ્રવણ કે પૂજન આવશ્યક પણ એની સાથે સાથે સાધક જીવનને લઈને ચાલે તો જ એ સાધક નીવડે. અન્યથા એ મેળવેલું જ્ઞાન મનોરંજન કે વિ સાધન માત્ર બની રહે।

હવે તમારા ઉત્તરો:–

(૧) પૃથિવી, પાણી, તેજ, વાયુ અને આકાશ એ મહાભૂતો કહેવાય છે. મહાભૂત એટલે મોટાં ભૂત એમ નહિ ભૂત એટલે થયેલું અને મહા એટલે વ્યાપક. એ બધાં તત્ત્વો એકથી વધુને વધુ વ્યાપક છે અને એક બીજાનાં કાર્યકારણ સ્વ

પૃથ્વી જળનું કાર્ય છે, જળ તેજનું, તેજ વાયુનું, આકાશનું અને આકાશ પ્રકૃતિનું.

(૨) દરેક પદાર્થનાં બે સ્વરૂપો હોય છે. એક સ્થૂળ બીજું સૂક્ષ્મ.

ચર્મચક્ષુઓથી પદાર્થમાત્રનાં જે સ્વરૂપો જણાય

પદાર્થમાત્રમાં સ્થૂળ કરતાં સૂક્ષ્મ ભાવો અપાર છે; અનંત છે,
સ્વરૂપ અનંતતા પાગ્યે જ સમજાય ! 'यः सर्वज्ञः स सर्वविद् ।'
શ્રુતિ વાક્યથી એવું ફલિત થાય છે.

એક બીજામાં ગૂથો કે એક કણમાં અસંખ્ય કણોની રહેલી
ત એ સૂક્ષ્મતાની અગાધતાનું સાક્ષાત્ ઉદાહરણ છે.

જેમ ઘડો એ કાર્ય હોય તો માટી એ એનું કારણ ગણાય.
દેહ એ કાર્ય હોય તો એનુંય કારણ તો હોવું જ જોઇએ ને !
કારણ તે સૂક્ષ્મ શરીર. જેને જૈનદૃષ્ટિ કાર્મણશરીર કહે છે.
જેમ માટી એકલાથી જ ઘડો બની શકતો નથી, પણ માટીના
દકામથી માંડીને ઠેઠ આકરા સુધીની અને પછીય ભિન્નભિન્ન આકારો
પછી જ ઘડો તૈયાર થાય છે. તેની વચ્ચે ગધેડો, કુંભાર, પાવડો,
દિ એ બધાં કારણોની અપેક્ષા છે. (આ બધાં કારણો નિમિત્ત
ાય છે) તે જ રીતે જીવનકાર્મણ શરીરને પણ યોની (ઉત્પત્તિસ્થાન)
માં સાથ આપનાર તત્ત્વ ઇત્યાદિની જરૂર પડે છે. પણ જેમ
ી સર્વ સ્થિતિમાંય પોતાનો ગુણ કાયમ રાખે છે, તે જ રીતે
ાત્માના સૂક્ષ્મ શરીરનું છે.

ત્યારે પ્રશ્ન એ રહ્યો કે જો કારણ અને કાર્યની પરંપરા ચાલે
મુક્તિ રહી ક્યાં ? એટલે જ કારણથી અતિરિક્ત એ મહાકારણ
ાયું. એ મહાકારણ તે આત્મા.

શ્રુતિઓ વારંવાર કહે છે:

'आत्मा वाऽरे द्रष्टव्यो श्रोतव्यो मन्तव्यो विजि सासि'
य ईनी ।'

પણ આત્માનું શિરછત્ર તો જોઇએને ! એટલે મહાકારણને બ્રહ્મ
કહેવાય છે.

એ જ બ્રહ્મના ઋષિઓએ ચાર પાદો વેદાંતમાં શ્રુતિ દ્વારા
ેલા છે.

(૧) વિરાટ (૨) હિરણ્યગર્ભ (૩) ઇશ્વર (૪) તત્પદનો લક્ષ ઇશ્વર સાક્ષી.

આ માત્ર એક આત્માની જ વિવિધ સ્થિતિઓ છે. એ જાણે સઘળાં દ્વારો ઉઘડી જાય છે.

'આત્માને ઓળખો' એ એક જ મૈયાનું મહામૂલું સૂત્ર.

× × ×

સન્મુદા=સાચી મોજ.

સદન=ભૂમિકા, બેઠક.

સાચી મોજની ભૂમિકાના લક્ષ્યે ઊડો એવું એ સૂચક છે.

મુદ્ ધાતુ પરથી **મોદ** અને મોદનો મોજશબ્દ થયો છે.

સારો માન મરતબો સ્ત્રી, પુત્ર, સ્નેહી સ્વજનો અને ધનમાં બસ, આટલામાં જ સામાન્ય રીતે મોજ જોવાય છે. જો કે આ ભૂમિકા કંઈ અસ્વાભાવિક નથી, પણ ભલા, એ ભૂમિકામાં સાચો સંતોષ ક્યાં સાંપડે છે? એટલે જ સાચી મોજ એ બધામાં નથી પણ બીજે ક્યાંક છે એમ સાધકને લાગે છે અને તે અન્ય પંથે પ્રયાણ આદરી દે છે. એ અન્ય પંથ બીજો કોઈ નહિ પણ **સત્યનો જ પંથ**

સ્વપ્ન સત્ય પણ છે, અસત્ય પણ છે. સત્ય એટલા માટે એ કાંતો પૂર્વની સ્મૃતિરૂપે અવચેતનામાં રહેલો સંસ્કાર બહાર આવે છે અથવા ભવિષ્યની આગાહીરૂપે કોઈ સંસ્કાર મૂકી જાય છે.

અને અસત્ય એટલા માટે કે એનો પાયો કેવળ વિશુદ્ધ ચેતના પર પ્રતિષ્ઠિત હોતો નથી.

બોલો ૐ શાંતિ.

સર્વત્ર સૌ શાંતિ પામો.

ૐ મૈયા

સન્મુદ્રા સદન,
રજાપુર
તા. ૧-૫-૩૭

વહાલાં સુહૃદય !

ચારિત્ર્યપ્રિય પતિનો પ્રેમ એ એક નારીહૃદયનું પરમ સૌભાગ્ય
. ભારતનાં આર્ય રમણી હૃદયને પતિભક્તિનો પૂર્ણ વારસો સહેજે
હજ ઉપલબ્ધ છે. એટલે આદર્શ પતિના આદર્શ સિદ્ધ કરવામાં
ને ઉણો ફાળો સંપૂર્ણ હોય એ માન્યતા સર્વાંશ સત્ય જ હોય;
ાતી પરે !

'અપત્યેચ્છા'નું સ્થાન પ્રત્યેક નારી હૃદયમાં હોય છે. અને એ
ાનું કોઈ એક કારણને આભારી છે. પરંતુ જ્યારે એ જ નારી
દય બ્રહ્મચર્ય શું ઉજળું અંગેય પોતાનું કરી લે છે, ત્યારે એ
દૈત્યનેત્રધારિણી અખંડ મૈત્રીનું ઓજસ સાધ્ય કરી લે છે. અને એ
જ પળે સફળ ભાસુડાં એ મિત્રને ખોળલે વાત્સલ્યરસના અમૃત
ારોગી આરોગીને મસ્ત બને છે. કેવી એ અપૂર્વ પળ! ભલા!
ાખાને મૂકી અણુને કોણ ચાહે! સર્વ વ્યાપકતા છોડી, એક પાત્રમાં
ુરાઈ રહેવાનું કોણ પસંદ કરે! સકળનો સર્વાંશ પ્રીતિરસ છોડી,
એક વ્યક્તિના મોહમાં કોણ બંધાય !

જેટલું કલ્યાણકારી હોય છે એટલું કઠણ પણ હોય છે. જે કે
કઠણ લાગે છે તે કંઈ વાસ્તવિક કઠિનતા નથી. પૂર્વની આદતને
ને પારાવાર અકળામણ થાય, મન મુંઝાય, બુદ્ધિ બળવો કરે, પણ
આખરે તો સત્ય એ જ સત્ય અને કૃત્રિમ એ કૃત્રિમ !

બ્રહ્મચર્ય એ નારીહૃદયને તો એટલું બધું સુલભ છે કે એ
ારે તો સર્વ કાંઈ કરી શકે! પ્રકૃતિમૈયાના એ હૃદય ઉપર તો ચારે
ાય છે. ભારતવર્ષમાં પતિભક્તિનો સર્વોચ્ચ વારસો જે સતીઓએ

હતી. બ્રહ્મચર્યાશ્રમની ચોકડી એમની જ ઓથે ખિલી છે. કૃષ્ણચંદ્ર અને સુદામા શા રત્નોને એણે જ વસુધરાને આંગણે પીરસી "बहुरत्ना वसुंधरा" વચનસિદ્ધિ સાક્ષાત્ કરી છે.

પુરુષને પ્રાપ્ત થયેલું બુદ્ધિનું સુંદર પુષ્પ જો માતાના ઉરની મીઠાશ અને નેત્રોનાં અમી સિંચન ન હોત, તો ક્યારનુંય કરમાઈ ચૂક્યું હોત !

જેમ સુરભિ અને મધુના નિમિત્તભૂત માતા હોય છે, તેમ જો એ માતાજાતિ અદ્ભુત આદર્શ ચૂકી જગતમાં પ્રવર્તતા અંધાનુકરણે મોહ સંબંધના કીચડમાં રગદોળાય તો એ પરમબુદ્ધિના પુષ્પને દુર્વાસિત પણ કરી જ શકે ! પરંતુ આપણ મહિલાઓમાં ક્વચિત્ ક્વચિત્ પણ પાકતાં રત્નોએ અદ્યાવધિ પોતાની ઉજ્જ્વળતા નેમ જાળવવા માટે બનતું કર્યું છે; એમ માનવું જ રહ્યું. ભક્ત રત્ન મીરાં એ જીવતું જાગતું ઉદાહરણ છે. રાણા સાથે એણે તાદાત્મ્ય યોજ્યું, પરંતુ એના સાચા પતિ તો રહ્યા યદુનંદન વીર શ્યામ ગિરિધર !

'मेरे तो गिरिधर गोपाल दूसरा न कोऑ'

કેવું એ મંગલ વચન છે ! એ પદની પાછળ ઉછળતો આત્મમય ઊર્મિઓનો રસઝરો કેવો શીળો અને શાંત છે ! સંસારની વચ્ચે રહેનાર સાધકદંપતીને મીરાંનું તો માત્ર નામામૃતે તનના તાપ અને મનના માલિન્ય નિવારવા માટે પર્યાપ્ત છે.

જેસલમાં પાતકપુંજ ને પવિત્રતાનો પુંજ બનાવનાર એ મા જાતિની જોડ બીજે ક્યાં સાંપડશે ? આજેય અંજારમાં માનવીએ જુદે જુદે સ્થળે સામસામે બનાવેલી બે કબરોને એ માડીરૂપ બનેલો દેહેય એટલું નથી સાંખી શકતો ! લોક વાયકા ચાલે છે કે, પ્રતિવર્ષે ચોખાભર બન્ને કબરો સામ સામે નિકટ આવે છે. એમાં શ્રદ્ધા

પૂર્ં આનંદમાંથી મળતી જગતના લાભ, ઘણી સંસ્કારના લાભ
અને વિશેષ જ ઉપયોગમાં લેવા યોગ્ય હોય છે. માનેલાને કે ક્રમના
આવું કરવાનો પ્રયત્ન કરવો તે કર્મ. સામાને જમડું એ જ
અજાણતી જોયું છે.

હોય અમે જે જોઈએ, આંખના અંદ, આમારો તો ખરૂ જ
અને જે જોઈતું જ તમારું ચિતરેલું મન હોય, અન્યથા મનુષ્ય
ઉન્નિત અભ્યાસો અનુભવનો અલ્પ જણાતી મૂકી છે. એટલી વેગથી
ખૂબ ઊંડું ચિંતવો, વિચારો, અવલોકો અને તમારી વિવેક બુદ્ધિ
તમોને શાનું દેખાડશે જ. જો તમે શાંતિ જ અનુભવામી રહો તો

'માનવ દેહ કેમ મળે નથી' આદર્શ સમજતાં જ તમે ઘણું
આનંદથી, ઘણી જખમોથી અને ઘણી મુંઝવણોથી બચી જશો.

અને વિશ્વની કુદરતી માટી વિના કેમ ટકી શકું ! માટી
ઉપરથી ઉંચકી અભિષેક કરે છે અને પાછો પાંગરેલા જોઈ એનું
હેતું કેવું દર્શિત થઈ નાખે છે અહા ! વાહવાહમો ! તમે શાંતિ જ
મારી બનેલ માટી જ કુદરતીનો સાચો માલિક છે. ત્યાં એ માલિક
પ્રભુનો કેવો સુંદર અનુપયોગ કરે છે ! પોતે કદી કશી ગુંદીને પુષ્પન
સૌન્દર્યનો લાભ ન કરે, એ તો ઠીક, પરંતુ અન્ય કોઈ આનંદનું
એવું કરે તો, એ દેખો એનું દિલ કેવું અનુભવે છે !

અહા ! કેવી એ પુનિત ભાવના ! જગતના રસિકોથી ભમરોને
એ આદર્શ શીખે છે કે, 'રસનાશ અને સૌન્દર્ય શિખા' ની ભૂખ
હાલે એવું જો કોઈ હોય તો એ છે માત્ર ઉર્ગી ચેતનવંતી ભાવના !
ભાવનાના સૌન્દર્ય આગળ અન્યત્ર દેખાતાં પદાર્થનાં અંગ સૌન્દર્ય
એ તો જાણે ચંદ્રકાન્તમણિ પાસે મૂકેલો કાચનો કટકો ! અહા કેવ
જેવી એને નિરખવામાં સમયનો વ્યય કરે !

આશો સર્વત્ર સૌ શાંતિ પામો

'[illegible]'

૮

સન્મુખ સદન,
રાજાપુર
તા. ૧-૫-૩૭

વહાલા બાંધવ.........!

નિસર્ગ મૈયાનું મંદિર એ તો છે અક્ષય સમૃદ્ધિના ભંડાર ભલા ! કલ્પતરુ પાસે જઈ કોણ કહે કે હું ભૂખ્યો છું ! અને એ રીતે પૂર્ણતા પાસે અપૂર્ણતાની માગણી કરાય તો ?

તમે આજે એવી ભૂમિકા પર છો કે એ ભૂમિકામાં રહેવું મ એના માલિક ચેતનને પરિતાપના જ સદેશ મોકલાવે ! ઉપાધિ, આ અને નિરાશાનાં દર્શન એ ભૂમિકામાં થાય જ.

ટૂંક જ સમયમાં એ ભૂમિકાને વટાવ્યા પછી એ પૂર્વની દશા તમોને જ આશ્ચર્યભર્યું તોય ગંભીર સ્મીત થશે !

અને ત્યારે તમોને અત્યારે જે દુઃખરૂપ ભાસે છે, તે જ કો સુખની પૂર્વઘડી સમુ બની રહેશે.

જ્યારે તમે જગત પાસે યાચના કરવા દોડો છો, ત્યારે તમા શ્રદ્ધા ઊલટો માર્ગ પકડે છે. તમારા પૂર્વકાળના વહેમ અને નિરાશા વાદળ ઉભરાઈ નીકળે છે અને તમે પ્રકાશ વિના મુંઝાઓ છે અને તમારી નિરાશાનું પ્રતિબિંબ તમે સર્વત્ર નિહાળો છે.

પણ જ્યારે તમારી શ્રદ્ધા અડગ બને છે કે "જગતમાં કોઈપ બળ મને દુઃખ આપી શકે જ નહિ !" આમ થતાં તુરત જ તે બળે તમારી પાસે દૂર દૂરથી સાચી સંપત્તિ ખેંચાઈ આવે છે અ તમો એક દિવ્ય પુરુષ બની રહો છો. માનવ જીવનની ધન્ય એ છે ધન્યનોય ધન્ય પ્રસંગ ! તમારી સમક્ષ એ જીવન અને જીવનનો પુરુષાર્થ બન્ને છે. કોઈએ એ બે અમર ચીજોને લૂંટી નથી

જ્યારે નિરાશાના વાદળને ભેદીને તમારા પુરુષાર્થનો સૂર્ય
નું કળાએ ખીલી ઊઠશે, ત્યારે તમારાં ચરણો ચુંબશે. અપ્રેમનાં
દર્શન થાય છે ત્યાં પ્રેમ અને અનાદરને બદલે આદરનાં પૂર
ઈ નીકળશે.

વહાલા બન્ધુ ! જે હૈયામાં કુદરતે સ્વયં વીરતા અર્પી છે એને
અને ખેદ શાં ? કાયરતાનો એક પણ (મનમાં) સંકલ્પેય વીર હૃદયને
ાજે, અસરેય ન કરે. બહારનું વાતાવરણ એ તો બાદલની છાયા
છે. એ કદી તમારાં આંતર ઉજાસને ન શોધી શકે. થોડો વખત
તમારો સંગ મીઠો લાગતો હોય તો માણી લેવા દો, એમાં તે શી
ત છે ? સંકટો કે ઉપસર્ગો તો કુદરત વીરને જ અર્પણ કરે છે
મણિચંદ્રકાન્ત મણિઓ તો વીરના મુગટમાં જ છાજે ને ?

પ્રહારો ગિરિ પર પડે છે; ફુલો પર નહિ !

પ્રિયતમ ! પગ જ સાવધાનતાની હોય છે, પછી તો સૌ કંઈ
જ રહે છે. ન ધારેલી સાધના સંપત્તિ આવી પડે છે પણ
રે એ પગ જે વીરે સંભાળી લીધો છે, સામી છાતી રાખી સકી
. છે, એ વીરને જ એ સાધન સંપત્તિ સાચી રીતે ફળે છે અને
સાધના સંપત્તિ વિલાસ તરફ ન ઢસડતાં જિજ્ઞાસુના, સાધકના
સન્માર્ગે એ વીરને દોરી જાય છે.

સર્વત્ર શાંતિ વિસ્તરો

'સંતબાલ'

१०

ॐ મેયા

સન્મુદામદન
મ્યુપુર
તા. ૧-૫-૩૭

વહાલા આત્મબંધુ!

શ્રીફળ, દક્ષિણાવર્ત શંખ અને એવી જ ઈતર વસ્તુઓ લો પરંપરાથી મંગલરૂપ ગણાતી આવી છે. રવિવાર અને હસ્ત, સોમ મૃગશિર્ષનો, મંગળ ને અશ્વિનીનો, બુધ ને અનુરાધાનો, ગુરુ ને પુષ્યનો શુક્ર ને રેવતીનો તથા શનિ ને રોહિણી નક્ષત્રનો યોગ એ યોગ જ્યોતિષશાસ્ત્ર અમૃતસિદ્ધિ યોગ કહે છે. રવિવાર ઉત્તરાભાદ્રપદ, ઉ રાષાઢા ને રોહિણી સ્થિરતાસૂચક અને ગુરુવાર અભિજિત્, હસ્ત, પુ ને અશ્વિની શીઘ્રતાસૂચક ગણે છે.

જૈનદષ્ટિ એ કેવળ મૌલિક વિજ્ઞાન દષ્ટિ છે. એને જે મુ પ્રતિપાદે છે તે ગણાય છે જૈન આગમો. જૈન આગમોમાં મૌલિકર સકળ બ્રહ્માંડનું તત્ત્વ ભર્યું છે. એમાંનું ઘણું નિગૂઢ છે. જે ક બહાર પ્રકાશમાં આવ્યું છે, એ તો માત્ર એનું બીજના બાળચંદ્રમા કેવળ બિન્દુ માત્ર છે. રહસ્યની ચાવી કેવળ અનુભવની તિજોરી છે, ઘરનું તાળું તૂટે કે સર્વ રહસ્ય પ્રત્યક્ષીભૂત થાય જ થાય.

સૂર્ય પ્રજ્ઞપ્તિ અને ચંદ્ર પ્રજ્ઞપ્તિમાં નક્ષત્રોને ખૂબ વિસ્તૃત ર આલેખ્યાં છે. પુષ્ય નક્ષત્રનું મહત્ત્વ તો ત્યાંય છે. ત્રીજા મુખ્ય પ્રાભૃત નક્ષત્રના અધિષ્ઠાતા દેવો, ગોત્ર ઈત્યાદિ સર્વ દેખાડ્યું છે. પુ નક્ષત્રનો ચંદ્રયોગની સમુહૂર્તનો બતાવ્યો છે. અને ખીરના ભોજન પથ્યતા સમજાવી છે.

વહાલા! લોક દષ્ટિનો મોટો ભાગ માત્ર બાહ્ય લક્ષી જ હે છે. ઊંડું ઉતરવાની ભૂમિકા જ્યાં સુધી પ્રાપ્ત ન થાય ત્યાં ર

શ્રીફળ:–શ્રીનો અર્થ સંપત્તિ થાય છે. સંપત્તિદર્શક કે સંપત્તિ
...ક ફળ તે શ્રીફળ. શ્રીફળનાં પ્રત્યેક અંગો સર્વથા ઉપયોગમાં આવે
. એનું જળ એ તો જાણે ભૂખી માવડીનું ધાવણ !

જગતની અંદરની પ્રત્યેક ઘટના, પ્રત્યેક પ્રગતિ અને પ્રત્યેક
...ાર્થની પાછળ નિસર્ગનો મહાનિયમ કાર્ય કરી રહ્યો હોય છે.

બાવળ અને આમ્રવૃક્ષ બન્ને છે...વનસ્પતિનાં બીજુકાં બાળુકાં.
...કને કાંટા એકને આંબા, કેમ ભલા ! આ ભિન્નતાને અહેતુક ન
...લ્પના ! તેની પાછળના કર્મના સનાતન કાનૂનો કાર્ય કરી રહ્યા છે.
...ે જ રીતે સર્વથા સમ થતા પદાર્થોમાં ક્યાંક અને ક્વચિત્ વિલક્ષણતા
...ય છે ! એ વિશિષ્ટતા હેતુપૂર્વક છે, નિયમપૂર્વક છે.

એકાક્ષી શ્રીફળની (ઈતર બીજા સજાતીય ફળોની અપેક્ષાએ)
...જે વિશિષ્ટતા છે, તે સકારણ છે અને એ જ કારણે દર્શનીય છે.

મંગલદર્શન–મંગળનું જનક !

જેમાં નવીનતા હોય એ દર્શનીય હોય જ ! પણ જે દર્શનીયતા
(દેખાય) આંખને ગમે અને હૈયું ખીલી ઊઠે તે વસ્તુ મંગળ ગણાય
...; ગણાવી જ જોઈએ. જ્યારે માનવી મંગળને જુએ ત્યારે એના
...રોમરોમમાં મંગળ ઉભરાય છે. મંગળ પદાર્થોને હમેશાં જોવાં–દર્શન
...ન નિમિત્તે–એની પાછળ એક એ હેતુ છે કે એથી મંગળતાનું
...ાન થાય !

મંગલતાને કેટલાક લોકો ત્યારે સફળ થયેલી માની લે છે કે
જ્યારે એને કંઈ સ્થૂળ લાભ મળે. વસ્તુતઃ એમ નહિ પણ એમ છે
... જે દર્શન, મનન, ચિંતન કે પૂજનથી ઉરની ઊંડાણમાં રહેલી
...નવીનતા, અમરતા, સુંદરતા માનવીને હાથ લાગે!...એ જ સાચો લાભ.

જે શંખ જળમાં જન્મી સૌન્દર્ય પામ્યો, લોકપ્રાપ્ય સ્વરને

વિકાસને માર્ગે પગરણ માંડવાનો વિચાર કરે છે, ત્યારે એની સામે સૌથી પ્રથમ બુદ્ધિના પૂર્વાધ્યાસો અને લોકાનુકરણની વૃત્તિ પોતાનાં શસ્ત્ર ઉગામે છે. એવા સાધકને સામાન્ય લોકોની જેમ અતિ ધનલોલુપતા કે અંધ સ્વાર્થ સતાવતાં નથી એ ખરું, પણ એ સ્થાન કુટુંબ, સમાજ અને રાષ્ટ્રની સેવાના મોહે લીધું હોય છે. અને એથી એ બીજા પ્રકારની અનુકરણ વૃત્તિમાં યોજાઈ જાય છે.

જે સેવા પાછળ ઊંડું ઊંડુંય મોહનું તત્ત્વ હોય તો તે સેવા સ્વ અને પર ઉભયનુંય હિત સાધવાને બદલે રોધે છે. એક નહિ; અનેક મહાપુરુષોની ભૂમિકાની આ અનુભૂતિ છે. વસ્તુતઃ સેવક અને સેવ્ય બેઉય સાપેક્ષ જ છે. માતાના વહાલસોયા ઉરમાં ભાવ ભરતી આવે અને બાળકને છાતી સરખો ચાંપી સુધા ચખાડે એ શું સેવા છે? એ તો છે વાત્સલ્યનું પ્રાકટ્ય.

સેવા એ તો જીવનની વસ્તુ છે. જીવનના વિકાસમાંથી સહેજે એ ઉદ્‌ભવી નીકળે છે. અને જેમ જેમ એ વિકાસનું ક્ષેત્ર વિસ્તરે તેમ તેમ એ સેવક સ્વાભાવિક જ કુટુંબ, સમાજ કે રાષ્ટ્રમાત્રનો નહિ પરંતુ સચરાચર વિશ્વનો (સેવક) બની ચૂકે છે. પણ "હું આમ કરી નાખું, મારાથી જ આમ થાય. આ બધા મારી બુદ્ધિ કે શક્તિ આગળ કેટલા બધા તુચ્છ છે!" આવી આવી જાતના મનોભાવ વિકલ્પો સાધકના વિકાસ દ્વારે રોકી રાખવામાં ઘણીવાર કારણભૂત થાય છે. ત્યાં જે તત્ત્વ હોય છે તેને મોહ કે વ્યામોહ કહેવાય છે. અભિમાન આવ્યું એટલે એ સાધક સમષ્ટિનું અવિભાજ્ય બિંદુ મટી એક માત્ર અલગ એવી વ્યક્તિ બની રહે છે. અને તે જ પળે જીવનમાં ઘોર નિરાશા હતાશતા, મંદતા, જડતા, ક્રોધ, અસૂયા ઇત્યાદિ આસુરી તત્ત્વો વિજય મેળવી જાય છે અને સેવાનું વિકૃતિરૂપ ઊભું થઈ પડે છે.

અમે તમારી બુદ્ધિથી કામ જે ઘેન કાપ્યું છે, એથી વધુ ઉન્નત ઘેરે કુદરતનો મહાનિયમ પહોંચાડવા [illegible] છે, ત્યારે આવે વખતે

અસમૃદ્ધ જેને કષ્ટ કે દુઃખ જેવું કહે છે, એવી અસરો દેખાતા
ના નહિ રહે. પણ એવી જ પળોમાં પેલો પ્રકાશ સાથ પૂરી, ટોચ
પી આગળ ધપાવશે. એક સમય એવો આવશે કે જ્યારે તમોએ
ક સારા જેવા અધિકારને મેળવી લીધો હોય! પરંતુ એ સમયે જ
ક પૂર્વાધ્યાસોનું મોજું તમારા મન પર હુમલો કરી અનેક વિકલ્પોના
રમોનો અનુભવ કરાવશે. તમો નિત્ય અને સર્વ હાલે એટલું યાદ
રવાનું ન ચૂકશો;" કે જે કંઈ બની રહ્યું છે તે બનશે એ નિયમ-
ર્વક, હેતુપુરઃસર અને વિકાસના એક અંગરૂપ છે." અને તમે
ને એક અંતઃકરણના કૈલાસશૃંગ ભીડી શકશો, વધી શકશો.

આ નિખિલ સૃષ્ટિનું સમસ્ત પરિચક્ર એક જ મહાકેન્દ્રને
વલંબી ચાલી રહ્યું છે. એ મૂળ નિયમના જ્ઞાનને મહાવિજ્ઞાન
હેવામાં આવે છે. સર્વ બાબાઓનું મૂળ એકમાં છે. સર્વ વિચારોનું
ળ એકમાં છે. સર્વ પ્રવૃત્તિઓનું મૂળ એકમાં છે. 'एगं जाणई से
व्व जाणई' 'य सर्वज्ञः स सर्वविद्' નો એ જ એક નિષ્કર્ષ!

વહાલા !

ભક્તિના રસપાન પછી, કદી કોઈ કાળે શ્રમ વેદાયો છે? નાનું,
ાડું, ગરીબ, તવંગર, ગામીજ કે સંસ્કૃત બધું ત્યાં સમાન બની રહે
. અને એ જ અમૃતની છાયા શું પત્રના ભાવાલેખનમાં તરવર્યા
િના રહી શકી છે? અંતરની ઊંડાણમાંથી સરતી એ રસોર્મિની
રણીને હિમાલયગિરિના શિખરોય કદી નહિ આંતરી શકે, નહિ થંભાવી
કે! અનેરી ખીણોમાંથી એ દીનેય એ પેલી પાર જશે જ જશે!
ને એ ગુલાબના પુષ્પને સિંચન આપનાર અમૃત વેલી તો એ જ
ને! એના વિના કરમાયેલી કળીઓ તો વસુધામાં સંઘરાઈ જાય
વહાલા!

પ્રિયતમ! અને એ વાડીનો વિમળ વાયુ એ કળીનેય ન સ્પર્શે તો
ન તો એ સૌન્દર્યને આંખનો સ્વાદ ભલા, દૂરસુદૂર રહેલી નાસિકાને

ક્યાંથી મળત ? અને એ જ પળે એ પથિક મુગ્ધ થઈ એ સુરભિનું સૌન્દર્ય બહાર કઢાવી એને ચૂંટવા જાય છે.

સૌન્દર્ય એ તો છે માત્ર નિરીક્ષણનો, વેદનનો, અનુભવનો વિષય. એને સ્પર્શીને ન ભોગવી શકાય ! સ્પર્શતા તુરત જ એ વદી ઊઠે છે કે "Beauty is to See not to Touch" કેવું એ દિવ્યતમ વિજ્ઞાન !

પત્રમાં સૌન્દર્ય મૂર્તિમંત છે. પરન્તુ વહાલા ! એ ભાષાના વાધાથી ન હોય. વાધા તો છે માત્ર આરસી. આરસીમાં દેખાતું પ્રતિબિંબ જેવું છે એ જ સૌન્દર્યમય છે, એ જ ઉપભોગ્ય છે, એ જ અભિવસ્થ છે. એ જ પ્રાપ્તવ્ય છે !

સર્વત્ર શાન્તિ વિસ્તરો

'સંતબાલ'

અસર આનરના ઊંડાણ સુધા, ચેતનાસ્તર પર્યન્ત પહોંચી શકતી નથી. આ ભૂમિકામાં એ સાધકનો આંતર આહ્લાદ સોતન્ પ્રવાહિત રહે છે.

શરીરત્યજન ધરવાથી આંતર પર ગ્લાનિ કે દર્દ જેવી કશી અસર નહોતી; આજેય નથી, એ કેમ નથી કે એવું શું છે! તે નિસર્ગમૈયા અને નાથ જાણે!

જીવન એ એક અમૃતનું વહેણું, અખંડ ઝરતું નિર્ઝરણું છે. અમર એવી અમર વેલડી છે, સદા સફળ એવું કલ્પતરુ છે.

જીવનના પ્રવાહને રેલતું ચૈતન્ય એ ગિરિશૃંગ છે. એ ગિરિશૃંગ વિશ્વની અનેક વરસતી વાદળીઓનાં રસબિંદુઓ સંઘરી એ સંચયને પુનઃ પુનઃ રેલાવે છે.

શરીરની સર્વ સામગ્રીનું અધિષ્ઠાન લબ્ધિસ્વરૂપ ચૈતન્યાકાર ચિત્ત છે. ચિત્તનું સ્વાભાવિક સ્વામીત્વ, પ્રાણ, મન, બુદ્ધિ અને સર્વેન્દ્રિયો પર અસર કરી શકે તો એ શરીરના સર્વ યંત્રો અને નાડીઓને યથાવસ્થિત રહી શકે એટલું જ નહિ, પરિવર્તન કરી શકે.

મગજના પાછલા ભાગમાં આવેલું નાનું મગજ એ સર્વ સ્થાનોનું કેન્દ્ર છે. સમસ્વરે ચાલતો પ્રાણવાયુ, અપાન, ઉદાન, વ્યાન અને સમાનને ધારણ કરી શકે. સમાધિસ્થ દશામાં મનનો વિલય કરી શકાય પરંતુ કાયમી પરિવર્તન માટેનો માર્ગ એ પ્રચલિત યોગની ભૂમિકાઓથી સહજ અભિન્ન અને તોય ક્રમે ભિન્ન છે.

કશુંક પ્રાગટ્ય છે એ એક ભૂમિકા અને સર્વ સમર્પણ એ દ્વિતિય ભૂમિકા.

સર્વથા આત્મવિલોપન એ છે સમતાયોગનું મૂળ મંડાણ. આ જ ભૂમિકામાં આહ્લાદ એ કેવી

દૃષ્ટિમાં 'સંવર' અને બુદ્ધદૃષ્ટિમાં 'નિરોધ' ગણાય છે. ગીતાદૃષ્ટિ
સાત્ત્વિક યજ્ઞની ભાવના પાછળ એ જ રહસ્ય છે.

ગાયત્રીજાપ, પ્રતિક્રમણ ઉપોસથ એ હેતુપૂર્વક હોવાં ઘટે.

પરંતુ કેટલાક સાધકો, એક તરફથી માગ કાઢે છે અને બી
તરફથી તીખા, કસાયેલા, ખાટા અને મિષ્ટાન્ન રસોને અતિવના
નાખે પણ છે. આ ક્રિયા તો મોટા ધોધને હથેળીથી થંભાવવા
થઈ. તે જ રીતે ચિત્ત વિશુદ્ધિની ક્રિયા વખતે ઇતર વિકલ્પો
એ, એક બારી બંધ કરી, મોટાં દ્વાર ખુલ્લાં રાખવા સમુ થાય
આગળ જતાં આવા સાધકોને સફળતા ન મળતાં કંટાળી પાછ
છે પણ એમાં ક્રિયા દોષ નથી, લક્ષ્યદોષ છે. આટલું પ્રત્યેક
સાધકો અવધારે! અને લક્ષ્યની શુદ્ધિ પહેલાં સાધે.

આજના માનવસમુદાયના મોટા ભાગની સાધના-ભૂમિકા
લાલસા અને ભોગ ચિંતાથી ખરડાઈ ગઈ છે. સર્વ દુઃખ
સમજણનો અભાવ છે. સમજણ થતાં સહેજે એને સર્વત્ર
સામગ્રી અને સાનુકૂળતાનો ત્રિવેણી યોગ જામે છે. ને સાધ
ઝીલી, રસતરબોળ બને છે અને બનાવે છે.

ચાલો ૐ શાંતિ.

'સંતબા

ૐ મૈયા

સન્મુખ સદન

સ્થાપુર

તા. ૧-૫-૩૭

પ્રિય આત્મબાંધવ!

વિશ્વમાંના અનંત ચૈતન્ય પ્રવાહ કે રસબિંદુમાંથી, જે કંઈ સાધકને સાનુકૂળ થાય તે જ અને તેટલું જ ઝીલી જ્ઞાનને અખિલ રાખવું. એ માપના જ્ઞાનની અતિ આવશ્યક વસ્તુ છે, તે ન ભૂલાવી જોઈએ.

પ્રેમના ઉદધિનિધિના કુબેર સમા સાધક! કેવળ પ્રેમ, પ્રેમ અને પ્રેમ જ અપાય, બીજું કશુંય નહિ.

કોઈની વ્યક્તિગત સ્થૂળ જીવનગપ્પી જોવામાં અમૂલ્ય સમયને, કિંમતી પળોને ગુમાવવી સાધકને ન પાલવે. કેવળ ગુણ, ગુણ ને ગુણ જ સાધકની દૃષ્ટિ તો દેખે. અને સાધકની સ્મૃતિ એને જ ભંડારમાં ભરે, બાકીનાને દૂર કરે!

× × ×

નાક અને મોં અતિસ્વચ્છ રાખતાં અંદરનું મુખ્ય આંતરડું અને બીજાં આંતરડાંઓ ગતિમાન રહી ખોરાક સહેજે પચી જાય છે અને શરીરમાં રોમ અને ત્વચાનો મેલ દૂર કરતાં છિદ્રો વિશુદ્ધ થઈ વિમલ વાયુને ગ્રહણ કરી ફેફસાંને સ્વચ્છ રાખે છે. આમ થવાથી અંદરના ભરાયેલા મળો કાઢવા માટે શરીરને જે તાવ, ઉધરસ અને શ્લેષ્માદિ કાર્ય કરવાં પડે છે તે પીડા પતી, શરીર શુદ્ધ અને સ્વાસ્થ્યપૂર્ણ રહે છે. તેમ નિંદના અને ગર્દણાપૂર્વકની આલોચનાની ક્રિયા

દૃષ્ટિમાં 'સંવર' અને બુદ્ધદૃષ્ટિમાં 'નિરોધ' ગણાય છે. ગીતાદૃષ્ટ
માનિક થવાની ભાવના પાછળ એ જ રહસ્ય છે.

ગાયત્રીજાપ, પ્રતિક્રમણ ઉપોસથ એ હેતુપૂર્વક હોવાં ઘટે.

પરંતુ કેટલાક સાધકો, એક તરફથી મન કારે છે અને બી
દ્વારથી લીધા, કમાએલા, ખાટા અને મિષ્ટાન્ન ભોજનોને અતિરેક
નાખે પણ છે. આ ક્રિયા તો મોટા ઘાવને દર્પેણથી ઢાંકવા
થઈ. તે જ રીતે ચિત્ત વિશુદ્ધિની ક્રિયા વખતે બહાર વિકલ્પો
એ, એક બારી બંધ કરી, મોટાં દ્વાર ખુલ્લાં રાખવા સમું થાય
આગ્રહ રાખતાં આવા સાધકોને સફળતા ન મળતાં કંટાળો પાછો
છે પણ એમાં ક્રિયા દોષ નથી, તજવીજ છે. આટલું પ્રત્યેક
સાધકો અવધારે ! અને હૃદયની શુદ્ધિ પહેલાં સાધે.

આજના માનવસમુદાયના મોટા ભાગની સાધના-ભૂમિકા
લાલસા અને ભોગ ચિંતાથી ખરડાઈ ગઈ છે. સર્વ દુઃખ
સમજણનો અભાવ છે. સમજણ થતા સહેજે એને સર્વત્ર
સામગ્રી અને સાનુકૂળતાનો ત્રિવેણી યોગ જામે છે. તે સાધ
રીતી, રમતરમતમાં બને છે અને બનાવે છે.

સાધો ૐ શાંતિ

'સંતબા

મન્મુરા મહત,
રણપુર
તા. ૧-૫-૩૭

પ્રિય આત્મબંધુ!

(૧) ઘણા સાધકો શરીરપર બળાત્કાર કરતા હોય છે. "શરીર નશ્વર છે. બધું નાશવંત છે સંબંધો મોહનાં બંધનો છે." આ જાતની ધાર્મિક રૂઢિજન્ય માન્યતાઓની અસરનું એ પરિણામ છે

(૨) બીજો વર્ગ એવો હોય છે કે સાધના માર્ગમાં પદાર્પણ કર્યા પછી તેનાથી ભારેનું ગભરાઈ જાય છે અને શરીરચિંતા એમની ચર્ચાનો મુખ્ય વિષય બની રહે છે. આમ થવાનું કારણ શરીરનું ટકવું, એ અમુક જાતના પૌષ્ટિક, અપૌષ્ટિક પદાર્થ પર છે, એ જાતની ભાવનામાંથી જન્મ્યું હોય છે. વાસ્તવિક રાજમાર્ગ આ બેની પર એવો મધ્યમ માર્ગ છે કે જે સાધકને ઠેઠ ત્રીજા સાક્ષાત્કાર સુધી ઉપયોગી છે. અનિવાર્ય આવશ્યક છે.

શરીરનો પૂર્વાભ્યાસ, નાડી પર થતી અસર અને પ્રાણના ક્રમરાથી બચવા યોગ્ય સંયમ, કડક સંયમન રહેવું ઘટે.

ધીમે ધીમે નવીન બળ અને પૂર્વરોધ થતાં સાધકને આંતર સ્ફુરણા જેવું ભાસવા લાગે છે. યોગનું સુસંધાન થશે, ચિત્તની અખૂટ સમતા, અદમ્ય ઉત્સાહ, સર્વ સ્થિતિમાં રસમયતા, ધૈર્ય, સંતોષ, શાંતિ, સાવધાનતા એ બધાં સાધનો આવી રહે છે.

આ સમયે જે એ માર્ગ છે, વાસ્તવિક રીતે તો સમતા યોગના સ્તંભ છે તે સમર્પણ, આત્મવિલોપન.

આત્મવિલોપનનો પાયો સર્વથા નિર્ભીક અડોલ છે. આત્મજ્યોતિનો પ્રથમ અને દ્વિતીય સાક્ષાત્કાર સાધકમાં રસમયતાની ઝરણી વહેતી કરે છે.

એ જ્ઞાન પ્રસાદનું જગમાં સ્વાભાવિક વહેવું એ જ સેવાનો માર્ગ છે.

અન્યથા સેવામાં ખેલખેલો સાધક થંભી પડે છે. વાસ્તવિક રીતે તો સેવ્ય અને સેવક એ ભેદ જ આ ભૂમિકામાં હોતા નથી, કિંતુ એ કેવળ આત્મ સંવેદ્ય છે, અનુભવ્ય છે, વાણીથી અગમ્ય સર્વથા અગમ્ય છે.

પ્રભુ ઊર્મિઓનું મહત્વ વધેર્યું જો ક્રિયા ધર્મ સ્વધ ને જ ૧. ૨૧ અને ૫૨ ઉજવણી!

જગતનું દુઃખ સેવકના અભાવથી છે એમ નહિ. સેવક ભાવનાના અભાવથી છે એમ પણ સંપૂર્ણ નહિ! એ છે એક વસ્તુના અભાવે જે કેવળ વેદનાનો વિષય છે; વચનનો નહિ. કોઈપણ સત્તા, કોઈ પણ વાતાવરણ, કોઈપણ પરિસ્થિતિ, કોઈપણ દેશ, કોઈપણ કાળ, કોઈપણ ક્ષેત્ર અને કોઈપણ સાધન વિહીનતાની ઉણપ એને રોકી શકતી નથી.

સર્વત્ર શાંતિ વિસ્તરો

'સંતબાલ'

ॐ પ્રિયા

સન્મુદ્રા સદન,
રણાપુર
તા. ૧-૫-૩૭

વહાલા સાધક !

માનો કે એક દુકાનના વહીવટદાર તરીકે તમે યોજાયા છો
બીજો એક મિત્ર તે જ દુકાનમાં બીજા વ્યવસાયમાં પ્રવૃત્ત છે. તમારું
કાર્ય બુદ્ધિનું બીજાનું કાર્ય શરીરશ્રમનું. એણે તમોને શેઠ એવી કંઈ
સૂચક સંજ્ઞા આપી દીધી. જુઓ, હવે જ્યારે એ શેઠ શેઠ કહે
બોલાવે છે ત્યારે તમારા માનસ પર વૃત્તિ જન્ય ચોક્કસ સંસ્કારો પડે
એ જામતાં જામતાં રૂઢ થતા જાય છે. બોલો હવે તમો એ મિત્ર સા
પ્રથમ જેટલું હૃદય ખોલી ભેટતા એટલું હવે ભેટો છો ! ભલા ત
કોણ રોકે છે ! ચા...લો આગળ હવે તમો એનાથી ઘણે દૂર
એની સાથે વાતચીત કરતા કોઈ તમારો 'સમોવડ' જુએ તો
તમોને કંઈક જાણે ન્હાનપનું ભાન થતું હોય એમ લાગે છે.

એકદા અકસ્માત બન્યો અને એ અકસ્માતથી એણે જ તમો
સ્પર્શીને બચાવી લીધા તે જ ક્ષણે તમોને એમના પ્રત્યે સન્મા
ઉત્પન્ન થયું. તમે વચ્ચેનું બધું જાણે ક્ષણભર ભૂલી ગયા હો ત
ભેટ્યા, ઉરે ઉર ભીંસીને ભેટ્યા અને તમોને એક અદ્ભુત આહ્
થયો. આ થોડી ક્ષણે તમારા ચિંતનમાં મંથન ઉત્પન્ન કર્યું
તમોએ હવે દૃઢમનથી એવો સંકલ્પ કરી નાખ્યો કે હવેથી મ
હૃદય એને સમર્પી દેવું. જરાય ભેદ ન રાખવો. આ સંકલ્પ કરી
ઘેરથી નીકળ્યા. વચ્ચે અનેરી મુંઝવણો પછી દુકાને પહોંચ્યા.
મુખ નિરખ્યું. તમારી ઊંચી ગાદી અને બીજા માણસો સામે
અને તમો એ મિત્રને ઉરથી ભેટનાં અટકી ગયા ખરું કે ! અ
નામ તે પૂર્વાધ્યાસ.

એવી એ મા છે. જિંદગીનું ભાન જ્યારે થયું ત્યારે જ ભગવાન-
સ્વરૂપ લાગી. આજે જ્યારે પુરાણિકોના વચનોમાં જે દેવ ભજાય છે,
તે ખૂબ કલ્પિત હોય છે. એવાં ભાવ કહેતાં, ઘણા ઉપરાંત થતાં
તે ભગવાન, કુટુંબ, ભાઈ બહેન અને ઉપરાંત પેઢી મનની મૂરતનું
તે સીમીને કોઈ જ ભલે ઘણાં જ ન ઊગે ત્યાં સિન, મન, બુદ્ધિ
અને હૈયાં અનુભવ્યાં તે. એ ભાવ કોણી જ આપે! અહીં
તત્ત્વ ભાવનાં વસ્તુ સમજાવું એટલે તુરત જ સિદ્ધાંત પેસતું માત્ર
છે. ભગવાન અને ભાવના કલ્પી જણાવવો માત્ર સિદ્ધિ લાગે છે.
અને એ પ્રકૃતિ હૈયાના પ્રતિ માટીને અન્ય ભાવના નિવેદન કરી રહ્યો છે.

વહાલી મૈયા!

વહાલી મૈયા! અહીંયાં એ સાચું જ અદ્ભુત પ્રતીક છે, આ એ
માતા છે. જેણે એ પ્રકૃતિથી જણેલા હતી ત્યારે એ માટીથી
કરી બની છે.

જનની પ્રકૃતિ અને જન્મેલા બાળકોનો તાદાત્મ્ય સમજાય છે.

માતાના સ્તનો છે વાત્સલ્યામૃતનો અખંડ સ્ત્રોત, જે પીને જ
ભગવાન ભગવાનનું અભિમાન અને ભાવ હૃદયનો સર્વોત્તમ
અધિકાર પામ્યા છે.

માતાનાં ચરણો: એ તો છે ભક્તોની જ ભાવ. શિવજી ક્યારે
જેણે મોહિત ભાગ્યમાં વર્ધમાન એ અમી પીને તો થયા વિકાર શિવ
થઈ અને અતિ વિશ્વવંદ્ય મહાદેવ.

માતાનું મુખ એ છે દિવ્ય સૌંદર્ય અને પ્રતિભાનો પુંજ. એ
સૌંદર્ય અને પ્રતિભામાં ભગવાન સ્વામીની નજર નિમિત્ત બને છે.
એ તપો તે જ જન્મજન્મથી ન ઓળખાતાં નયનોમાંથી હું તુરત જ એ
આત્મારામ ભાગવતીને મારું હૈયું થઈ ગયું છું અહો, કેવો એ
અલૌકિક સ્વાદ!!! માતાનાં સ્તનના અમૃતનો સ્વાદ માગે જગ,
ત્યારે કે બુદ્ધિ નથી ચાખી શકતાં. એ સ્વાદ તો કેવળ માનું બુદ્ધિ
હૃદય જ પામીને જગતને અમૃતથી તરબોળ કરી મૂકે છે, ત્યારે જ
મારે મન આ જગત અમૃતમય બની રહે છે.

માતાનાં નાભિ અને નિતંબ એ તો છે યોગનાથે યોગની આધાર શિલા. ભગવાન રામની યુંજાન યોગિના અને ભગવાન કૃષ્ણ ચંદ્રની યુક્ત યોગિના એનાં ચરણો ચુંબે છે.

ધરણી મૈયા પવિત્રી છે, જનની મૈયા એ પવિત્રીનેય પવિત્રી કરે છે. પૃથ્વી માતા ક્ષમાશીલ છે. જનની મૈયા તો ક્ષમાના મેરુગિરિના શિખર રોચ છે. ગંગાનીયે ગંગા છે.

બ્રહ્મોનાંય સર્જન સ્થાન, ઓ ચક્રેશ્વરી! તને કઈ રીતે સાંપું અષ્ટદલ કમલધારી ઓ મહાલક્ષ્મી! તારી ઉપાસનાની ઇચ્છા માત્ર થતાં પ્રાણની કામના કેવળ ધ્વસ્ત થાય છે. ઓ અદ્‌ભુત કેશપાશ અને રોમાવલી રૂપ પીતાંબર મયૂર વાહિની મા સરસ્વતી! તને શું અર્ધ્ય ધરું ?

માતાનાં ઉદર અને જઘન એ તો છે નરરત્નોનો રત્નાકર ભગવાન બુદ્ધ દેવ અને મહાત્મા ગાંધી જેવાં રત્નો એમણે જ પ્રસવ્યાં છે. એ મોક્ષના મોતીઓનું વિરામ સ્થાન જનેતાનું ઉર જ હતું. એ શુચિ અને શાન્ત રસથી ભરપુર છે! બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ જનશે એ જ પ્રતીક! શૃંગાર, રૌદ્ર અને બીભત્સ રસને શાન્તરસમાં પરિણમાવનાર ઓ ભાગવતી મૈયા, શક્તિના આધાર સ્થળ! તેં નિર્ગુણ અને સગુણ પદનો સુમેળ સાધ્યો છે ને! ભગવાન શ્રી રામાને વારંવાર અવતારના રૂપક ધરવાનું મન કરાવનાર ઓ મોક્ષની મોક્ષભૂમિ! તને સાદર સાષ્ટાંગ પ્રણામ હો!!! ભગવાન શંકર વાસનાને ભસ્મ કરી પામેલી ભવ્ય પ્રસાદી ભસ્મ વિભૂતિ પ્રતિદિન પ્રત્યેક અંગે ચોળે છે! ધન્ય હો! ધન્ય હો! જગત જનની પાર્વતી સ્વરૂપ માતની જનેતા!

એ માતાનો અંક એ તો છે વસુધાનું વૈકુંઠ અને ઊર્ધ્વ અક્ષરધામ! હિમાલાને ઉચ્ચતર શિખરે ઉભેલા દેવોય એ ગોદ વાંછે છે! અહો અભિનો! પરમાત્મા ઈશ્વર કે આત્મા જેવા અનેક

ર! તારા અંકે આ શિર સહેજે ઝૂકી પડે છે; અને એ જ પળે
દૃ આ ચેતન અમરતા અનુભવે છે.

માતા, માતા! જ્યારે જ્યારે આ શરીર એ અંકે પોઢે છે ત્યારે
રે આ જીવાત્મા ત્રિવિધતાપને તો શું? દેહના ભાનનેય ભૂલી જાય
, અને આ બુદ્ધિ પણ તર્ક વિતર્કથી કેવળ નિર્વિકલ્પ શાન્તતા
છે. અને આ દેહમાં રાજનું મન છેક જ વિલય પામે છે એ
મેશ્વરી! તું જ મારા આત્માનું અને અંતરનું આદર્શ અને અમર
તિબિંબ છો. તું જ મારા આશાભર્યા દિલ ડાઘ ધુવનારી ને તન તાપ
તારનારી નર્મદા, ગંગા, યમુના અને સરયૂ છો. તારાં અધર ને
યૂગ અને વદનને સુધાકરની ઉપમા પેલા ચેતનને ઝંખે રે આએ
તા અલૌકિક દૃષ્ટાંત કવિઓ! આપે છે તે યથાર્થ જ છે!

ચંદ્રમાની શીળી છાયા તો છે, તારી શીળી છાયાનીયે છાયા
ત્ર. રામના કપોલ પર તારી સજાતિ સ્વરૂપ મૈયા કૌશલ્યાજીના
બને અને પ્રેમળ કરાલિંગ ને જ અમૃત ભર્યું. અને માડી!
અમૃત પીને જ એ રામ, સાચો રામ; સૂર્યવંશનો સૂર્ય બન્યો
ને ત્યારે સવૈશ્વના લોક સમ્રાટનાં ય શિર એ ચરણે ઝુકી પડ્યા!

વાહ વિભુવરી! તારી પ્રસન્નતાનું એક માત્ર પાત્ર ક્યારે બનું?
રી સકળ સામગ્રી તારે પાદ કમળે પાથર્યા પછી જો કંઈ જગતમાં
ભિલાષા જેવું શુભ તત્ત્વ હોય તો એ એક જ છે મારો મોક્ષ, મારાં
ર્ગ, મારો યોગ, મારી સિદ્ધિ અને સમૃદ્ધિ સાધના જે કંઈ કહું
તું જ એક માત્ર મારું સર્વસ્વ છે. તારાં ગંભીર છતાં મંજુલ
મન માત્રમાં જાણે હું ભૂતકાળના સકળ જીવોનો સાક્ષાત્કાર કરતો હોઉં!

ઓ મૈયા! તારાં શુચિસ્મિત વરસાવ! વરસાવ! એ અખંડધારામાં
ળ સુધાની જ નહિ, સુધાનીય સુધાની લહેજતનું ભાન થાય છે.

મા; તારી છાયા એ જ છે મર્ત્યલોકનું કલ્પતરું! તારી વાણી
જ છે માનવ લોકની મંગલ સ્વરૂપ કામધેનુ! ઓ પરમેશ્વરી!
અને તારું આંતર સ્વરૂપ આનાથી અભિન્ન જ છે. તોય તારા

સ્વરૂપમાં આ મન, મતિ અને પ્રાણના પૂતળાંઓ છૂટે છે. એનામાં દિવ્યતા ભરવા માટે જ તું નારી સંતતિ શરીરમાં આ માનવી ભાવના આરોપ્યું છું અને તેથી મા, તું જે નર આપની હો એટલી હજુ તારા અને મારા વચ્ચે ભિન્નતા રહી હોય તો હું પાછરો કાણી એટલું જ માત્ર માગું છું કે માતા! નારી સકળ જાતિ કે જેને તેં તારા સ્વરૂપનો સ્થૂળ આરોપ કરી પ્રતિનિધિ બનાવી મોકલી છે તો અમારી પુરુષ જાતિ પર એ કરુણાદષ્ટિ વર્ષાવ કે જેથી અમો પુરુષ નરકિ કહેવાતાં ચેતન પૂતળાંઓ નર અને નારીના સ્થૂળ શરીરની પેલે પાર વિલસતા તારા ચેતનવંતા સાચા સૌન્દર્યને નીહાળીએ, માણીએ અને અમૃત બનીએ અને સર્વત્ર અમૃત પાથરીએ.

× × ×

પૂજ્ય મુનિદેવોને આવા અજાત સ્થળમાં અનુકૂળ હોય તો અને આંતરિક ભાવનાએ પ્રકૃતિ મૈયાનાં મંદિરિયાં આકર્ષતાં હોય તો, એક, બે કે ત્રણ કે જે કોઇને અને જેટલાં પૂજ્ય રત્નોને પધારવું હોય તે પધારે. સંતોના પુનિત પગલાંનાં ચરણરજનું સૌભાગ્ય એ તો છે પરમાત્માની ઉરકૃપાનું સરોવર! પધારવું કે ન પધારવું એ પરમાત્માના પ્રસાદ ઉપર અવલંબિત છે. એ પરમાત્માની પ્રેરણા અભીષ્ટ હશે તો એમ બનશે જ અને એ તો શિરસાવદ્ય જ હોય ના! વહાલા!

આ દેહને કશીયે અગવડતા નથી. સર્વત્ર જાણે એ પરમાત્માનાં સાકાર સ્વરૂપમાં પ્રેમ, પ્રેમ ને પ્રેમ જ દેખાય છે. ભક્તિ મૈયા તો ઠેરઠેર પોતાનો પુનિત ખોળો કુબેર શા ઉદાર હૈયે પાથરી રહી છે. પરંતુ વહાલા!

"જાગે મૈયા અંગનો,
ઉપયોગ ન ઉપભોગ"
સર્વત્ર શાંતિ વિસ્તરો.

'સંતબાલ'

ॐ મેધા

સન્મુદ્રા સદન,
રણાપુર
તા. ૧-૫-૩૭

પરમ પૂજ્ય આત્માર્થી મુનિ પુંગવ ચરણે !

વહાલા ! પ્રથમ જાગરિયાન પછી સદગતા. જ્યાં કઠિનતા ભારી
છે, ત્યાં જ વહાલા, શુચિને સરળતા ભાસે છે.

નિયમો કે જે કેવળ મૌલિક હોય છે. એ ઉર્ધ્વ દશામાં તો
ર શી ગરજ સારે છે. વિશ્વવાટિકાનાં અનેક પુષ્પો જેમાંથી
ન પામે છે એ રસબોધ કેવળ સ્ફટિક શો સ્વચ્છ અને નીર શો
 હોવો ઘટે. એ પુનિતના જ જગતના સાધક પથિકોનું અમોઘ
 શું પાથેય બની રહેવું ઘટે.

પ્રિયતમો ! દેહ સાધનની સર્વથા નિયમિતતા પરમના મહા-
ને આધીન વર્તે છે જ. આપ ઉરશીપિયૂષ વાદળીઓ જે
ને અખંડ વૃષ્ટિ સિંચી રહે છે, તે જગત તો સભર જ હોયના !
!

વહાલાંઓ ! આપ સૌ એ જ પરમજ્યોતિનાં પ્રતીકો છો !
 વિના પ્રભુ ! દીપક શા ? દીવેલિયાંની જ્યોત ઘરનાં આંગણાં
 છે. મહાદીપકની જ્યોત પ્રકૃતિ મૈયાના અવનિ બ્રહ્માંડ શાં
ણાં અજવાળશે ! ! !

બોલો સર્વત્ર સૌ શાંતિ પામો.

સન્મુદા ૨
રણાપુર
૧-૫-૩

પરમપૂજ્ય ગુરુદેવ !

વહાલા વિભુવરને ચરણે સપ્તાદ ભાવ રસનિધિ. નર્મ નીતરતી એક જ અંજલિ.

(આશાવરી બંગાલી લય)

ઓ રસના !
પરમ સુખધામ રામ નામ જપના !! (ટેક)
સકળ મનોરથ સિદ્ધ કરન હૈ, હરત બિઘન અપના
......જપના...ઓ...રસના
પરમ સુખધામ રામ ..રામ...રામ...રામ
રામ...નામ...જપના
કુટિલ કલંકિત દિલ અંધ અંકિત પુનિત સરલ શરણા
ઓ રસના ..
ધ્યાન યોગ પુનિ તત્ત્વજ્ઞાન ગુનિ યોગ સહજ ક્ષપના
સુયશ આરામ...રટ સિયારામ.
સુયશ આરામ...રટ સિયારામ.
શુચિ રસપાન બના.
'સન્મુદા' સુદગ જપન જ્યોત જગ રામન તિમિર સુપાના
જપના......
હાં રસના......
પરમ સુખધામ રામ...રામ રામ રામ નામ જપના.

ગુરુ પાદાંબુજે પુનઃ પુનઃ શ્રી હરિ ૐ
સાનુશય વંદન
સર્વત્ર શાંતિ વિસ્તરો

'સંતબાલ'

ॐ મૈયા

સન્મુદ્રા સદન,
રણાપુર
તા ૮-૫-૩૭

વહાલા સાધક !

સનાતન હૃદય એ તો છે સનાતન ચેતનનાં શુચિ દર્શન ! માં ભાસતી વિચિત્રતા એ તો છે માત્ર સાધક ઉરનું આભાસિત ેત્રિંબ ! વહાલાંઓ ! પરસ્પર હૈયાંની સાંકળ સાંધી આલિંગો, ાઓ ! વૃત્તિના તાંડવ નૃત્યમાં નાચવા કરતાં નિસર્ગમૈયાના અંકે યનું અધિક પ્રેયતર છે. શ્રેયનું પ પ્રેયતમ છે.

(૧) અમૃત જીવનના વહેતા પ્રવાહને પૂર્વાધ્યાસોના પૂરથી ના મો. કેવળ શુભ્ર દૃષ્ટિના વિશાળ સાગર પ્રતિ સદાય અખંડ વહેવા વહેવા દો.

(૨) ભલા ! ઉરની વહેતી ગંગામાં અશુચિસ્પર્શ શોભે ? એ ા તો અશુચિનેય પુનિતતાના પુંજથી સભર કરી દે, પરંતુ જિજ્ઞાસુ ેનું તો એ જ એક કર્તવ્ય છે કે જે મલિન સત્ત્વને વેગળું કરી ી જ એનો સંગ કરે !

વહાલાંઓ ! પ્રલોભનના પાશથી સદાય ચેતતા રહો ! મૈયાની ર તરફ તમારાં ચાનક શાં નેણલાં, સતત ખુલ્લાં રાખો ! પરમાત્માને ઓ તમારાં સર્વ કર્મોની સફળતાનાં સ્વાર્પણ કરો ! તમો ખરેખર ંકર ભામની આફતોથી છેક જ મુક્ત થશો.

અને...અને તમો અલ્પ મટી મહાન બનશો. અહંકારની સાંકડી ોમાંથી છટકી તમારું ચૈતન્ય અનંતનો મહાસાગર બનશે.

તમારી કામના, વાસના અને લાલસા કેવળ દિવ્ય આહ્લાદનું મ થઈ જશે.

ૐ

સન્મુદ્રા સદન.
રાણપુર
તા. ૮-૫-૩૭

વહાલાં......!

શ્રેય હો ! અખંડ આનંદ રહો !

કલ્યાણને મંગલતણું, મંગલ મનોહર નામ છે;
જ્યાં રામ ત્યાં આરામ છે, ને સાધનો ય તમામ છે.

મહાવીર, કૃષ્ણ કે રામ એ તો માત્ર એક જ ચેતનની અનંતતાનાં વિવિધ સ્વરૂપો છે અને એ સ્વરૂપની પાછળ વિવિધ અને ભવ્યતમ આદર્શો છે. જ્યારે વિશ્વનું હૃદયપુષ્પ સંસારના મોહતાપથી સંતપ્ત થાય છે કે કરમાય છે ત્યારે એ આદર્શનો ઉદ્ભવ, અમૃતનું સિંચન કરી અને નવપલ્લવિત કરી મૂકે છે! અને એ જ હૃદય પુષ્પ પોતાની સુવાસ, ભાવનાના વહેતા આંદોલન અનિલથી, સંસારને પ્રેમ, પ્રેમ ને પ્રેમની સુગંધથી ભરી દે છે.

પ્યારા ! રસના, જીભને માત્ર એ જ સ્વાદમાં મ્હાણતા દો ! કાનમાં એ જ એક પવિત્ર ધ્વનિ ભરવા દો ! તમારા સુંદર શરીરે એ જ ભાવનાનો સ્પર્શ થવા દો ! તમારાં લોચનિયાંમાં એ જ અમૃત ઝગવા દો ! તમારી નાસિકાને એ જ સૌરભ સુંઘવા દો !

ખરેખર, તમે ભ્રાંતિથી ભ્રામનાં સંકોચથી છૂટી જશો, તમારાં બંધનો ખરી જશે, તનો આગ્રાદ અને આમોદ બનશે.

શ્રદ્ધા એ જીવનનું રસાયણ છે. હિમ્મત એ બીજું દિલનો વીરત્વ છે. બસ એ જ્યાં છે, ત્યાં ચેતન હરિનો વાસ છે જ અને એ... વહાલો જ્યાં હાજર છે ત્યાં શું કમી છે ! એને જ ચરણે રહો !

ચાલો પ્યારા સૌ શાંતિમેં રહો.

ૐ શાંતિ

સંતબાલ

ૐ મેરા

સન્મુખ ભવન,
ચેનપુર
તા. ૮-૫-૭૩

વહાલા જિજ્ઞાસુ હૃદય !

આ વિશ્વની પ્રત્યેક પરમાણુ અને પ્રકૃતિ પાછળ એક નિયમ
, સદાનિયમ પ્રવર્તી રહ્યો છે. જન્મમરણરૂપ ને વિવિધિમોનું
ભોગ કર્મોના અચલ કાનૂનને વશવર્તી છે. પ્રારબ્ધ, પુરુષાર્થ,
, નિવૃત્તિ અને કામનાની પંચપુટિકા એ જીવનનું રહસ્ય છે.
ી જાણુએને સમજ રાખનારી જ એકલ વિરમે છે; વિરમે છે.

ગુલાબની કળીએ કળીએ કેવાં અજબ સૌન્દર્ય છે ! એનું જીવન
ણનું જ ભલે કાં સૌન્દર્ય અને રમતો ગુણ ન હોય ! એ પુષ્પ
નિસર્ગધારાનું ઉત્તમ ચિત્રણ પૂરું પાડે છે !

'જીવન એ તો છે કેવળ જગતમાં ચોમેર સુવાસ ભરવાનું
ન ! જે ડિલિયાંથી રસ ચૂસે છે અને એ અનેરાં પીપીલિકાયથી
નું કરીને પુનઃ એને જાણે પીરસી દે છે.'

પ્યારાંઓ !

બસ વિકસિત કરી મંદવાનું વાય તો કરી લેરાવીય ફુંકાય !
ી ચીઝાટી ગુલાબમાં રશ્મિઓ રેડને સ્પર્શે તો કરી વિરારનાં
નસમય તાગે જ પડે !

ખારું, ખાટું, ગોળું, તીખું અને કડવું બધું જ રસમય છે કોઈ
ને તરછોડો ના ! સૌની સન્દેશ જમાવટ કરો !
પ્રેમનાં અમૃત પીઓ, અને પરખો માંડી પડીઓ !

સર્વત્ર શાંતિ વિસ્તરો.

સંતબાલ

ૐ પ્રિયા

સન્મુદ્રા સદન,
રણાપુર
તા. ૮-૫-૧૯

વહાલાં સરળહૃદય !

આવો, આપણ સૌ અભિન્ન છીએ. 'જેનું તેને' બસ એ એક જ લક્ષ્યે સૌ આહ્લાદીએ, આનંદીએ.

(૧)

આવો, આવો ઉરથી ઉર આલિંગીએ,
આલિંગન આ દિવ્યસુધાનો સ્રોત જો,
પી પી પ્રેમળ રસ ચેતન આનંદતાં !
વહાલાં ! વિલસે આતમ જ્યોત અનંત જો...આવો.

(૨)

ગાજી, બોલી, ચોજી પ્રભુથી પ્રેમળાં !
ભાનુડાં પિયુડા સૌ [illegible] જો,
[illegible] આત્માનાં ફૂલડાં !
[illegible] મકરંદ જો...આવો.

(૩)

વર્ણ, વર્ગ, કુલ, ધર્મ નાત ને જાતડી !
ભાંત ભિન્નતા, દેહ વેશ [illegible] જો,
રોગી, ભોગી, [illegible], [illegible], [illegible],
[illegible] મંગળ એક જો...આવો.

આવો...આવો...ઉરથી ઉર આલિંગીએ.
[illegible]

[illegible]

ॐ मैया

સન્મુદા સદન,
રણુપુર
તા. ૮–૫–૩૭

પરમ વંદનીય આત્માથી મુનિ પુંગવોને પુનિત ચરણે !

વહાલા ! પદેપદ પ્રેમના અમૃતથી ઉભરાઈ રહ્યાં છે. સંત એજ વસુધાનો ઉજ્જો અલંકાર છે. દેવોને દુર્લભ એવા ત મંદિરિયામાં એજ એક અજોડ આકર્ષણ છે.

જે ભૂમિ આવા પુનિત ચરણસ્પર્શથી પાવન થઈ રહી છે, તે ભૂમિ એ તો મર્ત્યલોકની વિમળ શી ગંગા છે.

પૂજ્ય પ્રભુ ! પ્રેમ, પ્રેમ ને પ્રેમ એ જ પુનિત પથનું પિયુષ ય છે. સકળ બંધનોમાંથી મુક્ત કરનારી પરમાત્માની પ્રસાદી છે. સર્વ દ્રવ્ય, સર્વ ક્ષેત્ર અને સર્વકાળથી અતિત થઈ ઊંચા ને તર ચેતન પ્રદેશમાં ઊડનારું ગરુડ પક્ષી છે. દૂર સદૂર એ તો સ્થૂળ દૃષ્ટિનો જ વિષય બની શકે ! પ્રિયવર ! પ્રેમના મહા–માં સૌ નિકટતર છે, સૌ અભિન્ન છે, સૌ એકરસ છે. ફાડીની ના હજારો કોશ. એ જ પ્રભુ ! દિવ્ય વિમાનનું પગલું ! પુરાણુમાં રાજાનું વામનાવતારમાં દોરેલું રૂપક કેવું રહસ્યમય છે ! દિવ્ય–નોની વાયુથીયે વેગભર ગતિ પ્રેમનાં આંદોલનો આગળ હારે છે.

અખંડ વહો વહાલાં ! એ પ્રવાહને સૃષ્ટિના વ્યાપક પ્રદેશમાં ા દો ! ! ! સતત વહેવા દો ! ! ! અવનિમાં અમર સુખ લાવનારૂ જ એક સદ્દૂત છે. ચતુર્થ આરાની ભવ્ય સામગ્રી એના દેદારમાં સી રહી છે !

સર્વત્ર સૌ શાન્તિ પામો.

સન્મુખ ભવન,
રામપુર
તા. ૮-૫-૩૩

વહાલા આત્મબાંધવ !

જોનાર હમેશાં આપણો એ પ્રતીતિ પૂરે છે, કે એ દેહ એટલા 'અન્તર્ભૂમિ' નીચે.

(૧) માતૃભક્તિ અને પિતૃભક્તિ એ કુદરતમાંથી જીવનવિકાસના મુખ્ય સંબંધો છે.

(૨) નમ્રતામાંથી હાથે મ્હાં પ્રભે ચાવું, એ આરોગ્યથી અન્ન સાધવાનું સાધન છે.

(૩) એટલે ભાગો સાથે અંતર એટલાય કે જે ભાગો ઉપયોગી હોય !

(૪) હાથ, પગ, કે મસ્તક એવાં નિરોગ હોય કે જે સન્માર્ગે દોરે.

(૫) જેમ મુખ જીભનું ભાગથી રસ ભરાઈ રહે છે ને શરીર-રક્ષણ કરે છે, તેમ મુખ જીભનું બોલવું, વધુ હિતકર છે

(૬) આંખથી એવાં ચિત્રો જોવાય કે જે સેવા, પ્રેમ, સંતોષ અને પરોપકાર તથા ભક્તિનું ભાન કરાવે.

(૭) કાનથી એવું સાંભળવું કે જે જીવનમાં કામના સારે.

(૮) વાણીથી એવું બોલવું કે જે સાચું અને જ્યાં મીઠું હોય !

(૯) 'અપમાં' એને કહેવાય કે જે વાતમાં કેવળ વાણી કે જે મુખથી જ બોલાય છે તેનો ત્યાગ થયો હોય ! એ અપમાંથી બહુ દૂર રહેવાથી ઘણી ઉપાધિઓ ટળે છે.

સર્વત્ર શાંતિ વિસ્તરો.

સંતબાલ

બીજી બાજુથી પૂર્વાધ્યાસનું પ્રબળ મોજું ધસી આવે છે અને તમે એને દૂરથી નીહાળવાને બદલે એમાં ભળી જાઓ છો. અને જે પળે તમને દુઃખના સંયોગો ઘેરી વળે છે. તમે મુગ્ધ બનો છો અને એથી જ આસક્તિથી દુઃખને અનુભવો છો.

યાદ રાખો ! જે પળે એ એક જ મહાનિયમને આધીન તમારાં સકળ કર્મો અને સકળ પુરુષાર્થ થઈ જશે. તેજ પળે સર્વત્ર આનંદ મંગળ જ વર્તાશે ! ! ! એનું જ નામ ધર્મ. ધર્મ એટલે શ્રમણ ભગવાન મહાવીર દેવ ' वत्थु सहावो ' કહે છે એ જ. એ મહામંગળ છે.

વ્હાલા ! એક આત્મજનનું સાધના શરીર અસ્વસ્થ થતાં તમારું સેવાભાવી હૈયું તરત જ દોડી જાય છે ખરું ! અને તમો તન્ન એકધારી સેવા કર્યા કરો છો. એમનાં દુઃખ વેદના જોઈને અંતર લાગણીમાં એક ઘેરું શું વેદન–અનુકંપા તમારે દિલે પણ થઈ જ જાય છે. કેમ ! આનું જ નામ તે સહજ અનુકંપા. પણ વારુ, એ દુઃખ અને નિકટ સંબંધીના અસ્વાસ્થ્યથી થતું દુઃખ એ બે વચ્ચે કંઈ ફેર છે !...

હા...છે. અને ત્યારેજ હવે તમે ફરીથી વિચારો. એ ફેર તે કયો ! શાનો અને શા માટે !

આ કેવળ વાણી જ નથી, અનુભૂતિ છે. તમો એને એ રૂપે પ્રથમ ગ્રહો, પછી વિચારો. વિચારતાંજ તમોને કંઈક એક નવીન જાતની વિલક્ષણતા ભાસશે અને જે પળે એ નવીનતાથી આકર્ષાઈ તમારી જિજ્ઞાસુ બુદ્ધિ આગળ વધશે, અવલોકશે, કે તુરત જ એક અનુભવનું અણમોલ રત્ન પામશો, એ રત્ન તમારા જીવનવિકાસનું એક દીપક શું અજવાળું બની રહેશે !

પ્યારા ! મહાસાગરનાં મોતી તો મોંઘાંજ હોય ને ! મરજીવા બન્યા વિના એ કાંઈ પમાય ! અને વહાલા ! અકસ્માતથી મળી જાય

બીજી બાજુથી પૂર્વાધ્યાસનું પ્રબળ મોજું ધસી આવે છે અને મો એને દૂરથી નીહાળવાને બદલે એમાં ભળી જાઓ છો અને જ પળે તમને દુઃખના સંયોગો ઘેરી વળે છે. તમે મુગ્ધ બનો છો ને એથી જ આસક્તિથી દુઃખને અનુભવો છો.

યાદ રાખો ! જે પળે એ એક જ મહાનિયમને અધીન તમારાં કળ કર્મો અને સકળ પુરુષાર્થ થઈ જશે. તેજ પળે સર્વત્ર આનંદ ંગળ જ વર્તશે ! ! ! એનું જ નામ ધર્મ. ધર્મ એટલે શ્રમણ ભગવાન હાવીર દેવ ' **वत्थु सहावो** ' કહે છે એ જ. એ મહામંગળ છે.

વ્હાલા ! એક આત્મબન્ધુનું સાધના શરીર અસ્વસ્થ થતાં મારું સેવાભાવી દિલડું તરત જ દોડી જાય છે ખરું ? અને તમો તત એકધારી સેવા કર્યા કરો છો. એમનાં દુઃખ વેદના જોઈને ંતર લાગણીમાં એક ઘેરું શું વેદન–અનુકંપા તમારે દિલે પણ થઈ જાય છે. કેમ ! આનું જ નામ તે સહજ અનુકંપા. પણ વારુ, ે દુઃખ અને નિકટ સંબંધીના અસ્વાસ્થ્યથી થતું દુઃખ એ બે વચ્ચે ંઈ ફેર છે ?...

હા...છે. અને ત્યારેજ હવે તમે ફરીથી વિચારો. એ ફેર તે ગો ? શાનો અને શા માટે !

આ કેવળ વાણી જ નથી, અનુભૂતિ છે. તમો એને એ રૂપે થમ ગ્રહો, પછી વિચારો. વિચારતાંજ તમોને કંઈક એક નવીન જાતની વિલક્ષણતા ભાસશે અને જે પળે એ નવીનતાથી આકર્ષાઈ તમારી જિજ્ઞાસુ બુદ્ધિ આગળ વધશે, અવલોકશે, કે તુરત જ એક અનુભવનું અણમોલ રત્ન પામશો, એ રત્ન તમારા જીવનવિકાસનું એક દીપક શું અજવાળું બની રહેશે !

પ્યારા ! મહાસાગરનાં મોતી તો મોંઘાંજ હોય ને ? મરજીવા બન્યા વિના એ કાંઈ પમાય ? અને વહાલા ! અકસ્માતથી મળી જાય

તો આકસ્મિક મળેથી વસ્તુમાંથી શું મેળવાય ? જે મીઠા
વખતે ભોજનમાં મળે છે તે વહાલા પેટપૂર ખાધા પછી
ક્ષુધા એજ જિજ્ઞાસા.

જિજ્ઞાસા વિના જ્ઞાન નથી.

પિપાસા વિના પાનની હ્હેજત શી ?

પુનઃ પુનઃ સ્મૃતિમાં ધારો કે,

જે કંઈ થાય છે, તે મહાનિયમને અનુસરીનેજ થાય
તમો તમારા પુરુષાર્થને, તમારી પ્રાપ્ત સામગ્રી વિકાસ
અવધારી ઉપયોગ કરો અને ફળની ચિંતાથી સર્વથા મુ
તમો અને તમારા સકળ સંબંધ ઉપરાંત સકળ સાધ
નિરાબાધ રહેશે. તેથી તમારા જીવનનું એ અમૃતબિંદુ જીવન
અમૃતથી છલોછલ ભરી દેશે અને ક્ષણે ક્ષણે થતાં નિ
શોકથી મુક્ત થઇ તમો આધ્યાત્મિક મરણને સ્થ
જીવનપદ પામી જશો. માર્ગ વિકટ નથી આવો.....

ચાલો સર્વત્ર સૌ શાંતિ પામો.

સંતબાળ

ૐ મૈયા

સન્મુદા સદન,
રણાપુર
તા. ૮-૫-૩૭

વહાલા સાધક...!

મૈયાને ચરણે એકપણ ક્રિયા અહેતુક નથી અને અફળેય નથી.
દિની આંખે કદાચ સફળ ભાસે તો ત્યાંજ સફળના છુપાયેલી છે.
સ્વાર્થી', નિષ્કપટી અને નિરાભિમાની સેવકનું દિલ એ હમેશાં
ભોગ જ રાખે છે.

ઉત્સાહનાં અમૃત અને પ્રસન્નતાના વાયુની મંદમંદ લહેરો
ચેજ રહે છે. વ્યવહારિક બુદ્ધિનાં કાટલાં એ કદાચ બરાબર ન
ય! સર્વ શ્રદ્ધાનું પાત્ર એ બની શકે તેટલી ઉન્નત ભૂમિકા નથી.
ટલે વ્યવહારિક ઉચાટ શી! સર્વથા એનેજ સર્વાર્પણ, આ અને
શ્રદ્ધાળુ સેવકને કદી સાધનોના તોટાએ મુંઝવ્યો નથી. અણધાર્યાં
ગો, એજ મેળવી આપે છે, કે જે મહાનિયમને હાથ સાધકનું
મસ્ત જીવન, એક કોમળ દડા સમું ગેલ કરી રહ્યું છે.

દેવને, પ્રભુને, ગુરુને કે પરમાત્માને શરણે જે અર્ધ્ય ધરવાનાં
તે દેખાતાં અન્ન કે જળનો'ય.

(૧) કોઈપણ બાળકનું દિલ ન દુભાય, આ વિશ્વવાડીનું
ક પણ ફૂલડું સાધકના તાપથી કે બાફથી ન કરમાય એની પૂરતી
ભાળ રહે! રાખો!!

(૨) સૌના સ્વાત્મભાવે અખંડ મેળાપના આદરો સૌનાં ઉર
થે ઉર મિલાવો. એજ ઉપાસ્યની પૂજા છે. એના નૈવેદ્યમાં જ
ડીનું વહાલસોયું હૈયું નાચે છે. એજ એનો ધૂપ છે, દીપ છે અને
મ સામગ્રી છે.

(૩) ક્રોધને આધીન કરવાના જ્ઞાનમંત્રો બેઃ-સેવા અને શ્રમ. શાં વાચનનો એજ સાર. પ્રેમમય સેવાનું કાપનરૂં જે સુભાગીને હાથ લાધ્યું, એને કદીએ ક્રોધ નહિ વ્યાપે! પરમાત્માના ચૈતન્ય વારસાનાં જ્ઞાનમાત્ર હકદાર છે. તમો 'પાવરહાઉસ' હો તો બેટરીમાં પાવર પૂરો. તમે એનાથી જ છો, એ તમારાથીજ છે. પરસ્પરમાં તેજો વિનિમયે જ તમે મોટા ગણાઓ છો. સૌ તરફ સમતા ભરી આંખે નીહાળો, અને તમો તેજપણે અમર બની જશો.

(૪) કોઇ સત્તા અને સત્વેસા મંત્ર, યંત્ર, તંત્રમાં ન ભરમાશો! એ બધાં તો જડપુતળાં. તમારી શ્રદ્ધાનું ચૈતન્ય જ સૌને સચેત બનાવે છે. તમારી દૃષ્ટિ એ તરફ કરો. ક્ષણભર મારું માનેલું ભૂલો કે તુરત અખૂટ ખજાનો હાથ લાધશે.

(૫) તમે જ્યારે ક્રોધને વશ થાઓ છો, ત્યારે તમે મટી બીજા બનો છો. બીજાપણાને ધારણ કરવું કે ન કરવું એ તમારા હાથની વસ્તુ છે. તમે ધારશો તો તમે તમારામાં રહી જ શકો. તમે માન્યું છે કે સુખ અને દુઃખ પદાર્થના સ્થૂળ રૂપમાંથી આવે છે અને જ્યારે સાચું તત્વ ભિન્ન છે. છતાં તમો એટલું ઊંડુ ન વિચારતાં સ્થૂળ પદાર્થમાં એનો અભાવ જુઓ છો અને તુરત તમે લાલપીળા બની જાઓ છો. જ્યારે તમને સેવા અને શ્રમની ધૂન લાગશે ત્યારે તમો માનવહૃદયની ઊંડાણમાં પેસી જશો અને તમારું આંતર ઉઘડશે. જ્યારે એ ઉઘડશે ત્યારે તમો એના શરીર તરફ ન જોતાં એની ચેતનતા તરફજ નીહાળશો અને ત્યારે આજની ક્ષુલ્લક દૃષ્ટિ ટળી એક ઉચ્ચતર ભવ્ય દૃષ્ટિ તમોને સાંપડશે અને ત્યારે જ તમો સમજશો કે માનવજીવન કેટલું દિવ્ય અને ભવ્ય જીવન છે!

તા. ક:-

(૧) જે ક્ષણ અધિન છે તેને ભાવિ ક્ષણોની ચિંતામાં કાં વેડફો છો વહાલા! જે હાથ છે તેનો લ્હાવો લઇ લો, 'આજનો લહાવો લીજીએ રે કાલ કોણે દીઠી છે!

તમારી ખોપરીની કીમત કેટલી બધી ! એ ખરીદનાર કોણ ? એજ તમારો આત્મા. વારુ, કેટલી બધી એણે કિંમત આપી હશે ! જ્યારે આટલી કીંમત છે ત્યારે એવા કીમતી પાત્રમાં તો માલ પણ તેવોજ શોભેને ! સોનાના પાત્રમાં છાણ કોણ ભરે ! એમાં તો પવિત્ર ને સ્વચ્છ વસ્તુ જ છાજેને ! સદ્વિચાર જેવી જગતમાં બીજી કોઈ સ્વચ્છ વસ્તુ નથી. મગજમાં તો એને જ મૂકાય. બીજું જે કંઈ વાયુમંડળમાંથી આવે તેને તો દૂર જ રખાય !

(૬) જેમ પવિત્રતાની વૃદ્ધિ માટે, તેવુંજ ભરાયેલી મલિનતાને દૂર કરવા સંબંધીમાં પણ તૈયાર રહેવુંજ જોઇએ.

(૭) એ મલિનતા પૂર્વે જ્યારે તમે નહોતા સમજતા ત્યારે ગફલતથી ઘૂસી ગઈ છે. તેટલાજ માટે તમને વિચારશક્તિ અને વિવેક બુદ્ધિની સ્વાભાવિક ખીલવટ મળી છે કે જેથી એ દ્વારા તમો મલિનતાને કાઢી એને સ્થાને બીજી પવિત્ર વસ્તુ મૂકી શકો !

ॐ શાંતિ

સંતબાલ

(૩) તમે બ્રહ્મચર્યાશ્રમમાં હો ત્યારે તમારે એ આશ્રમનું સંપૂર્ણ પાલન કરવું ઘટે. બ્રહ્મચર્ય એટલે બ્રહ્મ–આત્મા તરફ પ્રયાણ કરવું તે એ પ્રયાણ કયા પગે થાય, તે તો તમો જાણોજ છો! એનું પ્રથ પગથિયું તે બ્રહ્મચર્યપ્રિયતા.

(૪) ગયા સપ્તાહમાં ઇન્દ્રિયોને જગતું કહેવાઇ ગયું છે. હં તમો એને ચિંતવો, સાથે એટલું ફરીથી ચિંતવો કે આત્મા એટ શું? તમો એને આજે નથી જોઈ શકતા એમ ભલે હોય. એની ફ ફીકર ન કરો. વાયુને તમે જોઈ નથી શકતા, પણ એને સ્પર્શથ પરખી જરૂર શકો છો. તેમ તમારા બાળ કુસુમશા કોમળ મનમ જે ઉચ્ચ સંસ્કારો અને ઉચ્ચ વિચારોનું પૂર આવે છે તે ચેતનતી આત્માની કેવી સચોટ પ્રતીતિ છે વારુ? તમે જ્યારે બિછાનામાં પોઢ સુખનિદ્રામાં ઝુલતા હો છો ત્યારે તે હાજર રહી તમારી કે અખંડ સેવા બજાવે છે? વાયુમાં ઉડતું બારીક કણુસલું ય તમાર કીકી આગળ પેસી ન જાય એ માટે મટકું મારવાનું કાર્ય કેવું સત જારી રાખે છે! અહો! કેવી એ ચેતનની અદ્ભુત સેવા છે! ત ખાઓ ત્યારે અને શ્વાસ લો ત્યારે એ બન્ને નળીઓ ભિન્નભિન્ન હોવા છતાં જરાય ભૂલ ન થાય એ માટે એ કેટલી બધી કાળજ રાખે છે? અને એણે તમારા આખા શરીરમાં મજ્જાતંતુનું કે મશીન ગોઠવ્યું છે કે તમને જરાક કંઇક સ્પર્શે કે તુરત તમારા રોમ કંપી ઉઠે છે? ચાલો, આવા ચેતનની સેવા લેનારે એનો કેટલો ઉમદા બદલો આપવો જોઇએ વારુ?

(૫) આટલું હંમેશાં યાદ રાખવું કે આ જગતના નાના મોટા બધા પ્રાણીમાં પણ એ ચેતન છે જ. માત્ર ફેર છે, તે વિકાસ ઉપર નિર્ભર છે. તમો તો થયા માણસ અને માણસમાંય પૂરા માનસવાળા–પાંચ ઇન્દ્રિયથી પર્યાપ્ત એવા માણસ ખરું? તમારી આંખનાં રેસાં કેટલાં કાર્ય કરે છે? હજુ કોઈ મશીન એવું સતત જાગૃત અને બારીક બન્યું નથી. એનું તો અગણિત! એ તો ભરપું ન મજાવ!

તમારી એપરીની કીમત કેટલી ઓછી ! એ ખરીદનાર કોણ ? એજ તમારો આત્મા. પણ, કેટલી ઓછી એને કિંમત આપી છે ! જ્યારે આટલી કીમત છે ત્યારે એવા કીમતી પાત્રમાં તો માલ પણ તેવોજ રાખીએ ને ? સોનાના પાત્રમાં છાણ કોણ ભરે ? એમાં તો પવિત્ર ને સ્વચ્છ વસ્તુ જ છાજેને ? ચારિત્ર્ય જેવી જગતમાં બીજી કોઈ સ્વચ્છ વસ્તુ નથી. મગજમાં તો એને જ મુકાય. બીજું જે કંઈ વાયુમંડળમાંથી આવે તેને તો દૂર જ રખાય !

(૬) જેમ પવિત્રતાની વૃદ્ધિ માટે, તેમજ ભરાયેલી મલિનતાને દૂર કરવા સંજોગોમાં પણ તૈયાર રહેવુંજ જોઈએ.

(૭) એ મલિનતા પૂર્વે જ્યારે તમે નહોતા સમજતા ત્યારે અજ્ઞાનતાથી ઘૂસી ગઈ છે. તેટલાજ માટે તમને વિચારશક્તિ અને વિવેક બુદ્ધિની સ્વાભાવિક બક્ષિસ મળી છે કે જેથી એ દ્વારા તમો મલિનતાને કાઢી એને સ્થાને બીજી પવિત્ર વસ્તુ મૂકી શકો !

ૐ શાંતિ

સંતબાલ

સમુન્દા સદન,
રણપુર
તા. ૧૫-૫-૩૯

પ્યારા જિજ્ઞાસુ હૃદય !

આ ભૂમિકામાં ઉદીરણા પથ્ય નથી. ઉદયની રાહ માટે હજુ થોડું થંભો ! જીવન એતો રસિક પુષ્પ છે. પ્યારા ! એ આજ સંસારનાં આબોહવાથી વિકસ્યું છે. એ ખ્યાલને ખચિત સામે ધરો. એમ કરતાં જીવન માંહેની અસંબંદ્ધ એવી કૈંક મુંઝવણો શાન્ત થઈ જશે અને તમો આજથી વધુ એવા અપરિચિત તેજને પારખી શકશો એટલું જ નહિ પામવાનાય અધિકારી બનશો.

'સન્યસ્ત' એ તો છે પુનિત ક્ષીર. કૈક ક્ષુધાતુરો એને આંગણે રસતૃપ્ત થયા છે. પરંતુ વ્હાલા ! એ તો રહ્યું સિંહણનું દૂધ ! ! સિંહણના દૂધ માટે કનકપાત્રની અપેક્ષા જેટલી સ્વાભાવિક છે તેટલી જ 'સંન્યસ્ત' સ્થાપવા માટે ય સ્વાભાવિક છે. વિઘ્નો કસોટી થશે. થવા દો, એમ મહાનિયમને અભિષ્ટ હોય તો ભલે એમ હો ! કસોટીએ ચડાવેલા સુવર્ણો જ દેવાના હાર બની શકે છે બાપુ !

સંસારમાં મીઠાશ કે કડવાશ આપવાની શક્તિ નથી. ચેતન દ્વારા વૃત્તિ પર સ્થાપિત થયેલા અધ્યાસો વડે જ એવું રસ વિરસ વેદન થાય છે. છતાં સંન્યસ્તની આવશ્યકતા તો છે જ પણ પ્રથમ માનસિક. જ્યારે માનસિક સંન્યસ્ત મોખરે હશે, ત્યારે સાધકને બહાર ભાસતા સંસારની અસારતા કે અસ્વચ્છતાનું મૂળ અંદર જ દેખાશે. શ્રમણ ભગવાન મહાવીર દેવે 'अप्पा कत्ता विकत्ताय सुहाण य दुहाण य' આત્મા જ સુખ અને [illegible]માં કર્તા, ભોક્તા છે. એના નાશાયવા પાછળ એમની સાધન[illegible] [illegible]નો સાર છૂપાયો છે. વીર ! ચેતનના મહારાજ્યમાં વિસર્જ[illegible] તો અ[illegible] જરા આગળ જઈ અવલોકો અને

સમુન્દા...
રવ...
તા. ...

વહાલા આત્મબાંધવ !

આટલી બધી વ્યાકુળતા વીરને પાલવે ! કાયરને...
જગને વેજગો કરો. તમો પોતે શાન્તિના સદનની ...
પડદો ઊંચો કરો. દુઃખ, ક્લેશ અને અશાંતિનાં ...
જીવ શાન્તિનાં અમૃત છંટ ગે.

ધર્મ સાધના એ પોતેજ સંકટનો ગિરિ ...
પ્રચંડ વાયુ તોફાન વચ્ચે ય અડોલ રહેવું ત્યાં ...
ગ્લાનિ, ખેદ, વિકલ્પ જેવાં વાદળાં, જશે ! સૂર્ય...

સુખને ન ઇચ્છો, દુઃખને ઇચ્છો. દુઃ...
અખંડ યાદ કરાવે છે. મોહ સંબંધની જાગ...
કરો. મનની મુક્તિમાં હોય કે પગની પાંખ...
કની નથી. તમો જ્યારે આશા અને કામન...
ઇચ્છો તે જ ઘડી જીવનમાં અંધકારને સ...

વહાલા ! વીર બનો, ધીર બનો, ...
એનીનું જ જાપ સ્મરણ અને ધ્યાન ક...
પામશો.

સમુન્દા સદન,
રણાપુર
તા. ૧૫-૫-૩૭

પ. પૂ. આત્માર્થી મુનિ પુંગવોના
ચરણ કમળે પુનઃ પુનઃ સદર પ્રણિપાતન સહ.

મોહન ઋષિજી !

'વીરજયંતી'નું મંગલપ્રભાતનું રસમયતાના પૂરથી છલકતું પત્ર આ સપ્તાહે મળ્યું ! વ્હાલા પ્રભુ ! ગત સપ્તાહના સ્ફૂરણ સરોજબીજમાં 'નિમિત્ત નૈમિત્તિક પદ્યમાં' એક કડી છે. તે ફરી મૂકીએ તો આ–

મહાવીર ત્રિશ્નણી વાડી માલિકના,
માળી ધર્મના પ્રાણ લોકના શાહજો,
સત્ય અને સિદ્ધાંત ચૈત્ય મંદિરના,
સેવક સાધક આત્મા સેવ્ય સમાનજો...ચેતન

પરંતુ વ્હાલા !

ગુણાનુરાગિતાએ જ્યારે હૈયું ખીલે છે, ત્યાં પ્રતિકાર અને તેય અનુચિત પ્રતિકાર એ ભૂમિકાએ શોભે ભલા !

સૂર્યના પ્રકાશને જેણે નિહાળ્યો, તે ડીમડીમ ઘોષિત કરે કે જીવનમાં જ્યોતિ ભરે ?

હાં...અને અને સત્યમાં દલીલ પૂરતાં સત્યની જ્યોતિ શરમાય હાં કે ! પણ, પણ એ અનુભવગમ્યજ છે. કોમળ હૃદયને કોઇપણ ચિંતાના ભારથી ન તપાવતાં વિવેકબુદ્ધિનું સિંચન જ સતત રાખવું કે જેથી પ્રભુ ! સાધનાની કોઇપણ એક જ શ્રેણીમાં કુંઠિત ન થતાં પ્રવાહિત રહે.

'સત્યના શીખરે ચડો ! જગ પેખવા નાથ મથો,
ઉર જે ચડ્યાં રસપૂર તે પામ્યા વિના ના જંપશો,
ફરી જો સત્ય તો આજે અગર કાલે પછી,
નિમિત્ત જ્યોતિ પામશે ને વાદળાં જાશે ખરી'

પ્રભુ ચરણે પુનઃ પુનઃ સાદર વંદન.

સંતબાલ

સમુન્દ્રા સદન,
રણાપુર
તા. ૧૫-૫-૩૭

વહાલા આત્મબાંધવ !

આટલી બધી વ્યાકુળતા વીરને પાલવે ! કાયરને જ રૂદન શોભે ! ભયને વેગળો કરો. તમો પોતે શાન્તિના સદનની નિકટજ છો. જરા પડદો ઊંચો કરો. દુઃખ, કલેશ અને અશાંતિનાં બધાં ભૂતો નાશી જશે શાન્તિનાં અમૃત છંટાશે.

ધર્મ સાધના એ પોતેજ સંકટનો ગિરિ છે. તેનાં ઉચ્ચ શિખરે પ્રચંડ વાયુ તોફાન વચ્ચેય અડોલ રહેવું ત્યાંજ સાધકની સરસાઈ છે. ગ્લાનિ, ખેદ, વિકલ્પ જેવાં વાદળાં, ભલા ! સૂર્યના પ્રકાશને રોકી શકે !

સુખને ન ઇચ્છો, દુઃખને ઇચ્છો. દુઃખજ પરમાત્માનું નામ અખંડ યાદ કરાવે છે. મોહ સંબંધની જાળ ખંખેરી મનને મુક્ત કરો. મનની મુક્તિમાં હાથ કે પગની પાંગળાઈ લેશ પણ બંધન-કર્તા નથી. તમો જ્યારે આશા અને કામનાના બંધનથી મુક્ત થવા ઇચ્છો તે જ ઘડી જીવનમાં અંધકારને સ્થાને અજવાળું પામશો.

વહાલા ! વીર બનો, ધીર બનો, ઉદાત્ત થાઓ. અખંડ પરમેષ્ઠીનું જ જાપ સ્મરણ અને ધ્યાન કરો. તમો શાન્તિ પામશો જ, પામશો.

સંતબાલ

સન્મુદા સદન,
રણાપુર
તા. ૧૫-૫-૧

વહાલા આત્મબાંધવ !

જે અલ્પ છે તેજ મહાન છે. વહાલાંઓ ! આવી ઊામવ એ જ શુચિ જળ છે, અનેક હૃદયો એમાં સહેજે પાવન થઈ રહે છે પ્યારાંઓ ! દર્શન કોનાં ? દેહનાં ?

દેહ તો સાનિધ્યમાં છે જ અને ગુણ ના હોય તો જીવનફૂલડાંને એ વહેતી ઊર્મિના રસથી તરબોળ કરી દો. ખરેખર એ સુવાસ અને રસની જ સર્વથા અને સર્વત્ર આવશ્યકતા છે.

વ્હાલાઓ ! તાલાવેલીને શમાવવીજ રહી ! એ વેગને ઉપરના પંથેજ વાળી લો. તમો પોતેજ દર્શનીય બનશો. દર્શન, દૃષ્ટા, એકરૂપ થશે. ત્યાં કોઇ વૃદ્ધ કે બાળ નથી સૌ સમાન છે.

પ્રિયતરો ! જીવનની એકપણ ક્ષણ વિચાર્યા વિનાની ન જવા દો. વિચાર વિહોણી પળ સમી બીજી કોઇ અલાભની વસ્તુ જ નથી અને જ્યારે તમો વિચારના સાગરનાં મજ્જિત થશો ત્યારે પ્રથમજ પળે તમારામાં કાંઇક નહિ અનુભવેલી એવી નવીનતાનો સંચાર થશે. તમોને ખ્યાલ થશે કે તમારૂં જીવન એ માત્ર આટલા સાંકડા દેહમાં, કે એક નાનાશા મંદિરમાં કે સંક્ષિપ્તશા કુટુંબમાં નથી એ તો છે આકાશ સમુ અનંત અને સર્વત્ર વ્યાપક. આટલું ભાન થયે તમો જે ક્ષેત્રમાં અને જે વ્યવહારમાં હશો ત્યાં શાન્તિ, સંતોષ અને આહ્લાદ પામશો.

સર્વત્ર શાન્તિ પ્રસરો.

સંતબાલ

ચન્દ્રા ભવન,
રતુપુર
તા. ૯-૫-૩૭

...દાસ જિજ્ઞાસુ હૃદય !

...ને મનુ મેળવ્યું છીએ, એ મહાનિયમને અર્પિત જીવન
...વરેલો મોટા. કશું ગુમાવવાનું નથી જે કંઈ ગુમાવવાનો
...ને માત્ર પ્રતિભાસિત જેવું જ નથી છે.
...નિવેશના અંગમાં જેણે મતાંતર થયું. એને તો હોશે !
... ગાજું !
...ક કથા એ પેનિજ ક્ષિતિજની ભાષા છે. પણ પંક્તિ વિશેષોને
...એ તો નિયત કાર્ય જ રહ્યું ! એમાં વધામણાં ! નવું
...!!

...જગતની દૃષ્ટિએ હોય, કઠિન, દુઃખદ, નિરાશાજનક કે ભેદ-
...ય છે તે આપણા હૃદયને કોમળ પુષ્પ સમાં સુખરૂપ બનવાં
...એ.

...જીવનસંગ્રામમાં સમય પાકતો જશે તેમ તેમ માગની જશે.
...મને અમારું ઉત્સાહ એ બે આપણાં હાથ અને હૃદય સમેટવાં
...નું અંતર તો સુખરૂપ પીડીતારેખ અનુભવ કર્યું જેમ પામશે !
...વો હૃદયને મદભર્યા મંજુપાન દો !

...રિહોર્ના દેહસ્વરૂપના ઉદ્ધાર્પિત છે વધામણાં ! ઓ અમર
...માં ઝીલો, સદાય અખંડિત રસ પ્રવાહમાં મગ્ન રહો ! એ
... જ સાધનાનો શિખર ધ્યેય !!! શિખર ધ્યેયને ન પહોંચી
...ા અધીરાં ન થશો. કોઈપણ ક્રિયા અશક્યાદિક નથી. કોઈપણ
... સહજતાથી વંચિત નથી. અમૃત જગો અને અમરતા પામશો.
...નો ! તમ સમાં સાધકરૂપો જ વસુધાનું મહામૂલું આભરણ છે.

ૐ શાન્તિ

સંતબાલ

૧૧

સમુદ્રા સદન,
રણાપુર
તા. ૮-૫-૩૭

વહાલા આત્મબંધુ!

જ્યાં ભોગના અને કર્મબંધનો અતિરેક ઝળકતો હોય ત્યાં એમ બને જ એમાં અભિમાન કે અપમાનના જેવું તત્ત્વ ન હોય!

પ્યારા જાતને મહાનિયમના કરતલે સોંપી દેવી. 'હું કરું' એટલુંય અભિમાન સાધકના પુરુષાર્થમાં અને પ્રગતિમાં બાધાકર છે. સાધક કેવળ પોતાની ઝીણી ઝીણી ઉર રાજની પ્રેરણાને અધીન રહી સ્વયશ્રિતા અને પ્રમાણિકતા મેળવે તો એ ગૃહસ્થજીવનના સર્વ વ્યવહારોમાં રહેવા છતાં પણ અંગે નિર્બંધ રહી શકે. વાસ્તવિક રીતે તો વ્યવહાર એ બંધનકર છે જ નહિ! પરંતુ જે વ્યવહાર નિશ્ચયથી સંબંધિત છે, જે વ્યવહારમાં નિશ્ચયનું એટલે કે ચેતનનું સુકાન હોય છે તે વ્યવહાર વિકાસ સાધક જ બની રહે છે. વર્તમાને પ્રચલિત તત્ત્વ કે જેને વ્યવહારના નામથી સંબોધાય છે, તેમાં મોટે ભાગે લૌકિક તત્ત્વ હોઈ એ પ્રાયઃ બંધનકર્તા જ થઈ પડે એમાં કશું આશ્ચર્ય જેવું નથી.

(૧) પરંપરાથી અને સૌ ચાલતા હોય એ રીતે ચાલવું એ તો સૌ માટે છે જ. પરંતુ ઉત્તરોત્તર ભૂમિકા તરફ જેમને પ્રગતિ કરવી છે એને પોતાની શુદ્ધ સમજણની ગળણીથી ગળીને જ પગલું ભરવું રહ્યું! શાન્તિ અને સંતોષ જીવનમાંથી જ પ્રગટે છે અને શોધતાં સાંપડે છે માત્ર એમની લય લાગવી જોઈએ.

ૐ શાંતિ

સંતબાલ

સન્મુદા સદન,
રમુાપુર
તા. ૧૫-૫-૩૫

વહાલા પ્રભુ હૃદયદેવ !

વિકસો, વિકસો અનંતમયનાં અમૃતપાન વહાલા ! અ
વિના કોણ પાશે ! આ દેહના વિકાસમાં આપનું
માન્ય નથી પ્રભુ !

વ્હાલા ! આપના પત્રમાં પ્રકૃતિમૈયાના મહિરિયાનું
રી આવે છે. પ્યારા ! આ દેહને તો મૈયાએ કાંઈક પૂર્ણ
આદ કારણ વિના હાથે વહોરેલી ભિક્ષા જ ફરમાવી છે.

પ્યારા પ્રભુ ! સેવ્ય અને સેવકના શબ્દ-ભેદ પ્રયો
આપણ સૌ અભિન્ન છીએ, એક છીએ, એક સ્વરૂપ
પધારો પ્રભુ !! પધારો !!

વ્હાલા ! આવો આવો ઉરથી ઉર આલિંગીએ
આલિંગન એ દિવ્ય સુધાનો સ્રોત
પી પી પ્રેમરસ ચેતન આનંદ
વિલસે વહાલા આતમ જ્યોત અનંત

વહાલા ! શરીર અશક્ત નહોતું અને નથી.
વહાલા ! શરીર અશક્ત નહોતું અને નથી. નાડીના અપ્યામાં નવીન
હોય ! નાડીના અભ્યાસો નવીન
સ્થિતિથી આપ

ૐ મૈયા

મનમોહન મહેલ,
[illegible]
તા. [illegible]

[illegible]!

[illegible] છે. આ [illegible] અને [illegible] [illegible] છે. [illegible] કાંઈ [illegible] નથી. [illegible] નથી. [illegible] છે.

(૨) [illegible] મૂર્તિનિંદાનું વિકૃત રૂપમાં છે. [illegible] માનવ પર પડે છે. [illegible] [illegible] અભિમાનને શિખરે [illegible] [illegible] પાડે છે. જ્યારે વિચારની ભૂમિકા પર માનસમાં પડાવ છે ત્યારે બુદ્ધિનું બળ હોઈ એવા સાધકમાં વિવેક અને સમજણ આવે છે કે જેમનાં આલંબનો સાથે ખારીમીઠી અનેક પરિસ્થિતિમાંથી પોતાનું આશ્વાસન શોધી સમતા જાળવી શકે છે.

(૩) તીર્થ મહિમા અને એવું ઘણું રૂપક ધર્મમાં ભળી ગયું હોય છે, તેમાંનું કેટલુંક મૌલિક અને કેટલુંક રૌઢિક હોય છે. મૌલિક અમુક ભૂમિકા સુધી આવશ્યક હોય છે. પરંતુ આજે તો રૂઢિઓ તે કરતાં વધુ આધાર લેવાના મૌલિક સ્વરૂપથી ઘણું જ અસંસ્કૃત ગ્રામીણ તત્ત્વ તેમાં મિશ્રિત છે. પરિણામે માનવ સમુદાય લાકડાના નાવમાં અતિ અમર્યાદિત એવો લોખંડનો બોજ ભરી ઉપર તરવાને બદલે વધુ ઉંડે જતાંય કેટલેક સ્થળે થાકતો નથી.

(૪) પામરતા, કાયરતા, ભીરતા, વ્હેમ અને લાલચવૃત્તિને પોષણ મળે એવું ધર્મવિરુદ્ધ તત્ત્વ પણ ધર્મને સ્થાને ભળી ગયું છે. એથી જ જીજ્ઞાસુ સાધકને શિર જવાબદારીનો બોજો એટલો જ વધે છે. જે સાધક વૃત્તિના અભ્યાસેથી ન ઘવાતાં વિકલ્પોના વાદળથી ન છવાતાં પોતાના આંતરને ઉજળું કરી એ જ્યોતિમાં મ્હાલે છે તે જ સ્વ અને પર ઉભયના હિતમાર્ગમાં સાધક નિમિત્તરૂપ બની શકે છે.

(૫) ખરૂંજ વહાલા ! જગતમાં કોઈપણ સાધન કે સાધ્ય હોય, તો તે એક પ્રેમનું અમૃત ઝરણું જ વિશ્વની તૃષા છીપાવી શકે !

(૬) ઊર્મિઓ અને આકર્ષણ એ પ્રાથમિક પ્રગટીકરણ છે. એને વિવેક બુદ્ધિના યોગથી જેમ જેમ વિકાસને પંથે વહેતાં મૂકાય તેમ તેમ એ પ્રેમ દિવ્ય અને વિજ્ઞાનમય બને !

(૭) રાગ અને મોહ એ પ્રેમની છેક જ ઉતરી ભૂમિકાઓ છે.
[illegible] પ્રેમ મુક્ત કરે છે.

સન્મુદ્રા સદન,
રણપુર
તા. ૧૫-૫-૩૭

વહાલા આત્મબાંધવ !

અમોઘ અને અમૃતસમુ ભાવનાનું પૂર જે ઉરમાં નિરંતર વહે છે, તે ઉર શતધા ધન્ય છે, ધન્ય છે, સુધન્ય છે.

જીવનમાં મંગલમય વિકાસમાં ઠેઠ ઉચ્ચતર ભૂમિકા સુધી એ પ્રવાહ જ ખેંચી જાય છે અને જ્યારે સરિતારૂપ જીવન બની રહે એટલે કે જગતના સર્વ જીવો માટે ખુલ્લું મૂકાય, ત્યારે તો એ પરમાત્માના સાગર તટે પહોંચાડે જ, પહોંચાડે.

(૧) મોહ સંબંધને અમૃતથી પુનિત કરવા કે જેથી એક વ્યક્તિના બંધનમાં ન પૂરાતાં સર્વને માટે સદૈવ ખુલ્લા રહે.

(૨) ગૃહસ્થાશ્રમી જીવનમાં જ્યારે મોહ સંબંધને સ્થાને સ્નેહ સંબંધ સ્થાપિત થાય છે. ત્યારે એ માનવજીવન એક દિવ્ય ભૂમિકાનું સોપાન તૈયાર કરે છે. કુટુંબ, સમાજ, દેશ અને વિશ્વનેય એ વ્યક્તિના કરપુમાંથી કંઈને કંઈ મળી જ રહે છે.

(૩) વ્યાપાર અને વ્યવહારમાં આજના માનવ સમુદાયમાં કેટલાંક દૈહિક અને મલિન તત્વો પેસી જવા પામ્યાં છે. તેનાથી મનને નિર્ગુણ રાખી સદાય પુનિતતાનો સંચાર કરવો એ ઉચ્ચ પ્રગતિનું નિદાન છે.

(૪) સ્વચ્છશરીરનું, પ્રમાણિકતા, સ્નેહ, સંયમ તારૂની દૃષ્ટિ અને સેવા એ પાંચ પદાર્થો પંચામૃત સમાન છે કે જે જીવનને સ્વચ્છ, અખંડ અને અમર જ રાખે છે.

ૐ શાંતિ

સન્મુદા સદન,
રણાપુર
તા. ૧૫-૫-૩૭

વહાલા સાધક !

ચાલો. હવે તમારા બીજા પ્રશ્નની બીજી બાજુએ. તમો જાણો જ છો કે, અખિલ સૃષ્ટિ સર્જનનું તત્ત્વ જેમ નારીહૃદયને હોય છે તેમ સૃષ્ટિનું અંતિમ પરિણામ કે જેને આધ્યાત્મિક પરિભાષામાં વિકાસ કહેવાય છે, તેમાંય એ નિમિત્ત ધારે તો મહાન ફાળો આપી શકે.

'એક માતા સો શિક્ષકની ગરજ સારે' એ સાદી ભાષામાં પ્રગટ થએલું નયું સત્ય છે.

(૧) બ્રહ્મચર્ય એ સ્ત્રીહૃદયને સહજ સુલભ છે, એવો આદર્શ પ્રાચીનકાળમાં, પ્રયોગસિદ્ધ હતો, આજે જો એ પુસ્તકમાં જ દેખાતો હોય તો એ માત્ર તાલીમના અભાવે જ છે. એક જ ઘઉંમાંથી એક નિપુણ કથાકશાળી પોતાની કળા દ્વારા અનેક વિધ વૈવિધ્ય જ માત્ર નહિ, પણ વિવિધ રસોત્પાદન સુદ્ધાં કરી શકે છે. તેનું કારણ એ વિષયના ઊંડા જ્ઞાનને સંબંધિત છે.

(૨) 'સ્ત્રી યાવજ્જીવન બ્રહ્મચર્ય પાળી શકે છે' એ વચન સાંભળતાં માનવ જાતનો મોટો સમુદાય, 'અશક્ય' 'અશક્ય' બોલે છે. એનું કારણ એ પોતે નથી, પણ એને મળેલો વિચાર વારસો છે. અને તમો સારી પેઠે જાણતા જ હશો કે તૈયાર મળે તો પોતાના દાંતે ચાવવાની તકલીફ લેનારો વર્ગ મોટા સમુદાયમાં છેક જ વિરલ હોય છે. કોઇ પણ દેશની પ્રજાનાં દુઃખ કે પારતંત્ર્યનું કોઇપણ મુખ્ય કા

લોક ભયથી ત્યાં જ થંભી પડે છે. કોણે આચર્યું? કોણ સફળ થયા? એ જોવા રહેનાર કરતાં, પંથે પડનાર વહેલી સફળતા મેળવે છે ભલે બહુ મંથન પછી આદરાય, પણ આદર્યા પછી એ વસ્તુ જો સાચે જ, વિકાસ સાધક હોય તો બીજા કેટલાક ભોગે પણ એને સાંગોપાંગ ટકાવી, એનું સૌન્દર્ય જાળવી રાખવું જોઈએ.

(૪) બ્રહ્મચર્ય સાધ્ય છે, એટલું જ નહિ, પણ એ અંગ ઉપર જ ઉન્નતિ મંદિરનો આધાર છે. આ વસ્તુ પ્રયોગસિદ્ધ રીતે સિદ્ધ થાય, તો એ જગતની સામે એક ઉજ્જ્વળ આદર્શ રૂપે ચિરંજીવ રહે!

(૫) પરંતુ એક કોઈ આદર્શ સેવવો, કે સેવવાનું પણ કહેવું. એ કંઈ મોટી વસ્તુ નથી અને એટલું કયે પતી જતું નથી. પરંતુ એક મહાન જવાબદારીનું પદ પ્રાપ્ત થાય છે, અને એ જવાબદારીનું પદ ત્યારે જ રાજે છે, કે જ્યારે સાધકનું જીવન સાંગોપાંગ અણીશુદ્ધ એ પદને ઉચિત બની જાય છે.

(૬) નારીહૃદયના થોડા ઘણા વારસાગત મળેલા વિચારો કંઈક પોતાનાં પૂર્વગત દેહાધ્યાસો અને આસપાસનું વાયુમંડળ આવી વસ્તુની સામે બ્રહ્મચર્યનું શિક્ષણ આપવું એ નાનીસુની વાત નથી. અને જ્યાં સુધી દિલના ને બુદ્ધિના અણુએ અણુમાં એ વાત જડાઈ ન જાય કે બ્રહ્મચર્ય એ જ અમારો જીવન મંત્ર, એ જ અમારૂં જીવન ધન, એ જ એક અમારૂં સર્વસ્વ, ત્યાં સુધી સાંગોપાંગ ટકવું એ પ્રચંડ વાયુ સામે રેતીના ઢગની સલામતી ઇચ્છવા જેવું છે.

(૭) એ જ રીતે પ્રાણની ગુપ્ત મુંઝવણો જેટલી પુરુષ વૃત્તિ શીઘ્ર પ્રગટ કરી શકે છે અને આશ્વાસન શોધી લે છે તેટલું નારી હૃદય માટે એ પ્રાકટ્ય અને આશ્વાસન સુલભ નથી. એટલે જ એવે સમયે સાધકને શિર બમણો બોજો આવે છે. (૧) પોતાની વૃત્તિને કાબૂમાં રાખવાનો અને એ વેગને સંસ્કારી સુપથમાં વહેવો કરવો

(૨) નારી હૃદયને ભાવનાનાં અમૃત પાઈ એ રસતરબોળીને જીવંત અને સભર રાખવાનો શિષ્ટ સાહિત્ય વાચન, મનન, લેખન એ ઘણે અંશે આ મહાન કાર્યમાં સહકારી નીવડે છે એનો તમોને અનુભવ છે જ એ અનુભૂતિ વધે તો સ્થાને છે.

(૮) જ્યારે વૃત્તિને સતત કાર્ય મળે, અને તે પણ ઉચ્ચ પ્રકારનું ત્યારે તે હુમલો નથી કરતી. મનને મલિનતાથી દૂર રાખવા માટે 1) સતત પ્રાણીસેવા (૨) સતત સદ્‌વિચારની પ્રવાહધારા અને) શારીરિક નાડીઓને લગતી તાલીમો. આ ત્રણે સાધનો પરમાવ- ક છે. વાતાવરણથી અલગ અથવા અને તેટલા ચેતતા રહેવાનું અને રાકશુદ્ધિ તથા નિયમિતતા વિષે પૂર્વે કહેવાયું છે. ફરી ફરી એ યણ યોગ્ય છે ! દશ્યો જોઈને, સાંભળીને, કોમળ પદાર્થો સ્પર્શીને, ક પદાર્થો ખાઈને જાગતી ઇન્દ્રિયોની ઉન્મત્તતા ઘણીવાર ના ચિત્તને ડોલાવી નાખે છે.

(૯) સ્ત્રીઓને બ્રહ્મચર્ય સુલભ છે. માત્ર અપેક્ષા છે તેમાં સાધનોની અને સુવિશુદ્ધ ભાવનાના પ્રવાહની કે જેથી નારી- ધક પંથે સ્વતંત્ર રીતે પ્રગતિ કરે અને એક અજોડ પુરુષ- ી.

સર્વત્ર શાન્તિ પામો

સંતબાલ

સન્મુદા સદન,
રણપુર
તા. ૨૨-૫-૩૭

વહાલા આત્મબંધુ !

દૂર દૂરથી ખેંચાયેલા હૃદયે અનેરી આશાઓથી રમણમાં રમતિએ આવેલા દેહને દર્શનની પિપાસા હોવી અસ્વાભાવિક નથી. એ ઉત્પાત પણ ઘણું ય વાંચ્છે એય અસ્થાને નથી.

અને એ આતુરતાના તીવ્રતર બળ આગળ નિયમોની મર્યાદા પણ હઠાવવા માટે બહુ પ્રયત્ન થાય જ.

પ્યારાંઓ ! આ દેહ તમારાથી દૂર હોય તેમાં કંઈ મુંઝાવાનું કારણ નથી. તમો સૌના પ્રેમની અંજલિઓ જે સાગર તરફ વહે છે તે જ આત્મના સૌ કિનારાઓ છે. કિનારા ભિન્ન હોય કે દૂર હોય તેથી [illegible] એ ભિન્ન સમજવાનું કારણ નથી. વહેણ એક જ છે [illegible] સૌને ત્યાં જ પહોંચવાનું છે. આપણે સૌ અભિન્ન છીએ, એક છીએ, એક [illegible] છીએ.

[illegible] સૌના [illegible] ઉત્પન્ન [illegible] દર્શન [illegible] દર્શન જ [illegible] દિવ્ય [illegible] [illegible] પ્રભાતની [illegible] [illegible] [illegible]

[illegible]

રણાપુર
તા. ૨૨-૫-૩૭

વહાલા આત્મબાંધવ

પ્રેમનું કેન્દ્ર હૃદય જ જો ન નિર્માયું હોત તો બીજાં કોઇપણ
કારણો (મન, બુદ્ધિ, પ્રાણ, ઇંદ્રિયો) એને ન જ જીરવી શક્ત એ
વિષે શંકાનું કશું કારણ નથી. અને જો બુદ્ધિને અધીન હોત તો
એ વ્યક્ત કરવા માટે એને એટલા તો શબ્દભંડોળની આવશ્યકત
રહેત કે એ મર્ત્ય લોકમાં સાંપડવા ખરેખર જ દુર્લભ થઇ પડત.

પ્રેમ શબ્દાતીત છે, પ્રેમને હૃદય જ ફળી શકે અને હૃદય જ
પ્રતિદાન આપી શકે.

વહાલાઓ ! અને પ્રેમ, વિશુદ્ધ પ્રેમનું ચુંબક કયા હૃદય-
લોખંડને આકર્ષે નહિ ? સુદામાના તાંદુલ, વિદુરજીની ભાજી અને
શબરીનાં બોર એ તો રામબાણ ઉદાહરણો છે. પ્રભુને આંગણે
બોલાવવા માટે આંગણા શણગારવાની જરૂર નથી. અર્ધ્યાંજલિનીય
અપેક્ષા નથી. ત્યાં તો માત્ર એક જ જોઇએ વિશુદ્ધ દિલનો અવિરત
વહેતો પ્રેમનો પ્રવાહ !

પ્રેમની આંખના અમૃત પીધા પછી બીજા ખોરાકની અપેક્ષા
રહેતી જ નથી. એ તો 'રોટલો ને છાશ' માત્ર દેખાવ પૂરતાં જ
અને દેહને દામ ચૂકવવાનાં સાધન માત્ર.

તમારા હાસ્યમાં હસતા કળાયે નંદના લાલ, ઉરે આહલાદ
નીસરતાં વદે ત્યાં વાણી શું વ્હાલા !

સંતબાલ

રણાપુર
તા. ૨૨-૫-૩૭

વહાલાં સુહૃદય !

(૧) માનવ જીવન એ પ્રેમનો મહેરામણ છે. અનેક ઝરણાંઓ સરિતા રૂપ બની ત્યાં સ્વરૂપાતીનતા છતાં અભિન્નતા અનુભવી રહે છે.

(૨) માનવ જીવનનું કોઈ પણ ઉચ્ચતમ કાવ્ય હોય તો તે એક જ માત્ર પ્રેમ, પ્રેમ ને પ્રેમ.

(૩) પ્રેમ એ વિશ્વસેવાનું ઉન્નતમ શિખર છે. પ્રેમ એ સકળ સાધ્યનું સર્વોત્તમ સાધ્ય છે, જેણે પ્રેમની સિદ્ધિ મેળવી એને અન્ય યોગલબ્ધ સિદ્ધિઓ કે લબ્ધિઓની આવશ્યકતા નથી. મોક્ષ, સ્વર્ગ નિર્વાણ કે દિવ્યતાની પરાકાષ્ઠા જે કંઈ કહો તે એક માત્ર વિશુદ્ધ પ્રેમ.

(૪) નિસર્ગ બાગનાં એક ફૂલડાં સમું કોમળ, સુરભી, અને મધુસભર જીવન સહેજે બની રહે છે, ત્યાં પ્રેમની જ્યોત સહેજે પ્રગટી ઊઠે છે.

(૫) નારીહૃદય એ પ્રેમના મંદિરના દ્વારથી ખૂબ સાનિધ્યમાં છે. જ્યારે એ એક કોટડીમાં ન પૂરાતાં ઉભરાઈ નીકળે છે, ત્યારે પ્રથમ આવે છે વાત્સલ્યનું ક્ષીર સરોવર અને બીજી જ પળે વિલસતો દેખાય છે એ પ્રેમનો વારિધિ ! કે જ્યાં વિશ્વનાં સકળ બાજુઓ ડૂબી રમ્યાં દેખાય છે.

વહાલાઓ ! તમારાં જ્ઞાન, ધ્યાન, યોગ, અભ્યાસ અને સેવા એ જ પુનિત ધ્યેયે વળો ! ! !

સર્વત્ર શાંતિ પામો

સંતબાલ

સન્મુખ સદન,
જેતપુર
તા. ૨૨-૫-૩૭

વહાલા આત્મબાંધવ

જેને જ્યારે ખરે જ ચોટ રૂપ લાગે છે, ત્યારે એ પવિત્ર માર્ગે જાય જ ન ગમતાં, શીઘ્ર ધ્યાનનો આશ્રય લેવો અવશ્ય બને છે. થોડાં ઝરણાનું નકરું પાણી જ દેવા છતાં જે ન રોકાઈ વેગવતી ધ્વનિથી આગળ ધપે જ જતો દોષ તો કાં તો એની પાસે પોતે હોવો જ ન જોઈએ અને હોય તો સામનો ન હોવો જોઈએ! એ બેમાંથી એક જ તત્ત્વ હોય બીજું ન હોય.

સાંસારિક વળગણોને વળગણ માનવી એ એક ભૂલ છે, અને એ વળગણો ને વળગણ માનીને ચોંટયે જ રહેવું એ બીજી ભૂલ છે.

(૧) વળગણ એટલે બંધન કેમ ખરું ને! કોણે બંધનમાં નાખ્યા! એટલું ફરીથી પૂછાય તો ચૂપ થવું પડે છે કેમ! એ જ જણાવી આપે છે કે બહારની વળગણ અંદરના કોઈ એક તત્ત્વને લઈને જ છે. બહાર દેખાતા બધા બાહ્યનાં મૂળિયાં અંદર છે. બહારનાં બધાં નિમિત્તોનું મૂળભૂત ઉપાદાન કારણ ભીતરમાં છે.

(૨) હવે એ ખરે જ ભીતરમાં હોય તો એ શાથી છે! શા માટે અને શાનાથી નમે છે!

પણ આટલું વિચારવા જતાં પહેલાં જ એક એવું તત્ત્વ તમારા મનોમય રાજ્યમાં સ્વામિત્વ ભોગવી રહ્યું છે, કે આ અનેક નાશ ભાગીઓમાંથી તમને નસાડી મૂકશે. વિચારની ઊંડી ભૂમિકામાં જતાં પહેલાં અભ્યાસ કરશો ને કરાવશો. એ જ તત્ત્વને સમજવાનો પ્રયત્ન કરો. એ પ્રયત્નની બીજી જ પળે તમોને જીવનનું સાચું સૌન્દર્ય સાંપડશે. અને જીવનનું મૂલ્ય સાથે જ સમજાશે.

અત્યારે જે કંઈ બુદ્ધિ દ્વારા કહેવાઈ રહ્યું છે, તે બચાવો જ માત્ર છે. પણ એટલું ચોક્કસ કે બુદ્ધિ પોતે જ પોતાના સત્ય સ્વરૂપમાં રહીને નથી કહેતી, પણ તેય પોતાના મૂળધર્મને ચૂકી એ તત્ત્વને એટલી તો અધીન થઈ ગઈ છે. કે તે જેટલું કહે તેટલાં જ પગલાં ભરે છે ને ભરાવે છે. તમને જ્યારે કંઈપણ પૂછાય ત્યારે, સૌથી પ્રથમ જ એ પોતે જવાબ આપશે, પણ પોતાના કાંટથી આવેલો નહિ, પરંતુ અન્યનો. જગતની સામાન્ય રીતે સર્વતોમુખી આ જ દશા છે.

સર્વત્ર સૌ શાંતિ પામો

ૐ શાન્તિ

સંતબાલ

સન્મુદ્રા સદન,
રણાપુર
તા. ૨૨-૫-૩૭

વહાલા સાધક !

તમારો ઉજળો આદર્શ જોઈ તમારા જનકનું દિલ ફુલાય એ વસ્તુ જ કેટલી અસંગત છે ભલા ! તે પિતાનું જીવન ધન્ય છે, કે જે પુત્રના ઉજ્જ્વલ વિકાસમાં ફાળો આપવાની તક પામે ! તે માંબાને ધન્ય, સુધન્ય છે કે જે પોતાના જ કુસુમને પૂર્ણ પ્રફુલ્લનું નિરખે !!! આર્ય પિતાના હૃદયમાં કોઈપણ કામના પરંપરાની શિરોમણી કામના હોય તો તે એક જ કે 'મારું બાલુડું' અમારા કુળને અજવાળે. અને વધાવા ! જેનામાં પ્રકાશ ભરાયો હોય એ જ માતાપિતા, કુળ, સમાજ, દેશ કે વિશ્વને પ્રકાશ ધીરી શકે ના ? પોતાના પુત્રને એવી આત્મજ્યોતિનો આરાધક જોઈને ક્યા માબાપનાં હૈયાં સર્વ ન.ન. ઉત્તાપને ભૂલી દીવ્ય શાન્તિ ન અનુભવે ભલા !

[illegible]

થાય છે કે મિત્રતા એ કોઈ થતી વસ્તુ નથી. મિત્રતા એટલે શું એવું કોઈ પૂછે એને એટલું જ કહેવું પર્યાપ્ત છે કે જીવન એટલે શું એનો ઉત્તર જેમ અનંત છે તેમ મૈત્રીનો ઉત્તર અનંત છે.

મૈત્રી હૃદયની ઊર્મિમાંથી ઉદ્‌ભવે છે. ચંદ્ર સાથે પ્રીત કરવાનું-મૈત્રી સાધવાનું ચકોરને કોઈએ કંઈ નથી કહ્યું. ચાતક અને મેઘના ભલા! કદી મિલન દેહમિલન થયાં છે? છતાં મૈત્રી કેવી! કમળ અને દિવાકરનાં કેટલાં અપાર અંતર છે! બસ દૂર રહેવા છતાં પરસ્પર સમાનશીલ હૃદયનું સંધાન થઈ જવું તે જ મૈત્રી.

એટલે જ મૈત્રી ટકાવવા માટે પ્રયત્ન કરવાના હોતા નથી. મૈત્રી સ્વયં જ ઉભયને ટકવી રાખે છે. ઉભયના જીવનમાં અમૃતરસ ટેકવી રાખે છે. અને એકાદ ઘરમાં કે સ્થાનમાં થંભતા પ્રવાહને સકળ વિશ્વમાં વહેતો કરવાનું પરમ નિમિત્ત બને છે.

મૈત્રીમાં પડદાને સ્થાન જ નથી. એમ કહેવા કરતાં પડદો સહેજે તૂટી જ જાય છે એમ કહેવું સ્થાને છે. વગર કૂંચીએ ઘરનું તાળું ઉઘાડનાર જો કોઈ વસ્તુ હોય તો તે મૈત્રી.

અર્પણતા એ જ જેનો શ્વાસ હોય !
પ્રેમ એ જ જેની આંખ હોય !
સંયમ એ જ જેના પગ હોય તે જ મિત્ર.

મિત્રપ્રેમ એ વિશ્વપ્રેમની પ્રથમ બાજુ છે. એ અંગ જોકાત જ વિશ્વપ્રેમનાં દિવ્ય ચક્ષુઓ આપો આપ ખુલી જાય છે. મિત્ર-પ્રેમ એ સ્નેહની પ્રાથમિક ભૂમિકા છે. અને પ્રણય એ મિત્રપ્રેમની પરાકાષ્ઠા છે. પ્રણય પછીની ભૂમિકા એ જ વિશુદ્ધ પ્રેમ, વિશ્વ-પ્રેમની ભૂમિકા.

સર્વત્ર સૌ શાંતિ પામો

સંતબાલ

સન્મુદ્રા સદન,
રણાપુર
તા. ૨૨-૫-૩૭

વહાલા સાધક !

આ વખતની લેખપદ્ધતિમાં અવગ્રાહકશક્તિનો બરાબર ઉપયોગ થયો છે. મૈયા તરફથી વારંવાર જે કંઈ કહેવામાં આવે છે તે અવલોકન તત્ત્વ માટે જ અવલોકન નથી. એક સૂત્ર જ ગ્રંથની ગરજ સારે છે-સારશે.

(૧) મનને વશ થવું નહિ, પરંતુ મનને વશ કરવું. મનને વશ થવાથી સાધકની મુંઝવણો વધે છે. થોડું કાઢવા જતાં વધુ પેસી જાય છે. મનને વશ કરવા માટે જે કંઈ અસામાન્ય જાગની અપેક્ષા છે તે આવ્યે બીજી સર્વ ઉપાધિઓ ટળશે.

(૨) સ્ત્રી અને પુરુષ વચ્ચેના સ્વમાનની એ વસ્તુ ગણાય છે. પરંતુ વસ્તુતઃ તો નામસ્મરણ માત્રથી એને લગતા સકળ સંબંધોની સ્મૃતિ ઉત્પન્ન થાય છે; અને વૃત્તિના અભ્યાસો સાધકને પજવે છે. એ કારણે જ એ મહર્ષિઓએ એવું વિધાન સમાજમાં સાતિ-પ્રકાશિત કરેલું.

(૩) આટલું યાદ રાખો કે જે વસ્તુમાં શરમ આવે છે તે વસ્તુ ખરેખર આચરણીય નથી જ. જો આચરણીય હોય, સત્ય હોય, ત્યાં શરમ ન જ સંભવે. શરમ એટલે લાજ નહિ પરંતુ શેહ. શેહ એટલે મર્યાદા અને શેહ એટલે મોઢું ફીકું પડી જવું ઇત્યાદિ ચિહ્ન પ્રગટ થાય તે.

(૪) વહેમનું મૂળ અશ્રદ્ધા છે. મહાનિયમો પ્રત્યે જ્યાં સુધી સાચે જ શ્રદ્ધા પ્રગટી નથી એટલે કે જીવન એક દશા જેવું સરળ અને સહજ બન્યું નથી ત્યાં સુધી પામરતા, કાયરતા, વહેમ, ક્ષોભ વગેરે હોવાનાં જ-રહેવાનાં જ. પછી એક ક્ષેત્રમાં હો કે બીજા ક્ષેત્રમાં હો.

વહાલા ! ધનના સંપર્કથી ખૂબ સાવચેત રહો. કોઈપણ પ્રલોભનને અધીન ન જ થવાય. વિવેકપૂર્વક એમને જ હાથે બીજા કોઈ સત્કાર્યમાં વપરાય. મેવા તો એ જ કહે કે સેવા નિજથી જ નિજ તનથી નિજ મનથી જ થાય. બહારથી સાધનોની અપેક્ષા રાખવી કે આવેલાનો સ્વીકાર કરવો એ બન્ને એક જ છે. એકદા બહારનો સત્કાર કર્યો એટલે બીજા અનેક અનર્થો સાથે આવશે જ પછી ભલે મોડહદિન દેખાય.

આંતર મન અને બાહ્ય મનના ભેદને અવલોકયા ન હોય ત્યાં સુધીની ભૂમિકામાં ઘણીવાર સાધકને વૃત્તિ આવીને ઠગી જાય છે એટલે જ એ દૃષ્ટિએ નિયમોની યોજના છે.

'સર્વત્ર શાન્તિ વિસ્તરો.'

સંતબાલ

સમ્મુદા સદન,
રણપુર
તા. ૨૨-૫-૩૭

વહાલા આત્મબાંધવ !

પત્રના અક્ષરે અક્ષરો ઊર્મિથી ઊછળીને, ઉભરાઇ નીકળતા સ્નેહપ્રવાહથી તરબોળ છે. પત્ર લખતી વખતે, કોઈ આશાવંત ઉરની આશાવેલડીને છેદી નાખનું, તીવ્ર હરિમંથન અકળાવી રહ્યું દેખાય છે. પત્રમાં આંતરવેદના પૂરી ન ઠલવાતાં એક અસંતોષનું ઝીણું બિન્દુ દેવાને આર્ત કરી રહેલું ભાસે છે.

પ્યારા ! આ બધું થતું અત્યન્ત સ્થાને છે, એ ભૂમિકા જ એ પ્રકારની છે.

વ્હાલા ! નિકટ બેસીને મેળવવા કરતાં તમોએ દૂર રહીને વધુ મેળવ્યુ છે. જે સાધકને વિકાસની સુધા છે. એવો એક પણ સાધક મુક્તિસેવાના મહાનિયમથી વેગળો નથી. ચાહે તે કેડી પકડો ! વહાલાં વિકસો. વિકસો ને વિકસો. આંતર વિકાસનું સૌરભ વિશ્વ સુવાસિત કરશે.

પ્યારાઓ ! સેવાનું ગમે તે ક્ષેત્ર નિયત કરો. એ વિષે કશું કહેવાનું ન હોય.

આટલું પણ પળે પળે યાદ રાખો:—

(૧) 'હું કંઈક કરું છું' એટલું સૂક્ષ્મ પણ વ્યક્તિત્વ ભેગો ન રાખો ! ભલા ! ભોક્તા ભોજન કરી કોની પાસે કહેતા ભાગે છે કે મેં ભોજન કર્યું ! કારણ કે એ તો એની પોતાની પ્રિયતમ અને આવશ્યક વસ્તુ છે. તેવી એ તો સાધકનું સ્વર્ગીય અમૃત છે. એનાં પાન કથવા જ નહિ. એનો ઓડકાર અને સ્ફૂર્તિ સહેજે કહી આપે

(૨) સાધકના માર્ગમાં બીજી આડખીલી બદવાની આવતી છે એનું મૂળ પ્રથમના અહંભાવના અંકુરથી જ છે. એવા એ વેરા નિર્બળતા અને નિરસતાના સ્વામીજ ગણાય છે.

આ બેથી ગતિ અન્યથા એની બની હોય તો બીજા અનેક [illegible] હોય કે હોવાના જ્યાં સાધક ને પાસથી વધેલી [illegible] [illegible] !

[illegible] ! [illegible] [illegible] [illegible] નિર્મળ અને [illegible] [illegible]. [illegible] પણ એક જ [illegible] [illegible]. [illegible] [illegible] નહિ [illegible].

[illegible] અને નિર્મળ [illegible] [illegible]. [illegible] [illegible] [illegible].

ચમત્કાર ! મોતીય છે જ. ઠેકેઠેક છે ઘણું કરી ક્યાં છે ! કેવું છે ! કોને કોની પીડા ઓછી કરે છે ! ખાન ! દુઃખ અને સુખ, આનંદ અને પરમાનંદ, ત્યાં અને ફક્ત એ નથી. અંતરમાં જ કેટલું પરિસ્થિતિ કે સમજાતા નથી.

જ્યારે જ્યાંની પ્રત્યક્ષ જ્યું કરી જોયું છે, દેખાય છે જોયું અને એ કહે છે જ જોયું. આથી વિવિધ તત્ત્વજ્ઞાનમાં ચિંતા કરી ચાલું. એ કેવો કેવું અવિરત ઘણ ચિંતન ગયુ ઊંડ આવ્યું. જ અને જ ઉત્તમને વિચારી છે. અનુભવી એવા આપણાઓની સ્થિતિમાં મુકાય છે. આવા અનુભવ જેવા અનેક વિચારો પણ જોવાને મળે જ છે. પરંતુ એવ મુનિશ્રી ઉત્તમ વિચારો સત્ય ખરી જ આવે છે અને તે પહેલા તો સત્યને જોવું અંતર હૃદયમાં પ્રત્યક્ષનું રહ્યું જ. કારણ કે તેમ મુનિશ્રીના મહાત્મ્યને આધિન જ આવે છે. ભાવનું જોઈએ, માટે જ બને છે.

કેટલુ પ્રત્યક્ષ પરમાત્મા ... આનંદ છે, તત્ત્વથી ઉંડાણમાં આત્મા રહેલ તો ચમત્કાર !!! કેવું અદ્ભુત તત્ત્વ જ દેખાડે, અને એ અનુભવમાં તમોને મુનિશ્રીના વચનો કરાવતો સાક્ષાત્કાર થશે

ભક્તોના ઉદ્‌ગાર—

(૧) ચમત્કાર ! ઉત્તમ ત્યારે તત્ત્વ ઉપર ફરીને,

આવો, આવો, ફરીથી ઘર આશિષોએ

તમો એ સાથે છો, પછી એવું શું રહ્યું ! એકાંતનો વિચાર નથી. એટલે એકલા રહેવાની કોઈ રીત તો આપણું નથી. મિત્રો ન કરો ! ભક્તોના મહાત્મ્યો પરસ્પરે વંદન કરી રહ્યા છે. અનંત ભરેલા તેમ સદાચાર રીતે ઉપાસના કરી રહ્યા છે. ત્યાં એકમના કેવી ! ત્યાં પ. પૂ. ગુરુદેવ હાજર રહતાં આ દેહની ખરે, પણ દરકાર રાખી

ચિત્તની. આત્માને બોધ આપે એવી પરંતુ આમે ગમી ધારેલી અભ્યાસ ધારણા વિરામ મળશે.

(૩) ધ્યાનની ભૂમિકા ધારણાની સિદ્ધિ પછીની છે. મનને અસંપ્રમાન રાખવું એ ધ્યાનનો વિષય છે, પરંતુ તે પહેલાં યોગનાં બીજાં અંગો જેવાં કે યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર એ બધું સાધવાનું રહ્યું ને?

(૪) પ્રાણનું વર્તમાન માનવજાતની સામાન્ય ભૂમિકામાં ઘણું જ મહત્ત્વનો ભાગ ભજવે છે. સ્થૂળ પ્રાણરૂપ નાડી, ઇન્દ્રિયો, દેહ ઇત્યાદિ છે જ, પરંતુ જે કંઈ અંતર છે તે સૂક્ષ્મ પ્રાણનું. જીવનમાં અશાન્તિ, ખેદ, ઉદ્વેગ, કલહ, અસંતોષ વગેરે જે કંઈ ભાસે છે તેનો મુખ્ય આધાર સૂક્ષ્મ પ્રાણ પર છે. એ પ્રાણ નિયમન અર્થે પ્રાણાયામની અગત્યતા યોગમાર્ગનું સર્વ પ્રથમ અંગ બની રહ્યું છે. મન તો માત્ર શૂન્ય સમ છે. મન બુદ્ધિ, ઇંદ્રિયો અને શરીરાદિ સર્વ કારણોનો મુખ્ય આધાર સૂક્ષ્મ પ્રાણ પર છે. એ પ્રાણથી ઉદ્ભવતી કામનાને વૃત્તિ શબ્દથી સંબોધવામાં આવે છે. એટલે પ્રાણાયામની આવશ્યકતા હરપળે રહેજ. પરંતુ પ્રાણાયામ એકમાત્ર સાધન રહ્યું. સાધ્ય જે કંઈ છે એથી જુદું જ છે. સાધ્ય છે તે ઘણું જ સહજ છે, પણ એ સહજતા સાધ્ય કરવા પહેલા જે કંઈ કરવાનું છે તે જ સાધના.

હવે ફરીથી પ્રશ્ન ?

વાહ ! પ્યારા, તમારા જીવનમાં જે કંઈ અસ્થિરતા અને એનું દુઃખ છે તે ક્યાંથી આવે છે! એનો પ્રથમ વિચાર કરો. સ્થિરતા પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરવો તે કરતાં અસ્થિરતાનું જ મૂળ શોધવું, એ માર્ગ સીધો, સાચો અને નક્કર છે.

જીવનમાં વ્યાપેલી અશાન્તિનું મૂળ સમજણના અભાવથી છે, જ્યારે તમો સાચેજ વિચારની ભૂમિકામાં ઉંડા ઉતરતા જશો અને જેમ જેમ ઉંડા ઉતરતા જશો તેમ તેમ તમોને નવીન અને નવીન

ત્વો સાંપડતા જશે. પળેપળે જાગૃતમય, વિવેકમય અવલોકન
જ સાધ્ય પ્રાપ્તિનું સહજ અને સર્વોત્તમ સાધન.

તમે જ્યારે અવલોકનની ભૂમિકામાં પ્રવેશશો ત્યારે તમારામાં
દ્ભુત ચેતન વિલસતું દેખાશે. તમો પ્રથમના કરતાં છેક જ નવીન
ની જશો અને તમારા જીવનમાં અનંતતા ઉભરાઈ નીકળશે. પ્રેમની
યોત પ્રગટી ઉઠશે અને તમો પ્રકાશવંત થશો અને પ્રકાશ
થરી શકશો.

બ્રહ્મચર્ય અને એવા સર્વ અંગોનું મહત્વ સમજાતા એની
ાધના આપોઆપ જ થશે અને પછી નિયમો એ તમોને બંધન નહિ
ગે પણ તમારા મિત્ર શા એ સહાયક થઇ રહ્યા દેખાશે.

બ્રહ્મચર્ય એટલે બ્રહ્મમયચર્યા. સત્યનું જીવનમાં દરેક કરણોમાં
ોતપ્રોત થવું કે કરવું તે બ્રહ્મચર્યની સિદ્ધિ અને સાધના છે.

(૧) ગૃહસ્થાશ્રમી આટલું યાદ રાખે કે દેહ એ વિલાસભોગનું
ાધન નથી, પરંતુ વિકાસનું સાધન છે. તો એ ઘણી આપત્તિઓથી
ચી જાય. કાયિક બ્રહ્મચર્ય, વાચિક બ્રહ્મચર્ય અને માનસિક બ્રહ્મચર્ય
મ ત્રણેય પ્રકારે બ્રહ્મચર્ય આરાધવાનું હોય છે. એને લગતા બધા
યમો જ્યારે ઇચ્છશો ત્યારે મેળવી શકશો. કાયિક બ્રહ્મચર્યથીય
ાનમાં ઊર્મિમયતા ઉદ્ભવશે. ભાવોની ભરતી રેલાશે કે જે બળ
ર જીવનવિકાસનો મુખ્ય આધાર છે.

સંતબાલ

વચ્ચેનો સ્નેહ અખંડિત રહે પણ એથી વિશેષ થાય તો સ્નેહ ભાંગે અને પંથ ન કપાય. આજના ધર્મોમાં વળગી રહેલા સાધકોની પ્રાયઃ એવી દશા છે. પ્રત્યેક ધર્મોમાં એક યા બીજા પ્રકારનું અસંસ્કારી રૌઢિક તત્ત્વ દાખલ થઈ ગયું છે અને એથીજ પરસ્પરનું અસામંજસ્ય દેખાય છે. પરંતુ સાધકે એવે સ્થળે મધ્યસ્થ ભાવે રહી પોતાની દૃષ્ટિને વધુ વિશુદ્ધ રાખી આગળ ધપવું જોઇએ.

(૧) ક્રિયાના ભેદોથી ન ડરતાં એની પાછળના અર્થ તરફ મુખ્યત્વે લક્ષ રાખવું જોઇએ.

(૨) ફૂલને તોડવામાં ધર્મ તો કોઈ જ ન માને ! 'आत्मवत् सर्व भूतेषु' એ તો સર્વ કોઈ ધર્મનો મૌલિક અને પરમ મંત્ર છે. પછી ચાહે તો એ જૈન ધર્મ હો, બૌદ્ધ ધર્મ હો કે વેદ ધર્મ હો ! પરંતુ એવી ઘણી ક્રિયાઓ હોય કે જે ગૃહસ્થ સાધકને સૂક્ષ્મ પ્રાણી દુભાવા છતાં કરવી પડે, પરંતુ એ બધું કરવા છતાંય એનું લક્ષ્ય તો સંપૂર્ણ અહિંસાને વફાદારજ હોવું જોઇએ. અને જેમ સૂ પ્રાણી તરફ તેજ રીતે મોટા પ્રાણીઓ તરફ પણ હોવું જોઇએ.

અહિંસા એજ વિકાસનું મૂળ દ્વાર છે, પણ એમાં વિવેક હે જોઇએ. કીડીને દુભાતાં પાપ માની, જે પશુને મારવામાં પાપ માને કે માનવી બંધુને નોકર રાખી અતિ બોજો લાદવામાં અ ન સમજે તો એ અહિંસાના સાચા સ્વરૂપને નથીજ સમજ્યો કહેવાય.

આટલું યાદ રાખો કે વચન, જીભ અને મન પર સંયમ લા વિના શુદ્ધ ધર્મ કે અહિંસાનાં પગરણ સાધ્ય નથી.

(૩) તમને જે ધર્મક્ષેત્ર મળ્યું હોય, તેમાંથી જ તમો શા જોઇએ તેટલી પામી શકશો. શાન્તિ માટે ધર્માંતર કરવાની ક અગત્ય નથી. માત્ર તમારે એ ધર્મનાં રૌઢિક વ્યવહારોથી વિર રહી એમાંનું સો ટચના સુવર્ણ સમું માત્ર સત્યજ શોધવું જોઇ

વહાલા ! એકાદ દેહમાં એ હૃદયને પૂરી જ ન શકાય ! એ પ્રવાહ તો વસુધાનું વહાલસોયું જીવન અને જીવનનું અમૃત છે. નિતાન્ત પ્રવાહિત રહેવામાં જ એનું સૌન્દર્ય, અખંડિત રહે છે અને વિકાસ અબાધિત રહે છે.

ગૃહસ્થાશ્રમઃ—

ગૃહસ્થાશ્રમ એ જો સાચેજ આશ્રમ હોય તો, આશ્રમ એટલે તો જગતનું વિરામ સ્થાન. ત્રિવિધ તાપથી તાપિત થયેલાં અનેક ઉરોનું એ તો અનેરૂ આશ્વાસન ! અને તે યથાર્થ રીતે ત્યારે જ સધાય કે જ્યારે એને કાંધે વહેવા તૈયાર કે તત્પર થયેલા માનવ ધુરીણો ખરેજ દેવ હોય !

એ યોગ્યતાનો અભાવ હોય તો એ આશ્રમ સાચું સુખપાત્ર સ્વને કે પરને કોઈને નીવડતું નથી. આ હેતુએ જ પ્રાચીનકાળની બ્રહ્મચર્યાશ્રમની સુચારૂ યોજના હતી. એ સંસ્થા જેવું અલગ તત્ત્વ ભારતવર્ષમાંય નથી રહ્યું અને તેથીજ માતાનો બોજો બેવડો વધે છે. સંતતિને સંસ્કારિતાનું દૂધ એના વિના પાનાર બીજું કોઈ એટલું ઉત્તમ પાત્ર નથી જ મળતું. પરંતુ બ્રહ્મચર્યના ઉજળા આદર્શનું શિક્ષણ માતાઓ પામતી નથી, કે આપતી નથી એ એક સાધક માટેનું દુઃખદ વસ્તુ છે.

ગૃહસ્થાશ્રમ પણ વિકાસની એક શ્રેણી છે. દેહ એ ભોગનું નહિ પણ સંયમનું સાધન છે. બ્રહ્મચર્ય એ જ એમનો આદર્શ છે. દેહ-લગ્ન એ તો ઔપચારિક સાધન માત્ર છે. વાસ્તવિક રીતે આત્મલગ્ન એજ સાચાં લગ્ન છે. દામ્પત્યપ્રેમનું પુષ્પ બ્રહ્મચર્યના અમૃત છંટાવે જ પાંગરે છે. પૃથક પૃથક રહેવાથી અધિક સતી વેલડીઓનું નૈસર્ગિક વિકાસપ્રેરક ઉર-મિલન તે જ દંપતીયોગ. આટલું જ્ઞાન જીવનમાં વણાય તો જીવનવિકાસમાં નડતી કેંક ઉપાધિઓ સહેજે શમી જાય.

વહાલા આત્મબાંધવ !

કુદરત જુઉં કરે છે તેય ઇષ્ટ છે અને
જ છે. પ્રકૃતિમૈયાને આંગણે એકપણ મિ
ભક્તિમયું હૈયું, શુચિતમ ભાવના
જીવનમાં શાન્તિ ભરશે જ ભરશે.

જે સરિતા વાંકીચૂકી ચાલી ગઈ હોય
થોડા પાણા, ટેકરામાં અફળાતું તે૦ પ્રોજ ના
કેવું ધૈર્ય રાખે છે !

વહાલા ! આ રેવા—નર્મદા સામે જુઓ તે
અવિચ્છિન્ન વહેતી આવે છે ! પણ ધૈર્યનાં ફળ તે
આખરે એ સાગર દેવને અમૃત ખોળો પામે જ

(૧) વિપત્તિઓ એ તો વિભુનાં વ્હાલસોયાં
(૨) કાંટાકાંકરા તો આંખને જાગતી
રાખો છે.

(૩) હારીને પાછા ફરવા કરતાં વીરતામયું જી
(૪) ગજા વગરની અને વગર અવલંબને
મનું ઉદાહરણ આ સામે ખેલતાં બાળકો જ કયાં

ૐ શાન્તિ

સંત

સન્મુદ્રા સદન,
રણાપુર
તા. ૨૯-૫-૩૭

વહાલા સાધક !

દિનકર 'અસ્ત' ની ઘડિયો પોકારે છે. મૈયાનું સાધક નિમિત્તે પાઠવેલું આ એકજ કાવ્ય અને એનીય થોડીજ કડીઓ.

જે આંખનાં અમૃત પીધાં, તે આંખ કેમ ભંગાય ?
ક્યારા અમીના રોપિયા, ત્યાં ઝેર કેમ છંટાય ?
જ્યાં પાન પી (દૂધ પી) મોટા થયા, ત્યાં કર કેમ મેલાય ?
દૂધપાકના ભોજન મહીં, કેમ લવણ ભેળાય ?
જે ગોદમાં સૂતા હતા, ત્યાં જાંઘ કેમ ધરાય ?
શિરના મુકુટને કેસરે, રિપુ પાય ચગદાવાય ?
જે અંગથી જીવન મળ્યું, ત્યાં વાસના પોષાય ?
શું કામધેનુ કસાઇ હાથે, નેત્રથી જોવાય ?
એ સોડ સ્વર્ગીય સ્થાન શું ભોગોથી ખરડાવાય ?
શું દિવ્ય કલ્પતરૂ અરેરે ! શસ્ત્રથી છેદાય ?
જે કેડ પર રમતા હતા, બાથે શું તે ઝીલાય ?
ચિન્તામણી શું રત્ન પંકેથી રગદોળાય ?
જે હાથ શિર ફરતો હતો તે હાથ શું મરડાય ?
ઉપકારીનો ઉપકાર શું અપકારથી ફેડાય ?
એ હેતના વત્સલઝરાને કેમ સુકાવાય ?
સુંદર મનોહર ફૂલ, શું પથ્થર થકી પિસાય ?
જે મુખ મંદિર મુક્તિનું, શું કામપાત્ર કરાય ?
મલિન મળને ઠેલવા, શું કનકપાત્ર સુહાય ?
સત્યમુદ્રા શિર સૃષ્ટિનું, માતાનું અંગ ગણાય,
ઉપયોગથી અમૃત રસાયણ, ભોગથી વિષ થાય.

બોલો ૐ શાંતિ

સંતબાલ

સન્મુદા સદન,
રણાપુર
તા. ૨૯–૫–૩૭

વહાલા આત્મબાંધવ !

તમારી લાગણી, આકાંક્ષા, ભક્તિ અને કોમળ હૃદય અધિકારીપણાનાં ચિહ્ન છે.

ઉત્તરો:—

(૧) યોગ એટલે જોડું અથવા જોડાવું. શુદ્ધ પરમાત્મસ્વરૂપની પ્રાપ્તિ એ યોગની અંતિમ સિદ્ધિ છે.

(૨) મિતાહાર વ્યવહારને, નિદ્રા અલ્પ પ્રમાણ
એકાન્ત વૃત્તિ મૌન એ, સાધન યોગ વિધાન

અલ્પાહાર, અલ્પપ્રવૃત્તિ, અલ્પનિદ્રા, એકાન્તપ્રિયતા વાચામૌન અથવા વાચામિતભાષિપણું એ સાધનો છે.

(૩) સ્થિર આસન જમાવવું એય આવશ્યક અંગ છે. એકાન્ત જગ્યા અને કુદરતી સ્થાન હરિયાળું લીલું વાતાવરણ સ્થિરતામાં સહાયક બને છે.

(૪) રાત્રિભોજન બાધાકર છે. સાંજે જો લેવું જ પડે તો અલ્પ લેવાય. એથી પ્રમાદ ઓછો રહે.

(૫) પ્રભાતનો સમય અનુકૂળ ગણાય પરંતુ યોગ પહેલાં એ સાધક 'ક્ષેત્ર વિશુદ્ધિ' કરવી જોઇએ. યોગનું બીજ વવાય એવું હૃદય કેવળ પવિત્ર કરવું જોઇએ.

(૬) માયા તરફનું અલ્પ ખેંચાણ, કાયિક બ્રહ્મચર્ય એ બે પ્રાથમિક અંગો છે. એથી નવીન બંધન અટકે છે ને પૂર્વ તરફ જાગૃતિ રહે છે.

(૭) પછી આવે છે 'નિન્દનાનુક્રમે ખાતર પૂરવાનું કાર્ય'. પૂર્વની અવસ્થામાં થઈ ગયેલી નાની ભૂલો ભલે હોય તોય એનાં મૂળિયાં બહુ ઊંડાં હોય છે. એને ચૂંટી કાઢવાં જોઈએ. એક બાજુ નવો કચરો ન ભરાય તેની ચોકી રાખવાની ને બીજી બાજુ જૂના કચરાને ખૂણે ખાંચરેથી શોધીને, ખોદીને દૂર કરવાનો.

બસ પછી ખાતર પૂરવાનું એટલે કે ઉત્તમ પ્રકારના વિચારોનું બળ જમાવવાનું. તે સંકલ્પ દ્વારા, સત્સંગ દ્વારા, સદ્વાચન દ્વારા કે જાપ દ્વારા મળી શકે.

આટલું કર્યા પછી આગળ શું કરવું તે માર્ગ મળી રહેશે અથવા પ્રેરણા મળશે. તમો જે ઇચ્છો તે મળશે. ધીરજ ધરો, થોડું ચાલો અને જ્યાં અટકો ત્યાં મૈયાનું અવલંબન લો. પરંતુ પ્યારાઓ ! ચાલવાનું તો તમારે જ પગે અને તેય તમારે પોતાની મેળે એટલું પળેપળ યાદ રાખો.

સર્વ મંત્રનો મહામંત્ર તે 'ૐ'. એ પ્રણવમાં સકળનો સમાવેશ છે.

સંતબાલ

રજાપુર
તા. ૨૯-૫-૩૭

વહાલા આત્મબાંધવ !

(૧) જે સાધન સાધ્ય તરફ કે સાધ્યની નિકટ લઈ જતું હોય તેવું એકપણ સાધન ત્યાજ્ય નથી. વહાલા ! જ્યાં અને જેમાંથી આત્મસ્ફુરણા કે આત્મદર્શન પમાતાં હોય, અને તે સાધન બીજાં કોઈ અનિષ્ટોને ન વધારતું હોય તો તે સાધન સ્વીકારવામાં જૈનતત્વ બાધ નથી સમજું

(૨) પથ્થર કે તેવી કોઈ ધાતુમાંથી જીનરૂપ બનાવી પૂજવાથી આત્મદર્શન પામ્યાના જૈન મૌલિક આગમોમાં કોઈ દૃષ્ટાન્ત નથી. જૈનધર્મમાં મૂર્તિપૂજાના અંગનું ધર્મ નિમિત્તે દાખલ થવું બહુ અર્વાચીન કાળથી છે. મૌલિક નથી અને દાખલ થતી વખતેય એજ અવલંબન છે એવું નહોતું મનાતું, પરંતુ તમે જાણો જ છો કે માનવ સમુદાયમાં જે ક્રિયા પ્રચલિત થાય છે તે અમુક કાળે રૂઢ થઈ જ જાય છે. જો ચેતના કાયમ ન રહે તો ! એ રૂઢીની પ્રણાલિકા ધર્મપ્રાણ લોંકાશાહે મૂળ આગમો દ્વારાજ પ્રકાશ ફેંકેલો. એમ એમનું સત્ય અને સિદ્ધાંતજ્ઞી જીવન સાખે છે. પણ આટલું વાંચી ઊંડુ વિચાર્યા સિવાય કોઈ સાધક બીજા સાધક, જેને એને લડવાનું સાધન ન બનાવે. વિચાર એ શસ્ત્ર નથી. શસ્ત્ર તરીકે એનો ઉપયોગ ન જ સંભવે.

વળી પરંપરાથી જે એક માન્યતાના સંસ્કારમાં સાધક ઉછર્યો હોય, તેને દુભવી પણ ન શકાય. ફરીથી પ્રથમ ઉત્તરને વિચારના રહસ્ય સમજાશે. જૈનત્વ વિવેકભરી ક્રિયાશીલતા શીખવે છે.

(૩) મુખવસ્ત્રિકા કાયમ બાંધવી કે ન બાંધવી તેનું ચોક્કસ નિર્દેશન શાસ્ત્રમાં નથી. જ્યાં પાઠ છે ત્યાં પ્રતિલેખના કરી ગોચરી જવાનો ઉલ્લેખ હોઈ ગોચરી જતી વખતે તે કાળેય મુનિઓ રાખતા એમ જણાય છે. અને શ્રી ભગવતીમાંય ઉડતા એવા સૂક્ષ્મ જીવો કે

જે મુખમાં ન પેસી જાય એ રક્ષણના હેતુએ રખાતી હોવાનો ઉલ્લેખ છે. બોલતી વખતે રાખવામાં (૧) શિષ્ટતા (થૂંક ન ઉડે તે) (૨) થૂંક પડીને વાંચતી વખતે સામે રાખેલાં તાડપત્રનાં પાનાં (પ્રાચીન હસ્તલિખિત) ખરાબ ન થાય એ બે કારણો હતાં. પછી એક સમુદાયમાં એ છેક જ રૂમાલની જેમ માત્ર પાસે રાખવાનું સાધન બની ગઇ. બીજા સમુદાયમાં કાયમ માટે મોંઢે બાંધી રાખવાની પ્રથા થઈ ગઈ. આમ વાત છે, વહાલાં! સર્વ ક્રિયાઓનું એમ જ છે. જો હેતુ તરફ લક્ષ ન રખાય તો તે રૂઢીરૂપ બની કેટલીકવાર હેતુથી વિરુદ્ધ પરિણામ પણ લાવે છે.

(૪) મુખવસ્ત્રિકા કાયમ મ્હોં પર રાખવામાં આવે અને શુદ્ધિ તરફ લક્ષ રાખી અને વિવેકપૂર્વક ઉપયોગ કરવાથી જેમને હિત લાગતું હોય કે 'વાણીને ગળીને જ બોલાય' એવું સૂચક ચિહ્ન થઈ પડતું હોય એનો વિરોધ પણ ન જ કરવો જોઇએ.

(૫) જે '૨+૨' ચારજ હોય ત્યાં દલીલ જ શા માટે! સત્ય તે સત્ય જ છે.

(૬) એ શું કે અન્ય શું? રૂઢી માત્રનું એમ જ છે. જ્યારે સત્યાર્થી સાધકને સાચેજ સત્યની તમન્ના લાગે છે ત્યારે એ વમળ સહેજે વિરમી જ જાય છે. જુઓ! સાગરના મોજાં કેવા જોરથી વસુધાને આંગને આવી આવી અફળાય છે! પરંતુ તમે મધ્યનું નીર જોશો તો તમોને અવશ્ય જણાશે કે ત્યાં કેવું અપૂર્વ ગાંભીર્ય છે. બસ એ જ રીતે ધર્મનું મૌલિક સત્ય છે. એનીજ સામે દૃષ્ટિ રાખો: એને જ લો. બાકીનાને છોડી દો. નિર્મળ દિલ, વિશુદ્ધ પ્રેમ, દૈવી નિઃસ્પૃહ ભક્તિ આ ત્રણ મળીને એ તો ત્રિવેણી સંગમ છે. એને ઝીલીને સૌ અમર થાઓ. વિર્તન વિકાર બની નિરામય પ્રભુ-સ્વરૂપમાં લીન થાઓ.

સર્વત્ર સૌ શાંતિ પામો.

સંતબાલ

સન્મુદા સદન,
રણાપુર
તા. ૨૯–૫–૩૭

વહાલા આત્મબાંધવ,

જર્જરિત થયેલી ગૃહસ્થાશ્રમની વ્યવસ્થા, છિન્નભિન્ન થયેલાં અંગો તથા રાષ્ટ્રીય અને સામાજિક પરિસ્થિતિ, તમારાં જેવાં કુમળાં કુસુમોને કરમાવે છે કાં!

વહાલા! પાણી પૂરપાટે ધસી આવે છે. પુરનાં પાંચ કારો મહિનું એક બંધ કર્યે શો દહાડો વળે!

બ્રહ્મચર્ય એ સંન્યસ્તનું તો જીવન છે જ પણ આજના પ્રત્યેક ગૃહપતિઓનું એ ઉપાસ્ય દેવ અને જીવનનાવનો ધ્રુવ કાંટો બની રહેવું જોઈએ.

પ્રકૃતિનો અનગંજ બોજો, જીવનપોષક તત્વોની ન પૂરી શકાય એવી ખોટ, આર્થિક મુશ્કેલીઓની અપાર ગડમથલો જીવન–પંથને પગલે ને ડગલે ઉપસ્થિત થતાં કાંટાકાંકરામાંથી નિર્વિઘ્ને રીતે વહી જવું અને મૂડી કાયમ રાખવી કે વધારવી એ માત્ર દુસ્તરણીય દુઃશક્ય જ નહિ, અશક્ય છે!!! અને આ દશામાંય વીર્યનો દુર્વ્યય કરી નાખવો એ તો કેમ અને કોને પોસાય!

પ્રિયતમ! શું માતૃજાતિનો ઉપયોગ માતા તરીકે ન થઇ શકે! શું ગૃહસ્થાશ્રમ એટલે વિષમય સ્થાન! બ્રહ્મચર્ય શા માટે અસાધ્ય છે!

તમારા વિચારની દિશાનો વેગજ બદલી નાખો અને ત્યારે તમો આજે જેને અશક્ય માની રહ્યા છો એ છેકજ સુલભ, શક્ય અને સરળ બની જશે. દિવ્ય દામ્પત્યની અપૂર્વ ઉલ્લાસ લહરીથી કાં વંચિત રહો છો! પ્રભુ એ પુણ્યપંથનું મુક્તિનું ઉચ્ચતમ પાથેય-ભાતું કાં ન થઇ શકે!

(૧) વૃત્તિઓને દબાવો. અભ્યાસોથી સતત ચેતતા રહો.

(૨) પ્રથમજ થોડો વખત આકરા નિયમો પાળવા પડશે, પછી તો બન્નેનું જીવન રસમય, પ્રેમમય (વિશુદ્ધ) અને તેજોમય બનશે, બની જશે.

(૩) 'ભૂલ્યા ત્યાંથીજ પાછાં વળો.' પગલું ભરતાં પહેલાં જેની જરૂર હતી તે પંથ કાપ્યા પછી આજે સુઝયું છે. છતાંય હજુ દિશા ફેરવી શકાય તેમ છે. સુકાન સાધકના પોતાનાજ હાથમાં છે. નાવ હજુ સલામત છે. માલ ગયો તોય ક્ષુધા પૂર્તિ કરે એટલી સામગ્રી તો છેજ અને બાકીની 'આશે' મળી જ રહેશે.

યાદ રાખો, તમારી 'will power ને કાંઈ જ થંભાવી નહિ શકે. સમાજ અને જગતને ભૂલશો જ હો. તમે તમારે પંથે પડો. વહીલ આજે નહિ તો પછી સમજશે.

સત્યને જ સર્વભોગે આદરાય, અસત્યને નહિ જ. વળી તમારો આ માર્ગ છેક નવીન જ નથી. ઘણાએ આચરેલો, સ્વચ્છ કરેલો એ પુનિત પંથ છે.

મુશ્કેલીઓનો પ્રથમથીજ વિચાર કરનાર ત્યાંનો ત્યાંજ પડી રહે છે, સાહસથી પગલું માંડનાર પડતાં, આખડતાંય સ્થાને પહોંચે છે.

વહાલા! જ્યાં સુધી પાયોજ સ્થિર ન નખાય, ત્યાં ઇમારતનાં બીજાં સાધનોને જમા કર્યે શો લાભ!

બ્રહ્મચર્યનાં પૂજન અથવા બ્રહ્મચર્યનાં આરાધન એ જ સર્વ પ્રવૃત્તિઓનું મૂળ મંડાણ છે, પ્રથમ સોપાન છે. એ સોપાને પગ મૂકીને જ દિવ્યતાનાં દ્વારે પહોંચાય છે.

માનવજીવનની મહામૂલી તક કેમ ગુમાવવી પાલવે! સુંદર દેહ એ તો છે જગતમાંનું સુંદર સૌંદર્ય. ખરેખર વિચારો, વિવેક અને પ્રકાશ પામો. ધૈર્ય, શ્રદ્ધા અને હિંમત પ્રગતિના સર્વ દ્વાર ઉઘાડશે જ.

સૌ કોઈ શાંતિ પામો.

સંતબાલ

સન્મુદ્રા સદન,
રણાપુર
તા. ૨૯-૫-૩૭

વહાલા આત્મબાંધવ !

બસ! આવી જ વીરતા શોભે. પરમાત્માના સ્મરણનું નિધાન જે જે હાથ લાગ્યું એની તો ભવની ભાવટ ભાંગી. એને બીજે ચાચવાનું રહ્યું જ ક્યાં !

જગત દૃષ્ટિ તો જુદી જ છે. એ તો સુખ અને દુઃખની ભુમરાણ કરતાં કદી થાકતી જ નથી. સુખ પાસે હોવા છતાં એને મુકી, સુખ, સુખનું માત્ર નામોચ્ચારણ જ ર્યા કરે છે. ખુદ પ્રભુ પાસે આવીને એ પાસેનો નિધિ બતાવે તોય જોવાની ક્યાં એને પડી છે ! એના કાનજ મોહ અને માયાએ બહેરા કરી મૂક્યા છે.

છાયા છે, ત્યાં તાપ પણ આવવાનોજ અને તાપ છે ત્યાં ઘડી જ પછી છાયા એ થવાની એમાં આશ્ચર્ય કે ખેદ જેવું શું રહ્યું વહાલા ! પુત્ર, સંતતિ, કુટુંબ, કુળ, સમાજ, દેશ, કે વિશ્વ જ્યાં જે જે ક્ષેત્રમાં, જે કાળમાં કે જે પરિસ્થિતિમાં હો ત્યાં બસ, પરમાત્માને સામેજ રાખો, પછી ગાફલાઈ રાખવી નહિ પોષાય ! તો સર્વત્ર આનંદ આનંદ ઉભરાતો નિહાળીને તમો આનંદમય બની જશો અને તમારી છાયા પાસે ઉભેલા સૌ આનંદમય જીવન જાણી શકશે.

ૐ શાન્તિ

સંતબાલ

સન્મુદ્રા સદન,
રણાપુર
તા. ૨૯-૫-૩૭

પ્રિય આત્મબાંધવ !

(૧) 'ૐ'નું સ્વરૂપ સદાય નવીન છે, એની વ્યાખ્યા યુગે યુગે બદલી છે ને બદલાશે.

(૨) જીભથી જે કંઈ ઉચ્ચારવાનાં મંગલો છે, એમાં 'ૐ' એ સર્વોત્તમ મંગલ છે.

(૩) 'अ+उ+म' મળીને 'ૐ' થાય છે. બ્રહ્મા, વિષ્ણુ, અને મહેશ કહો કે ઉત્પત્તિ સ્થિતિ ને લયાત્મક સત્ય કહો, એનું એ અક્ષર દ્વારા ઉચ્ચારાતું સાકાર સ્વરૂપ છે.

(૪) જૈન, બૌદ્ધ કે વેદ એવા ધર્મો કે ઇતર કોઇપણ નીતિમય ધર્મપંથો એમાંથી ઇચ્છીત શુભ અર્થો તારવી શકે !

(૫) વાણી એ ચિત્ત સમાધિનું સહાયક અંગ છે. કાંતો તદ્દન મૌન અથવા શુભ તત્ત્વોથી એ ઘેરાયેલું રહે તો જગતમાં જે અશુભ તત્ત્વો ભર્યાં આંદોલનો આંચકા આવી, ક્ષણે ક્ષણે મનમાં ક્ષોભ કે વ્યાકુળતા જન્માવી દે છે તેથી 'જપ' એ સાધકને બચાવી લેવાનું બળ પૂરે છે.

(૬) જપની સાથે જ બેસતાં પેલાં નિશ્ચયી આસનથી બેસી ન ઉઠવાનો અને મનને એકાગ્ર રાખવાનોય દૃઢ સંકલ્પ કરવાનું ભૂલવું ન જોઇએ. પ્રથમ થોડેથીજ શરૂ કરવું. જેથી સહેજત કાયમ રહે.

(૭) ભજન અને 'રઘુપતિ રાઘવ રાજા રામ' કે એવી ધૂનનો સહચાર તો સાથે રાખવોજ કે જેથી કોઇ વખતે એ પરત્વે કંટાળો ન ઉદ્‌ભવે અને થતી પરિસ્થિતિની નોંધ એક અલગ સ્થળે રાખ્યા કરવી એ સાધકને હિતાવહ છે.

(૮) દેહ અને આત્મા વિષે જ્યારે પ્રશ્ન સંભવે છે ત્યારે ત્યાં જે કંઈ પ્રશ્નકર્તા છે તે આત્મા છે.

(૯) તમે જ્યારે અધિકી મુંઝવણમાં મૂંઝાયા હો, ચોમેર નિરાશાનાં વાદળાંથી જ ઘેરાયા હો અને તમારું કોઈ સાથી ન દેખાય, તે વખતે આવીને બાજી ધારે છે, નવી સ્ફુરણા પ્રેરે છે. તે અંતરાત્મા છે.

(૧૦) તમને એક વખતે ઇષ્ટ લાગતી વસ્તુ જ બીજી વખતે અનિષ્ટ લાગે છે. એ ઇષ્ટ અને અનિષ્ટની સંધિ જેના સહાયથી મન, ચિત્ત, બુદ્ધિ કે હૃદય સાધે છે તે આત્મા છે.

(૧૧) આત્મા પોતે દશ્યમાન ન હોવા છતાં તેજ પૂરે છે, તે આત્મા છે. જેના તેજવિહોણું યૌવનમય શરીર હાડપિંજરમાં ફેરવાઈ જાય છે તે આત્મા છે.

(૧૨) ગુરુવારની સંજ્ઞા 'બૃહસ્પતિ' પરથી પડી છે અને ગ્રહો સાથે વાતાવરણનો, જગતનો, દેહનો અને મનનો સંબંધ તો છે જ. એટલે મનોપ્રસન્નતા અર્થે એવા વારો જોવાય છે. સદ્વિદ્યા કે ધાર્મિક કાર્યો એવા વારે મંગળ મુહૂર્તે કરવાથી મનપ્રસન્નતા રહે છે, પરંતુ મનને જે કાબુમાં સ્વયં રાખવા જેટલો સમર્થ સાધક છે, તેને સદાય સર્વકાળે મંગલ જ છે.

ૐ શાન્તિ

સંતબાલ

સન્મુદ્રા સદન,
રણાપુર
તા. ૨૯-૫-૩૭

વ્હાલા આત્મબાંધવ !

કાવ્ય સ્નેહરસથી તરબોળ છે અને ઊર્મિઓનો સદાય ભીનીજ છે ના બાપુ !

ભિક્ષુકને ભિક્ષા આટલી મોટી શોભે ? છતાંય જેની પાસે એ ભિક્ષાની યાચના પહોંચવાની એ મૈયા તો ઇચ્છાનું પૂરક કલ્પતરૂ છે. પણ વહાલા ! એ કિંમત પણ એટલીજ માગે છે. એ વસ્તુ સાથી પળે પળે યાદ રાખવી જ રહી.

શ્રદ્ધા અને ધૈર્ય એ બે કર વિના એના દ્વારે ભિક્ષા યાચવા નજ જઈ શકાય ! અને ભલા ! બિન્દુરૂપજ જો બની જવાય તો સિન્ધુની યાચના બાકી ક્યાં રહી ?

વહાલાઓ ! નાનાં હો કે મોટાં હો, સૌંદર્યમૂર્તિ હો કે સામાન્ય હો, સૌ મૈયાના મહાનલના મોંઘેરા તણખારૂપ છો, એ જ્યોતિનાં અભિનવ કિરણો છો. વિકસો અને વિકાસમાં જ રાચો. ક્ષણિક શાં તનમનિયાં-છનમનિયાં તમોને કે તમારા તેજને ન છીનવી લે એનું પળે પળે સ્મરણ રાખી જીવનમાં ધોધને ચોમેર રેલો બાપુ !
જીવન્ત રહો-તમારાં ભક્તિ ઉલ્લસતાં અંતરો !!

સર્વત્ર સૌ શાંતિ પામો.

સંતબાલ

સન્મુદા સદન,
રણાપુર
તા. ૨૯-૫-૩૭

વહાલા આત્મબન્ધુ

તમોને જે કંઈ અસર થઇ છે, તે થવી જોઇએ અને થઈ
એ વિષે કશું નવીન નથી. તમે જે આશાથી આવ્યાં હો તે આશા
અધિક પામ્યા જ છો. ભલા ! અખિલને મૂકી અલ્પમાં કોણ રાચે

જે નથી સમજાયું, તે જરૂર સમજાશે. એ જ ભાવ, એ
વાક્યો અને એ જ શૈલીથી સમજાશે. ઉતાવળ કાં બાપુ !

ધૈર્ય ધરો, શૌર્ય ભરો, સામ્યવરો, જાડ્ય હરો મર્ત્ય લોક
જનીન ! દિવ્ય લોકના પુરીણુ સત્યના સચીવ દીન ! સદ્ય સંચરો ..

ઉત્તરો :—

(૧) એક વર્ષના એકાન્તવાસ સમીને મેવાએ આ લોક
શાની મૂકો આ દેહને વહાલા ! પરમ પૂજ્ય ગુરુદેવ તો સાક્ષાત્
પરમાત્મ સ્વરૂપ છે. ગુરુપદ એ તો છે મર્ત્ય લોકનું મોક્ષધામ ધ્યાસ
દિયા અને પ્રભુ સદા સર્વદા અભિન્ન છે, અને રહેવાના. હોવાના

(૨) અત્યારે 'રણાપુર' સ્થાને છે તો તે જ રહ્યું ! પ્રિય
કે અનિવાર્ય કારણના વિના અન્ય સ્થાનનો સંકલ્પ
સંભરે વીરા !

સમાચાર:—

(૧) વહાલા હૃદય ! જ્યારે કંઇક આકસ્મિક કારણ થ.ય છે
ત્યારે જ એમ થાય છે, ધ્યાન એ પ્રેમ્નુજન્ય વસ્તુ હોય
સ્થિતિમાં જ એવું બની જાય છે

(૨) [illegible]

જે સેવ્ય હોવા છતાં સેવક અને સેવક હોવા છતાં સેવ્ય છે તે ભૂમિકા એ છે.

(૩) ખોરાક હોજરીને જે કંઈ પથ્ય હોય તે સર્વ લેવાય છે એવાની સામાન્ય સ્થિતિમાં સંયમી રસ, સત્ય, સૌંદર્ય અને આંતર આહ્લાદનો ક્યાં તોટો છે ? પ્રિયતમ ! તમે જે કંઈ અપેક્ષો તે મળશે જ. સાધકને અધીરજ કેમ પાલવે બાપુ !

સર્વત્ર સૌ શાંતિ પામો

સંતબાલ

સન્મુદા સદન,
રણપુર
તા. ૫-૬-૩૭

વહાલા અને પૂજ્ય ચેતનદેવ,

શ્રી હરિની હજુરમાં હાજર થયેલી મનોભાવના પ્રતિદાન વાંચ્યે છે શું ! અહો ! કેવો અપાર પરિશ્રમ ! કેટલાં વિશાળ મનોમંથન ! ! અને ચેતનદેવનાં ચૈતન્ય ચળકી ઉઠે છે ! ! ! ધન્ય હો ! ધન્ય હો !

પ્રિયતમ !

ભાવનાનાં સમૃદ્ધ સૌંદર્ય દર્શન એ તો છે
દિવ્યતાનાં અમૃત ચોઘડીયાં
અને ઘડી ઘડી દોડતાં વળી વળી વિલંબતા
છતાંય થંભતાં ને અટેલતાં
ઠેઠ ઉંડી ઉંડી ગુફામાં સરકીને ચેતવતાં
ચેતનદેવનાં તેજ કેવાં એ
અમૃતસિદ્ધિનાં સંયોજન !
અમર રહો ! ! વહાલાંઓ અમર રહો ! ! !

સતેજ સ્ફુલિંગ એ તો છે વહાલા! પ્રકાશનું, તેજનું સંગ્રહિત સાર સ્વરૂપ! પ્રથમ અંતરના ચક્ષુએ ઓળખ્યાં, અને વહાલા! ચર્મચક્ષુને ગમ્યાં ખરુને!

જ્યાં જ્યાં	સત્ છે,	ત્યાં ત્યાં	સંત છે.
,, ,,	સંત છે,	,, ,,	સેવ્ય છે.
,, ,,	સેવ્ય છે,	,, ,,	સેવક છે.
,, ,,	સેવક છે,	,, ,,	સેવા છે.
,, ,,	સેવા છે,	,, ,,	હૃદય છે.
,, ,,	હૃદય છે,	,, ,,	મૈયા છે.
,, ,,	મૈયા છે,	,, ,,	સભર સૃષ્ટિ છે.
,, ,,	સભર સૃષ્ટિ છે.	,, ,,	સત્ છે.

સત્‌ની આંખ અને પ્રેમની પાંખ
ઉડો ઉડો વહાલાં! દેવ મંદિરમાં વસતાં જીવનપંખીડાં!!
આવો આવો આલિંગીએ પ્યારા!

દિવ્ય મનોરથો, ભવ્ય આકાંક્ષાઓ, ઉંડી જીજ્ઞાસાઓ એ કદી વન્ધ્ય નથી હોતાં! પરંતુ એની સાંકળ એક માત્ર મૈયાને હાથ છે. જીવનધારીઓ એ સાંકળના માત્ર અંકોડાઓ છે. એનાં સુંદર સંધાન કરનાર નિમિત્તોનાંય શિરોરાય નિમિત્ત છે. ગુરુકૃપાનાં પ્રેમળ કટાક્ષ! સંધાન વિના સાંકળ ક્યાં! અને સાંકળની સંકલના વિના મૈયાના પાવનાં દર્શન ક્યાં! જીવો! નિમિત્તો અને અમર રહો મહાનિમિત્તો!!!

અહો! મૈયાનાં મહારાજ્ય કેવાં વિસ્તીર્ણ છે! ધન્ય હો નિર્મળ પ્રેમની અમૃત ગંગા! બસ, રેલો સકળ જગતમાં.

સર્વત્ર સૌ શાન્તિ પામો

સંતબાલ

સન્મુદા સદન,
રણપુર
તા. ૫-૬-૩૧

વહાલા આત્મમિત્ર,

ઉન્નત પંથે ઉડી કો અનેરી દિશાના નીરખવાની તમારી અંતરિચ્છા વહેલી જ પાર પડશો પ્યારા! તમો જે ક્ષેત્રમાં છો, ત્યાંથી જ પ્રયાણ કરો. અખૂટ ધૈર્ય, સતત ઉત્સાહ અને સાચી શ્રદ્ધાનું ભાતું સાથે જ લેજો. જગત કયા માર્ગે દોરે છે તે જોવા માટે થંભશો નહિ. જગત શું કહે છે એ સાંભળવા તમારા કાન ના દેશો. કેવળ સત્યની બ્યુગલનો સાદ સુણી ચાલવા જ માંડો. કુચ કરો મળેલી તક અમૂલ છે. સાધનોય વિપુલ છે પછી કાં થોભવું! મહા.પંથના મુસાફરને થંભવું કેમ પાલવે!

પ્રલોભનો સાચાં પ્રલોભનોય નથી, એ તો માત્ર ભ્રાન્તિથી જ લોભાવનારાં દેખાય છે. આગળ ગયા એટલે રસ જેવું તત્ત્વ જ એમાં નથી હોતું.

પોતાના શાશ્વત માલ મૂકી બદલામાં ક્ષણિક પદાર્થ કોણ લે ભલા! પોતાની સાચી શમરસ ભરી સમતા મૂકી અધૂરાં રાગોમાં નાચવા કોણ માંડે! અને માત્ર એક જ વાર જીવનનો અમૃત પ્યાલો પીધો પછી કોઈ એને મોતની સાથે આપી શકે ખરું! ઉઠો તૈયાર થાઓ

સર્વત્ર સૌ શાંતિ પામો.

સંતબાલ

સન્મુદા સદન,
રણાપુર
તા. ૫-૬-૩૭

વહાલા આત્મબાંધવ,

અખંડ વહેતી ભક્તિધારા જે હૃદયને તરબોળ કરે છે. તે હૃદયને એમ થવું સ્વાભાવિક છે.

જેનાં હૃદયમાં પવિત્ર ભાવના છે, અચળ શ્રદ્ધા છે, એ ભક્તિનું જીવનનાવ ભગવતી શક્તિ પાર ઉતારે જ છે. ભય અને શોકથી તરી જાઓ વહાલા! જીવનના વિશાળ પટ પર આલેખાયેલાં અનેક ચિત્રોને રસપૂર્વક નીરખી લો અને સમતાથી વેદી આહ્લાદો!!!

સમતાનું અવલંબન અનંતતાએ ઉચ્ચતમ શિખરે પહોંચાડવા પૂરેપૂરૂં સમર્થ છે. સમતાવાનને સુખ અને દુઃખ એ તો છે પવનની વિરલ લહરીઓ. એ અડોલ ઉત્સાહને શિખરે રહ્યાં રહ્યાં એમનાં પ્રભાવે એ આનંદે છે.

સકળ સંબંધોની વિશુદ્ધિ એ છે સમતાવાનનું પુરુષાર્થ ભર્યું કાર્યક્ષેત્ર અને વિશુદ્ધિ પ્રેમ એ છે એનું અંતિમતમ સાધ્ય.

સંબંધ વિશુદ્ધ થયા, એટલે વસુધા અમૃતમય બની ચૂકી. શારીરિક પ્રેમમાં હૃદયનો ચૈતન્યપ્રવાહ કદી નહિ પુરાય! પૂરવા મથતાં હમેશાં અતૃપ્તિ જ રહેશે. કારણ કે એ અનંત છે, અનંતતાનું પાત્ર શોધે છે. અનંતના માનસિક પ્રેમ અને એથી ય ઊંચી ભૂમિકામાં ઉલ્લાસના સહજ પ્રેમમાં વસી છે. એ પાત્ર જેણે શોધ્યું તે સાધક મૈયાની ગોદ વહેલી પામશે.

સર્વત્ર સૌ શાન્તિ પામો

સંતબાલ

સન્મુદા સદન,
રણાપુર
તા. ૫-૬-૩૧

વહાલા આત્મમિત્ર,

ઉન્નત પંથે ઉડી કો અનેરી દિવ્યતા નીરખવાની તમારી અંતરિચ્છા વહેલી જ પાર પડશે. પ્યારા ! તમો જે ક્ષેત્રમાં છો, ત્યાંથી જ પ્રયાણ કરો. અખૂટ ધૈર્ય, સતત ઉત્સાહ અને સાચી શ્રદ્ધાનું ભાતું સાથે જ લેજો. જગત કયા માર્ગે દોડે છે તે જોવા માટે થંભશો નહિ. જગત શું કહે છે એ સાંભળવા તમારા કાન ના રોકો. કેવળ સત્યની બ્યુગલનો સાદ સુણી ચાલવા જ માંડો. કૂચ કરો. મળેલી તક અમૂલ છે. સાધનોય વિપુલ છે પછી કાં થોભવું! મહા-પંથના મુસાફરને થંભવુ કેમ પાલવે !

પ્રલોભનો સાચાં પ્રલોભનોય નથી, એ તો માત્ર ભ્રાન્તિથી જ લોભાવનારાં દેખાય છે. આગળ ગયા એટલે રસ જેવું તત્ત્વ જ એમાં નથી હોતું.

પોતાના શાશ્વત માલ મૂકી બદલામાં ક્ષણિક પદાર્થ કોણ લે ભલા ! પોતાની સાચી શમરસ ભરી સમતા મૂકી અધૂરાં ટોળાંમાં નાચવા કોણ માંડે ! અને માત્ર એક જ વાર જીવનનો અમૃત પ્યાલો પીધો પછી કોઈ એને મોહની ગાંઠે બાંધી શકે ખરૂં ! ઉઠો તૈયાર થાઓ

સર્વત્ર સૌ શાંતિ પામો.

સંતબાલ

સન્મુદ્રા સદન,
રણાપુર
તા. ૫-૬-૩૭

વહાલા સાધક,

નર્મદાના નીર જુઓ. કેવા નિતાંત વહેતા છે! અને તેથી જ નિર્મળાં છે, ખરૂંના! ભલા, એની પાસે ગંદુય કેમ સ્વચ્છ થાય છે! કારણ એ એનો ગુણ છે. સાધકની બુદ્ધિ જો વાતાવરણ પર દોષારોપણની દલીલ કરવા મંડી જાય. તો તે દિને આ પાવની ગંગાઓ શું કહેશે! એટલું વિચારો.

ગંગામૈયાને દોરનાર ભગીરથ હતો. એમ પુરાણ બોલીને એ કહેવા માગે છે કે સાધકના ઉરની નિર્મળતાનું જ આ ગંગાદેવી તો પ્રતિબિંબ માત્ર છે. અને સાધક વૃત્તિને આધીન થઈ જાય એથી જગતમાં બીજો કયો મહાન ધરતીકંપ હશે વારુ! સાધકને શિર માત્ર અંગની જવાબદારી નથી. પરંતુ જગતના મહાનિયમની મહા જોખમી જવાબદારી છે. સાધક મોજ ખાતર, જરા ટેસ ખાતર પડી ગયો! એમ બોલી જ ન શકે. સાવધાન વીર! સાવધાન!

વૃત્તિનું પતન એ ઘોર પતન છે. ક્રિયામાં પરિણમો વા ન પરિણમો. એ પતનનું જો કોઇ નિવારક તત્ત્વ કે પશ્ચાત્તાપ જેવું તત્ત્વ હોય તો તે એ જ કે જે નિમિત્તો એ પડયો, એ નિમિત્તનેય સમારી લે. પોતાની સંપૂર્ણ ચિત્તવિશુદ્ધ ન થાય ત્યાં લગી થૂંક પણ ગળે સાધકથી ઉતારી ન શકાય.

માત્ર દોષોની નોંધ કરે કે નીરખી શકે એમાં સાધકની સાધના સમાપ્ત થતી નથી. સાધક જે વસ્તુ અન્ય તે કયના વારંવાર મથતો હોય, જે વસ્તુ ખુંચવાથી એમણે વહાલસોયા હૃદયનો સંબંધ પણ ત્યાગ્યો હોય, તે જ વસ્તુ સાધકની વૃત્તિને આકર્ષે એ

સર્વથા અઘટય ઘટના છે. 'નેવાનાં નીર મોભે કદીયે ન જ જાય' મૂળ શોધો વીર !

જે તત્ત્વો વિષે મૈયાનાં સૂચનો મળે છે એ તત્ત્વોનું વારંવાર અવલોકન આવશ્યક છે. કર સોંપી દીધા પછી ઘડી ઘડી પડવાનો સમય જ નહિ આવે.

મૂળની મલીનતા, જીવન ભરમાં માલિન્ય ભરી દેછે. વિકાસ પંથ અત્યંત સ્વચ્છ રાખવો એ સાધકની સાધનાનું મહત્ત્વભર્યું જાગૃતિનું અંગ છે. એની ઉપેક્ષા કોઇપણ સંયોગોમાં કદિયે ન પાલવે.

સંતબાલ

સન્મુદ્રા સદન,
રણાપુર
તા. ૧૨-૬-૩૭

વહાલા આત્મબાંધવ,

દિવ્ય અને ભવ્ય જ્ઞાનની મીરાશ બ્રહ્મચર્યની ઉપાસના જ આપી શકે. પરિણીત જ્ઞાનસ્થિતિનો સ્વીકાર, જો દેહભાન અર્થે જ હોય તો એ જ્ઞાનની સશુદ્ધિ સંદિગ્ધ છે. માનવે પરિણીત થવું જ જોઈએ એવો કોઈ પણ મૌલિક આર્યશાસ્ત્રોનો આગ્રહ નથી. [illegible] સિદ્ધાંતને જ બધી સદ્વિચાર પર્યે છે. કેવળ સેવાની સાધના માટે જ પરિણીત થવામાં [illegible] જોખમ છે. સાધક સાત્વિક [illegible] વિકસિત થવા પહેલા જ ઉચ્ચ વિકાસ ઉન્નતમુખી સાધો [illegible] તો જ ગૃહસ્થાશ્રમ સેવા સાધક બને. સાચા સેવાર્થીએ સંપૂર્ણ [illegible] આનંદવા માટે સાદું અને અપરિણીત જીવન ગાળવું એ મારે મન [illegible] છે

[illegible] જ્ઞાનમાંથી જ ઉદ્ભવતી હોય તો સ્વાભાવિક [illegible] માત્ર જ્ઞાનજ્યોતિનો સંબંધ [illegible]

[illegible]

([illegible])

[illegible]

સંતબાલ

સન્મુદા સદન,
રણપુર
તા. ૧૨-૬-૩૭

વહાલા આત્મબાંધવ !

છેડું જ વધુ નિકટ ખેંચી લાવે છે. શારીરિક ખેંચાણનો સંયમ વાસ્તવિક પ્રેમને વિકસિત કરે છે. ઊર્મિનું આંદોલન અત્યન્ત બલવત્તર છે. કોઈપણ બંધન એને બાંધી શકતાં નથી. કોઈ મર્યાદા એને રોકી શકતી નથી. અનેક જીવનપંખીડાં એ પાંખે આકાશ અડે ઉડીને દિવ્ય વિલાસમાં મસ્ત બન્યા છે.

સહજ એ સર્વદા સહજ છે. એને કેળવણી કે મેળવણી કે સાધનાની અપેક્ષા નથી.

સહજતા ના વાદળાનું વીખરાવું,
અને સહજતાના સૂર્યનું દેખાવું.

સૂર્ય પણ સહજ છે અને વાદળ પણ સહજ છે. એ બન્નેના સંયોગનું આવરણ માનવઆંખને સૂર્યદર્શનથી રોધે છે એ જ સહજતા જો હોય ! તો માનવ આંખે ઊંચું ઉડવું રહ્યું ! અથવા એ વીખરાવા માટે વાયુની વાટ જોવી રહી ! પ્રવૃત્તિમાં પુરુષાર્થ કરો, તો અખૂટ શ્રદ્ધા અને ધૈર્ય ધરો.

કોઈપણ ક્રિયા અફળ નથી. વહેલી ફળે એ ફળમાં સંગીનતા અને સરસતા ભાગ્યે જ હોય.

સર્વત્ર સૌ શાંતિ વિસ્તરો.

સન્મુદ્રા સદન,
રણાપુર
તા. ૧૨-૬-૩૭

વહાલા આત્મબાંધવ !

પત્ર ભક્તિભાવથી ભરપૂર છે. પૂજ્ય હર્ષપ્રભુનાં પુનિત પગલાં સહેતુક છે. હર્ષપ્રભુ ઉરપ્રેમનું સાકાર સ્વરૂપ છે.

પ. પૂ. ગુરૂદેવની યાદી અસ્વાભાવિક નથી. પળે પળે સાધક માત્રને ગુરૂદેવની યાદી રહેવી જ જોઇએ. ગુરૂદેવની નિર્મળ દૃષ્ટિ અને આંતરકૃપામાં જ વિકાસનું બીજ છે.

પરંતુ ગુરૂદેવનાં સકારણ થયેલાં દૈહિક વિરહે સાધકનું ચિત્ત ચંચળ ન થવું જોઇએ. વ્યામોહ અને પ્રેમ બન્ને ભિન્ન ભિન્ન તત્ત્વો છે. વિશુદ્ધ પ્રેમ શરીર સાનિધ્ય વાંચ્છે અવશ્ય, પરંતુ શરીરમાં પૂરાઇ ન રહે. શારીરિક મુગ્ધતા ઘણીવાર સાધકના ઉંચે ઉંચે ઉડતા ઉરપંખીને નાનાશા પિંજરામાં પૂરી રાખે છે. અને એથી જ એવી સ્થિતિમાં સાધક આવી પડે ત્યારે ગુરુપદે રાજતા પ. પૂ. ગુરૂદેવ સાધકને ચેતાવી દે છે અને એના હૃદયને નિર્લેપ પ્રેમમયી કૃપાથી તરબોળ કરી દે છે અને તુરત જ સાધકનો આત્મા વિકસી ઉઠે છે, ઉંચે ને ઉંચે પૂર્ણ સામર્પણ ઉડે છે.

સર્વત્ર સૌ શાંતિ પામો.

સંતબાલ

સન્મુદા સદન,
રણાપુર
તા. ૧૨-૬-૩૭

પ્યારા પ્રભુ હર્ષદેવ !

આપના પત્રથી મેવા પ્રસન્ન છે. મેવાના મહારાજ્યમાં એકપણ ક્રિયા અસ્વાભાવિક નથી. અહેતુક બનતી નથી. તો આમ કેમ હોય પ્રભુ !

નિર્દોષ વિલાસમાં વિલસો અને મોજ કરો. એકાન્તનું અવલોકન અદ્‌ભુત નિધાનની ખાણ છે. પળે પળ અણમોલ છે પ્રભુ ! આનંદ કરો. વિકલ્પો માત્રને વિસારી દો ! અહો ! સાધના જીવનનો કેવો સુધાસ્વાદ ! થોડો ભોગ આપવામાં પ્રેમીહૃદય કદી કંજૂસ ન જ બની શકે. આકર્ષણ ! દિવ્યતાના આકર્ષણ ! પ્રભુ કેમ તરછોડાય !

એકાન્ત સેવન પ્રેમને ઉજ્જ્વળ બનાવે છે. જીવનમાંથી જન્મતાં અદ્‌ભુત ખજાનેને એકત્ર કરે છે. નિસર્ગમેવાના પુનિત અંકને કયું વાત્સલ્યપ્રેમી બાળુડું ઓપ રૂપે જતો કરે ! 'ૐ અર્હં નમઃ' નો જાપ અને વિશ્વપ્રેમની ધૂનમાં બસ મસ્ત બની જાઓ. નૈસર્ગિક આનંદનો સ્વાદ ન આવ્યો હોય ત્યાં સુધી જ કાયા કંપે છે પછી શું ! એ અનુભૂતિનો જ વિષય છે.

પ્રશ્ન સંબંધમાં:—

જેમ 'अ+उ+म्' મળીને 'ૐ' શબ્દ નિષ્પન્ન થયો છે તેમ 'अ+र्+ह+म' મળીને 'अर्हं' શબ્દ નિષ્પન્ન થયો છે.

એ અવ્યય છે. અવિનશ્વર છે. અવ્યય ને વિભક્તિ યોગનાં બંધન ન હોય ! એટલે 'ૐ' 'અર્હં નમઃ' પૂર્ણ શુદ્ધ છે. अर्हन એ અર્હત્ શબ્દનું સંબોધન નથી પ્રભુ ! પરંતુ अर्हं નું અનુસ્વારનાં 'પદા નેત્રા' સૂત્રથી ન મૂકાયો છે. વાસ્તવિક રીતે 'अर्हं' બોલવું વધુ યોગ્ય છે. એ જાપ અતિ શુદ્ધ

[illegible] દિવ્ય શક્તિ જન્મે છે. પરંતુ [illegible] અને નિયમિત [illegible] જોઈએ.

[illegible] શાંતિ પામો

ૐ શાંતિ

સંતબાલ

સન્મુખ ભવન,
રખાપુર
તા. ૧૨-૧-૫૭

જેમને પુનિત પગલે ઉષ્ટિના ઉર પ્રફુલ્લે છે,
જેમની પાવની પ્રભાએ સષ્ટિમાં સરોજો ખીલે છે.

એ પરમ પૂજ્ય પરમાત્મા સ્વરૂપ ગુરુદેવ! પ્રભુ! આપને પવિત્ર પાદપદ્મે આ સમાદની અર્ઘ્યાંજલિ.

'ધરાની ધુરા ધુરંધર ધુરીણો અપેક્ષે છે'
'ભાવો અને સંયોગો બન્ને હોય'
'તો યોજનના અભાવે કેમ અટકે ભલા?'
'મૈયાનાં મહારાજ્ય વિલસશે અનંતના ઉજાશે!!'
અહો! શું માધુર્ય અને સુરભીનો સદચાર!
લોચન ઝંપે છે અને રસનાને સાંપડશે!
સુંદર સુંદર એમ હો!!!

વિભુવર!

આપનાં અંગેઅંગ સ્વાસ્થ્યસભર રહો! સંપૂર્ણ વિજયવંતા ચેતનવંતા રહો.

કોટી કોટી વંદન પ્રણિપાત
ૐ શાન્તિ
સંતબાલ

વહાલાં ઉન્નત હૃદય !

દિવસો આથમતા નથી બાપુ ! ઉગતા છે. જતન કરી ઉછેરેલું બીજ આજે પાંગર્યું છે. આ વયમાં આંખ અને અંતરને ઠારે એવા સફળ પેગો સાંનિધ્યમાં હોવા એ જીવનની સુભગ પળો છે. ફળો પાકવાની તૈયારીમાં છે. તો એને વૃક્ષની ઉપર રહીને જ પાકવા દો. એ ફળનો રસ માણીને મજા કે જગતને મજા એ તો જન્મે સરખું જ છે ના ! જૈન આગમો ભાખે છે કે વિકાસના રાજમાર્ગે જતા પથિકને ભાનુ નીરખું એથી થાક્યા વિનાય પંથ કાપવા જેટલું બળ સહેજે મળે છે. સંસ્કારિતાનું તો નંદનવન તમારા ઉન્નત હૃદયમાં સ્વાભાવિક રીતે ખીલ્યું છે. નંદનવનનો કંઠક સંત પુરુષોની નિર્વ્યાજ સેવામાં ઉપયોગ થયો છે અને એજ વારસો સાથે રહી ભાવી અને નવીન જીવનમાં ઉચ્ચતર માધુર્ય અને દિવ્યતા પ્રાપ્ત કરાવશે. અખંડ સત્યની ધૂનમાં મસ્ત રહેવું અને તમારી ખીલેલી વાડીને આંખના અમીથી સિંચતા રહેવું.

સર્વત્ર શાંતિ વિસ્તરો.

સન્મુદ્રા સદન,
રણપુર
તા. ૩–૭–૩૭

પ્રિય સાધક !

વહાલા સાધકોની વિકસી રહેલી મનોવાટિકા આહ્‌લાદ સ્થાન છે. એકદા ગૈયાની મુરાદ સાચેજ પાર પડશે. સાધક મંડળ જગતનું મહાકેન્દ્ર બનશે. સર્વત્ર શાંતિ શાંતિ શાંતિ છવાઈ રહેશે.

વહાલા ! જેમ જીવન અનંત છે તેમ બ્રહ્મચર્ય અનંત છે. બ્રહ્મચર્યને કાળમર્યાદા તો જ હોઇ શકે, જો આત્માની મર્યાદા હોય તો. કાળમર્યાદા, વાસનાને સમૂળો નિર્મૂળ કરવામાં મહાન રોધક આવરણ છે. એક દેહ જીવન પૂરતીય મર્યાદા બ્રહ્મદેવની સિદ્ધિ અર્થે પર્યાપ્ત નથી.

મુત્રકવિ એ સુકાનનું આધારક્ષેત્ર છે. તેમ બ્રહ્મચર્યસરિતા એ જીવનનું આધારક્ષેત્ર છે.

વિવાહિત દશા એટલે દેહસંબંધજ માત્ર નહીં, પરંતુ આત્મસંબંધ સાંધવાનો બે વ્યક્તિઓનો સહચારી પ્રયત્ન આદરવાનું કાર્યક્ષેત્ર. અટલું સમજી લીધા પછી એને જીવન વરયેજ ઘટે.

દેહસંબંધ કરતાં માનસસંબંધ સર્વથા ઉત્કૃષ્ટ છે જ છે. સર્વ પ્રકારની તૃપ્તિ અને રસમયતાની પૂર્તિ એ દ્વારા અવશ્ય થાય છે. એ રીતે સ્વપ્નેય શંકા કરવાની અગત્યતા નથી. જ્યાં એક બાજુના અનુભવની ક્ષુધા એક તરફ અને એક તરફ મહાનિયમની ક્ષુધા, એમાં મહાનિયમ જ મોખરે રહેશે. બ્રહ્મચર્ય જ જીવનનું સહજ અંગ છે. બ્રહ્મચર્યથીજ સર્વ કાંઈ રૂપે ફાલે છે.

સત્ય અને સંયમ, સેવા અને સનાતન પ્રેમ અને પવિત્રતાનાં સર્વોચ્ચ શિખરોની માત્ર અનેરી એવી એક આધારશિલા છે. બ્રહ્મની

ગીતા ભાખે છે મનથી પર્જન્ય, પર્જન્યથી ધાન્યાદિ એમ સર્વ નિષ્પત્તિ થાય છે તેમ ઇન્દ્રિયોના વિષયોની વિશુદ્ધ પ્રેમમાં આહુતિ આપીએ એ સમષ્ટિમાંથીજ સર્વ કાંઈ ફળ્યા રહે છે.

વસુંધરાનું મંદસોરી અને અદ્ભુત એ એકજ અમૃત છે.

બન્નેની સંપૂર્ણ સંમતિથી એ સન્નિપાત પળાવું જોઈએ. બન્ને ગમ્ય હોય તો સમસ્ત જગતની સંપત્તિ સહેજે સાંપડી રહેશે.

જળ સ્વપ્નાં ભૂલને દાંડી પીટવાની ન હોય. લોકમુખે પ્રતિજ્ઞા લેવાય તોય અણુએ અણુમાં એક માત્ર અધરેવની મૂર્તિ કોતરાઈ રહેવી જોઈએ.

આવો ત્યારે સૂર્યદેવ અસ્તમનના વદી નાખે છે. જ્યાંય સદાય ખરિયણ તપે છે. એમ સર્વ જ્યોતિર્ધરો વિલસો, વહાલા વિલસો! પ્રેમ રહીનેય વિલસો, આહ્લાદો.

સંતબાલ

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

જેમ આ (બાહ્ય) ક્રિયાના બંધનમાં તેજ રીતે અંતરક્રિયાના બંધનમાં અંતરક્રિયાનો મોટો ભાગ બ્રહ્મચર્ય. એ આત્મા પર્યંત આવતાં વાર લાગે ! બધાં કર્મો ધર્મો અને કર્મોની સિદ્ધિનો આધાર એના ઉપર છે. જેમ પાયા વિનાનું મકાન [illegible] નહિ. અગર ચણાય નહિ ને ચણ્યું તો ટકે નહિ ! તેજ રીતે ધર્મ-મંદિરનો પાયો તે બ્રહ્મચર્ય.

બ્રહ્મચર્ય શું ! એનો વિશેષાર્થ કે રહસ્યાર્થ ભલે તમારી બુદ્ધિ આજે ન સમજી શકતી હોય પણ એને પહોંચવા માટે [illegible] ! આ વયમાંજ તમારે ઘણું શીખવાનું અને કરવાનું પણ છે.

અપશબ્દના ઉચ્ચારનો ત્યાગ:--

અપશબ્દનો ઉચ્ચાર સૌથી પહેલાં છાંડવો જોઈએ. કારણ કે એનું ઉચ્ચારણ કરવાથી સામાનું અંતર દુભાય છે, અને એ હિંસા છે, એ એક વાત. અને બીજી વાત એ કે તમારું હૃદય મલિન થાય

છે. ગંદા મેલાં કેવા પદાર્થપાક આપે છે, જુઓ, એ કહે છે, હું મલિન નહીં. પવિત્ર બનાવું છું.' બીજાને મિત્ર ગેરસમજથી કે એકી બુદ્ધિથી એમ કરે તોય એ મલિનતાને તો તમારે પ્રેમથી પવિત્ર કરી લેવું જોઈએ, ને મારા મિત્રોમાંનો એક પણ બાળક કદી અપશબ્દ ન બોલે, અને ભૂલથી બોલી ગયો હોય તો, જેના પ્રત્યે કહ્યું હોય એની પહેલાં માફી માગીને, પછી જ બીજું કાર્ય કરે. આમ કરવાથી વાણીની શુદ્ધિ થાય છે. વાણીની શુદ્ધિ એ તો સૌથી પહેલું કાર્ય.

પ્રભુદેવને જો હૃદયમંદિરમાં બોલાવવા હોય તો, હૃદયને ઉજળું કરવું જોઈએ. અપશબ્દના ઉચ્ચાર માત્રથી એ મેલું થઈ જાય છે.

જે રીતે અપશબ્દના ઉચ્ચારનો ત્યાગ કરવાનો તેજ રીતે બીડી જેવા બીજા કુવ્યસનોનો પણ સાથે જ ત્યાગ કરવાનો. બાળકો ઓ વચ્ચે અંતરેદની મર્યાદા પણ બરાબર જાળવી રાખવી જોઈએ.

પ્રભુદેવ તો બધી ઇન્દ્રિયોની અને મનની સંપૂર્ણ પવિત્રતા ચાહે છે.

ચાલો ! આટલો પાઠ પાકો કર્યા પછી બીજો. કેમ બરાબર ?

સર્વત્ર સૌ શાંતિ પામો.

સંતબાલ

સૌથી પ્રથમ વહાલા સાધક માત્રમાં ઉત્તમોપયોગી સાધનોની
નો કરિ નીકળી જવો જોઈએ. સાધક એ વૃત્તિને વિરથ ન
કરતા ગૈયાવશી બની રહેશે એને કદી કોઈપણ સંયોગોમાં ગૈયા
ન નહીં કરે! સદાય એને સર્વ પ્રકારની સીપાસહેર જ ગૈયાની
મહેરથી રહેશે.

ગૈયાને અહર્નિશ વહાલી છે.

ગૈયા વહાલા સાધકોને ઉન્નતાતિ ઉન્નત બનાવી વસુધામાં
ને રમ્યમય કરનારા વાદળ બનાવવા ઇચ્છે છે.

પાણી ગોતાઈ, વરાળ થતાં અનેરાં સંકટો અને પછી વાયુના
સ્પર્શના અસ્ખલિત સમ પ્રયોજનો અને એવું બીજું અનેક
ને એ પેલે પાર જશે, ત્યારે જ સાચી સિદ્ધિના શિખરે દર્શન
કે. પંથ ઘણો જ લાંબો છે. જ્યાં કાંટા કાંકરાથી છવાયેલો ભાગ્યે
ગડુંય નહિ પામશે. પણ ઉપરથી છે તે પહોંચેજ છૂટકો.

ગૈયા મહાદયાળુ છે. એને મંદિરિયે આવેલો સાચો મુમુક્ષુ
નિરાશ નહિ થાય, નથી જ થવાનો!

તાલાવેલી, તીવ્ર તાલાવેલી,
સઘળાનો ભોગ આપીને ય!
બસ એક માત્ર એની ધૂન!
અખંડ ધૂન એકલીનતાથી.

સાધકનો બેડો પાર કરી મૂકશે.

ચાલો, બોલો સર્વત્ર સૌ શાંતિ પામો.

સન્મુદ્રા સદન,
તા. ૧૦-૭-૩૭

વહાલા આત્મબાંધવ !

તમારી ઉચ્ચ કોટીની જીજ્ઞાસા અમૃત સમોવડી છે. જ્ઞાનની સાચી સહેલગત જીજ્ઞાસા પછી જ. જીજ્ઞાસા વિહોણું જ્ઞાન સર્વ સૂનું છે. જીજ્ઞાસાનું સીંચન જ એને રસિક બનાવે છે. રસ વિના સૌંદર્ય દર્શન શાનાં !

સત્યદેવની પ્રતિષ્ઠા, જીજ્ઞાસાનું મંગળધામ ઇચ્છે છે. એ ધામ જેટલું પુનિત અને પરિપક્વ તેટલું જ તેજ જીવનમાં વેરાય છે.

સત્યદેવની પ્રિય વસ્તુઓઃ-પ્રેમ, સેવા, સંતોષ, શીલ અને ઉદારતા.

૧. પ્રેમની શિક્ષા જ માનવીના અંતરમાં પ્રવેશે છે. પ્રેમ સમ જગતમાં કોઈપણ મહાબળ નથી.

૨. સેવા, નિઃસ્વાર્થથી દીપી ઉઠે છે ને ફળે છે. કામના કે નામનાના પાશથી એ સર્વથા ને સર્વદા મુક્ત રહેવી જોઈએ.

૩. સંતોષ એટલે માત્ર મળેલામાં જ નહિ, પણ મળેલાના સંયમમાં સંતોષ.

વૃત્તિના-ઇન્દ્રિયોના સંયમથી જ ટકી રહે છે. સ્થિર રહી શકે છે.

૪ શીલ એટલે પવિત્રતાના ભંડારસમુ હૃદય ! માત્ર આંખજ કે અમુક ઇન્દ્રિય જ નહિ, પણ આખું અંગ પવિત્રતાથી ઉભરાઇ રહે એજ શીલનો સાચો મહિમા છે.

૫. ઉદારતા-માત્ર ધન કે તન નહિ પણ મન માગે છે.

સર્વત્ર સૌ શાંતિ પામો. ૐ શાંતિ

મંગળાશ

ॐ મૈયા

સન્મુદા સદન,

તા. ૧૦-૭-૩૭

પરમ પૂજ્ય પુનિત ગુરુદેવના
વિમલ પાદ પંકજે !

પ્યારા પ્રભુ !
ઊર્મિ ઘુઘવતા ઉદધિદેવ સોળે કળાએ ખીલી ઊઠે છે.

ઉદારતા એજ જેનું એકતમ કર્મ–
સ્વચ્છતા એજ જેનો અજોડ ધર્મ.

જગતભરની ઝરણીઓને નિજમાં શમાવવાની,
ઝીલેલું લઈ સૃષ્ટિને રસાળ બનાવવાની,
એ સિદ્ધિરસ શિખા ! જીવંત રહો ! જયવંત રહો !

૧.

થંભતાં ગિરિશૃંગ !
અચલ ભલે રહેજો સદા ! ! !

રેલંતાં રસરાજ
માઝા તમે ન મેલશો.

રાજંતાં મૃદુ તેજ !
કર્કશ કદીયે ના થશો !

ખેલંતાં ઉર હેજ !
કોમળતા ન વામશો ! ! !

ધરતી ધીર વધારે
વાંકા જરીએ ના થશો ! ! !

કાગજડાની કોર !
ટાંકયાં હવે ન ટૂટશે !!!

૨.

પંખીડાં પ્યારાં !

રૂડાં પાંજરિયાં હવે છાંડો રે......પંખીડાં પ્યારાં!
રૂડાં પાંજરિયાં હવે છાંડો

સ્વતંત્રતાના સુંદર પંથે, પ્રેમળ પગલાં માંડો
જીવનના ઝગમગતા જ્યોતિ જોવા ઘુંઘટ છાંડો રે...પંખીડાં
વિવેકની આંખે પેખીને ચાંચે બંધન ખાંડો...હાં
ઊડો પ્રેમની પાંખે, લક્ષ્યે રાખી પ્રભુમય ડાંડો રે...પંખીડાં.
મોહ વાસના, લોભ લાલસા પકડે છે એ રાંડો...હાં
એ પંથથી ચેતી ચાલો છો રહે આત્મા વાંઢો રે...પંખીડાં.
'સન્મુદા' રસ અમૃત ભરિયો છલકે અંતર હાંડો...હાં
પી પી અમર બનીએ, રસનાં વેદન તાંડવ તાંડો રે...પંખીડાં.

સર્વત્ર સૌ શાંતિ પામો.

પરમ પૂજ્ય ગુરુદેવને ચરણે નમન.

સંતબાલ

વહાલા આત્મબંધુ!

તમારા પ્રશ્નો ખૂબ મહત્ત્વના છે. પ્રથમ આવા
અર્થે ઉદ્ભવે છે. પછી એનું અગમન સાચી જિજ્ઞાસ
દોરી જાય છે.

(૧) ઘૃતનો રસ આયુર્વેદની દૃષ્ટિએ વૈદિક
ગણાયો છે. પરંતુ વાસ્તવિક રીતે એમાં ઓળ
રસોનો સમાવેશ છે. તીખો, મીઠો, ખારો, કડવો,
બીજા રસો ગૌણ છે. મધુર મુખ્ય છે. એટલે ઘ
(ઘીનું) હોય તો આવું રોચક બને છે.

• એ બધા રસો કેમ મિશ્ર થયા? એ પ્રશ્ન
વસ્તુત: દૂધ એ સંગી (બકરી, ગાડર, ગાય,
પદાર્થ છે. એટલે જ એમાં સમરસ મિશ્રણ
વિકાર દહીં. દહીંનું મંથન થતાં નીકળે તે
તાવનાં ઘૃત નિષ્પન્ન થાય છે.

એ પ્રવાહી હોવા છતાં જળની જેમ
ઉવડું વધારે છે. એનું કારણ એ કે એ
પ્રકારની છે. એ દાહક શક્તિ શરીરમાં રહેલ
છે. અમે તેરી સુધાઅગ્નિ વ્યાપેલ હોય,
છે. એનું એ કારણ છે. ઘૃતથી ચરબ
આપો છે, એ

છે. પર્વતના એકાર્થવાચક **अग** અને **नग** શબ્દો નિઘણ્ટુ કોશના છે અને છંદ: શાસ્ત્રની યતિ-સ્વર વિરતિમાં એમનો સ્થળે સ્થળે ઉપયોગ થયો છે.

(ઘ) જૈન આગમોમાં ભુવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક એમ ચાર કોટિના દેવો વર્ણવ્યા છે. ત્યાં ભુવનપતિ (ભુવનના રક્ષકો) માં જે દસ અસુરકુમારોનો સમાવેશ છે. તેમાંથી એક અસુરનું નામ પ્રથમ બાદ કરવામાં આવે તો (૨) નાગકુમાર (૩) સુવર્ણકુમાર (૪) વિદ્યુતકુમાર (૫) અગ્નિકુમાર (૬) દ્વીપકુમાર (૭) ઉદધિકુમાર (૮) દિશાકુમાર (૯) પવનકુમાર (૧૦) સ્થનિતકુમાર એવો ઉલ્લેખ છે.

લૌકિક વહેવારમાં નાગના અર્થો વિવિધ છે જેમાંથી હાથી અને સર્પનો અર્થ પણ નીકળી શકે. હાથીની જાતો વન્ય અને અવન્ય એવી મુખ્ય બે હોય છે. પણ પેટા વર્ગ અનેક હોય છે. તે જ રીતે, સર્પોમાં મણિવાળા અને મણિરહિત એવા મુખ્ય બે અને બીજા અનેક પેટા વર્ગો હોય છે. અને એ દરેક વર્ગની વ્યવસ્થા રાખનાર અધિપતિઓ પણ વર્ગવાર વિભાગવાર હોય છે.

રત્નો નવ નહિ પણ ચૌદ. મત્સ્યપુરાણમાં એ વિષયક કથા છે કે દેવતાઓએ મેરુ પર્વતનો મંથન દંડ ને વાસુકી સર્પનું દોરડું બનાવી અમૃત મેળવવા માટે રત્નાકર-સમુદ્રનું મંથન કર્યું. ત્યારે ચૌદ રત્નો નીકળ્યા. એનાં નામ વ્યક્ત કરતો એક શ્લોક છે.

શાર્દૂલ છંદ

लक्ष्मीः कौस्तुभ पारिजातक सुरा धन्वन्तरीश्चन्द्रमाः
गावः कामदुघा सुरेश्वरगजो रम्भादि देवाङ्गनाः
अश्वः सप्तमुखो विष हरिधनुः शङ्खोऽमृतं चाम्बुधे
रत्नानीह चतुर्दश प्रतिदिनं कुर्यात् सदा मंगलम् ॥

[(૧) લક્ષ્મી, કૌસ્તુભમણિ (૩ પારિજાતક પુષ્પ (૪) મદિરા

(૫) ધન્વંતરી વૈદ્ય (૬) ચંદ્રમા (૭) કામધેનુ ગાય (૮) ઐરાવત હાથી (૯) રંભાદિ અપ્સરાઓ (૧૦) સાતમુખવાળો અશ્વ (૧૧) કાલકૂટ ઝેર (૧૨) ઇન્દ્રનું ધનુષ્ય (૧૩) શંખ (૧૪) અને અમૃત]

મનુષ્યની જીવન દ્વિધા, આંતરિક અને બાહ્ય.

બાહ્ય જીવનની જરૂરિયાતો:

પેટ, પહેરણ અને પથારી એ ત્રણ મેળવવાની ને બાકી હવા, ઉજાસ ને પાણી કે જે અમૂલ્ય વસ્તુઓ વિના પ્રાણ ટકી ન શકે તે તો કુદરતી રીતે જ મળી રહે છે. હવા, ઉજાસ ને પાણી જેટલાં નિર્મળ તેટલું પ્રાણપોષણ સુંદર થાય છે. બાહ્યજીવનની આધારભૂત આ વસ્તુઓ કાબૂમાં રાખવા યોગ્ય છે. પેટ માટે-પેટને આપવાનો ખોરાક કે જે અતિ પણ ન હોય, અને અતિ અલ્પ પણ ન હોય। જે દેહયંત્ર પાસે જેટલું કાર્ય લેવાનું હોય તેટલું હિસાબ પૂરતું ઘટે. અધિક પૂરતાં બોયલર ખરાબ થાય ને અલ્પ પૂરતાં થાકી જાય. આટલો મર્મ જાણીને સૌ માનવી વર્તે તો જગતની પ્રજાનો જે વર્ગ ભુખાયે થઈ જીવન પૂરું અકાળે કરી નાખે છે, તે ઉગરી જાય. અને માનવી માનવીના પારસ્પરિક ભાઈચારાની લાગણીમાં વૃદ્ધિ થાય. એમ થવાથી માનવી પૈશાચિક કે પશુસૃષ્ટિમાં ન જતાં ઊંચે આવે.

જે રીતે ખોરાકનું તેજ રીતે વસ્ત્રનું અને ભૂમિનું. એક બંગલામાં રહે, ને બીજાને છાપરુંય ન મળે, એકનું શરીર મુલાયમ કે મખમલશા વસ્ત્રોથી અલંકૃત હોય, અમૂલ્ય આભૂષણોથી અંગ લચી પડતું હોય ને બીજાને ટાઢથી કે ગરમીથી બચવા કે દેહ લજ્જા ઢાંકવા માટે લંગોટી ય ન મળતી હોય, તે ખરેખર માનવી મનુના આંતરવિકાસના દેવાળાનો આબેહૂબ નમૂનો છે.

બધાં બાહ્ય સાધનો કુદરત તરફથી મળે છે. તે આંતરવિકાસ માટે જ. એ ન હોય તો પ્રાણ વિનાના શરીરશ્રમો બધું ય નિરર્થક.

સંયમ સહજ છે, પ્રથમ સાક્ષાત્કાર પછી સંયમ, પ્રથમ સંભારનું પછી ત્યાગ.

(૬)

બધા પૂર્વાધ્યાસોને એકી વખતે ન જીતાય, તોય હારના ભયને તો વટાવવો જ રહ્યો. જે વિજેતામાં જીતનો પરિપૂર્ણ વિશ્વાસ છે, તે વિજેતા સદાય સફળ રહેશે.

(૭)

સુકાન હાથ ધરો. પ્યારા પ્રિયતમજી! જીવન જહાજની દીવાદાંડી સામે અવલોકો.

'ઓલો–અડોલ શ્રદ્ધા એકતાન નિરંતર–સમતાનું ધ્યાન.

સર્વત્ર સૌ શાંતિ પામો

સંતબાલ

ૐ મૈયા

સન્મુદા સદન,

તા. ૧૭–૭–૩૭

પ્યારા અને પૂ. પૂ. ગુરુદેવના પુનિત પાદાંબુજે

' અર્ધાંજલિ '

સૌભાગ્યશિક્ષિકા

આર્ય જગતમાં ઊતરી આવેલાં પિતા પરમાત્મા અને એની પ્રકટ શક્તિ નિસર્ગમૈયાનાં સુવર્ણરૂપે એક–છતાં સાધનાની રીતીનાં વિવિધ અંગો રૂપે–અનેક દીપ્ત સોપાન સ્વરૂપો.

દોહા

એક જ પરમાત્માનાં, વિવિધ નામનિધાન,
જ્ઞાતા મુનિ કહેતાના, કર્યું કરંત વિધાન.
દ્રષ્ટિ ભલી કે નહિ, વર્ણે વિવિધ સ્વભાવ,
ભક્ત મેરુ સો કર્મથી, જ્યુનો એ જ સ્વભાવ.
જ્ઞાન સ્વરૂપે એક છે, આત્મજ્ઞાન નિધાન,
ઉપાધિના ભેદે બન્યાં, ભેદ પ્રભેદ પ્રમાણ.
અગ્નિ, જાતિ, મિત્ર નમાય, માયાથી છાદિત.
એક છતાં વેદાન્તમાં, ગ્રંથે ધરે અતીત.
અરિહંત પરમાત્મા, એવો ત્રિપુટી ભેદ,
જૈન દ્રષ્ટિએ જાણવાં, ટળે વિકલ્પ વિભેદ.
મત્સ્ય કૂર્મ વરાહ ને, નૃસિંહ વામન રૂપ,
નવ અવતારો એ થયા, ધરી કલ્કિ અવતાર.
વિવિધ ભાવના રોપતાં, આવો એ પરિવાર.
જૈન દ્રષ્ટિ જેતાં બને, ચોવીસ જગતીધીશ.
પૂર્ણ બની પદે સ્થાનના, અનંતનો મહેશ,
બ્રહ્મા વિષ્ણુ મહેશ ને, વધતા પ્રજાપતીશ.
વિશ્વરૂપમાં વિરાટને, ત્રિવિધ કર્માધીશ,
એમ વરુણ દેવમણ્ડ (કામ)યમ ગાર દિગિન્દ સમાન.
એ છે વૈદિક કલ્પના, શક્તિ ભક્તિ અનુમાન,
નીતિમત્તા કાંઈ બનતા, શાસ્ત્ર તેજ શુચિ ટેક.
દૃઢ રમતાં રામનાં, પ્રતીક છે પ્રત્યેક
ઉપાસક પર સૌન્દર્ય ધર, જાગ્ર પ્રીતિ રસપાન.

સન્મુખ સદન.
તા. ૧૭-૭-૩૭

વહાલા આત્મબાંધવ!

વિદ્યાગુરુનું સ્થાન આજજીવનના પુષ્પ ભગવાનનાય શિર સમોવડું છે. વિદ્યા એટલે અક્ષરજ્ઞાન કે આંકડા જ્ઞાનજ નહિ પ કેળવણી.

સાચી કેળવણી એટલે માનસની ખીલવટ. વિદ્યાર્થી બાળ માત્ર વિદ્યાર્થીજ નથી, એનો જગતનું મહાધન છે. એ ભંડાર જેટલે જેટલો સંસ્કારસમૃદ્ધ તેટલુંજ જગત ઉન્નત થવાનું. એટલેજ શિક્ષ એ દૃષ્ટા છે, વિશ્વકર્મા છે.

ખેડૂત અન્નરક્ષણ કરી જગતાત ગણાય!

શિક્ષક સંસ્કૃતિસંરક્ષણ કરી ત્રિલોકતાત ગણાય! યાદ રાખો બાળક એ તો આબેહૂબ આરસી છે. જે શિક્ષક સાચેજ વિદ્યાપિત હશે! સંસ્કાર પિતા હશે. એના હાથ તળે પાકેલો વિદ્યાર્થી સંસ્કાર મૂર્તિજ હશે. પણ જે શિક્ષક પગારલક્ષી હશે એ પંતુજીના શિક્ષણમાં એકડા વિનાનું શુન્ય હશે. જે શિક્ષણ સંસ્કારી જીવન ન ઘડે એ શિક્ષણ પામેલા સાક્ષરમાં અને પોથી- વહતા ગર્દભમાં શો ફેર છે ભલા? આકૃતિનો કે ખાનપાનનો ફેર એ તો મામૂલી વસ્તુ છે. મનુષ્યજીવનનું મૂલ્યાંકન સંસ્કારો ઉપર છે. એટલે જ શિક્ષક એટલે સંયમમૂર્તિ, સંસ્કારનિધિ અને પ્રેમનો સાગર હોવો ઘટે. આ માત્ર આગમની વાતો જ નથી, અનુભૂતિનો નિચોડ છે.

અમેરિકન કુમારી હેલન કેલનના સદ્ગુરુ હતા સલીવન! એણે એ આંધળીને આંખો આપી, બહેરી બાલિકાને શ્રવણ આપ્યા. શાથી? માત્ર બે અક્ષરના પ્રેમમાંથી.

પ્રેમ માટીમાંથી માનવી સર્જી શકે છે. જે શિક્ષક શિષ્યની એક સામાન્ય ત્રુટી જોઇને રડી પડતો હશે, એને પોતાના જ જીવનની ઉણપ માની એ પૂરવા ઇશ્વર પાસે યાચના કરવા દળી પડતો હશે. એનો શિષ્ય સદ્‌ગુણની સરિતા હશે જ હશે !

પ્રશ્નોના ઉત્તરોઃ—

આવા પ્રશ્નો માનવી ઇતિહાસમાં કાળજૂના છે. એ માટે તો શિક્ષક પોતેજ નિર્ણય અને સ્વતંત્ર થવા જોઇએ. એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર કરતાં ધારાપરિવર્તન માટે સ્કુલશિક્ષકનો હોદ્દો વધુ જવાબદાર હોઇ ઉન્નત છે. એને નિયમોના પરિવર્તન માટે સ્વતંત્ર હક્કો હોવા જ જોઇએ. નિયમો વિકાસ માટે છે. વિકાસ હણાતો હોય, ત્યાં વિકાસને ભોગે નિયમોની રક્ષા કરવી, એ તો પ્રાણ કાઢીને હાડપિંજર સાથે પ્યાર કરવા બરાબર છે. આટલું ઉપરી વર્ગ ન જાણે તો એની જાણ કરવા માટે શિક્ષકોએ નિર્લિપ્તતાથી સજ્જ થવું જોઇએ. એટલી હિંમત આવે કે પરિણામ ઇષ્ટ જ આવે. એ વિષે શંકાની આવશ્યકતા નથી.

કોઇપણ શિક્ષકે એમ જ ન સમજી લેવું જોઇએ કે અમુક ખૂણામાં પડેલા ગામડાનો શિક્ષક છે.

શિક્ષકનું સ્થાન જગતના ચોપડામાં અત્યંત માનવંતુ છે. ભલે પછી એ એક ખૂણામાંજ પડ્યું હોય તોપ એ રત્ન તો રત્ન જ છે. જગતનો ઝવેરી મહાપિતા એનો મૂલ્ય બરાબર આંકે જ છે. પણ જેટલું એ સ્થાન ઉન્નત છે તેટલીજ એ પદની જવાબદારી, પણ એટલીજ વધુ છે. શિક્ષકમાં વ્યસન એક પણ ન હોય, એ કહેવાનુંય સ્થાન ન હોવું ઘટે ! નિર્મળ નર્મદા મૈયાના નીર જેવું, સ્વચ્છ અને સદા વહેતું એવું પવિત્ર જીવન હોવું ઘટે.

૪

(૧) [illegible]

(૨) ક્ષમા

(૩) સત્ય

(૪) [illegible]

(૫) [illegible]

આ ગુણોને તે એક ક્ષેત્રમાં હશે તેમ બીજા ક્ષેત્રોમાં આવવાના જ. પણ એ બધાને વિકસાવવા એજ શિક્ષણનું મહાકાર્ય અને તે જ કેળવણીની સાચી સફળતા પણ ગણાય.

ઉપાયો ઘણા છે. પણ પ્રેમ એજ એક એવું રસાયણ છે કે જે કાયમી મૂડી જ જીવનપરિવર્તન કરી શકે છે, નવું જ્ઞાન આપી શકે છે. એ સિવાયના બીજા ઉપાયો થીંગડા માત્ર છે.

એક બાળક ' પ્રભુ અન્તર્યામી ' ની કવિતા ગડગડાવી જાય એથી શું ? એ તો પોપટ પાસેય વ્યવસ્થિત તાલીમ આપી બોલાવી શકાય. પણ જ્યારે એ જાણે કે, " મારા અંતરની વાત એ જાણી રહ્યો છે " મારાથી ઉતરપિંડી કે ચોરી થાય જ કેમ ? ત્યારે જ એ કવિતાનું એ શિક્ષણ પામ્યો ગણાય. આવા શિક્ષણનાં બીજે " મોન્ટેસરી " પદ્ધતિની મૌલિકતામાં છે. એ શિક્ષણમાં નંબર આપવાની પ્રથાને સ્થાન જ ન હોય. તેમ બાળકો વચ્ચે વિકાસની સાચી સ્પર્ધા જામી જ છે. કારણ કે જે બાળક વિકાસનો ક્ષુધાર્થી છે, એને માથે વિદ્યાગુરુનો પ્રેમાળ હાથ ફરે છે. એને સંસ્કારસાગર પિતાનો મધુર ખોળો મળે છે.

ત્યાં ભૂલ થતાં માર નથી પડતો, પણ પ્રેમાળ પિતાની આંખમાંથી આંસુ ખરે છે કે જે જોતાં વાર જ બાળક વિદ્યાર્થીનું આરસી સમું હૃદય ફફળી ઊઠે છે. રડી પડે છે. ચોધાર આંસુ રેલે છે.

પ્રિયતમ ! સાધકની ફરજ દેહધારી માનવી કરતાં અનેક ઘણી અધિક છે. પદની મહત્તા પદને શોભાવવાથી જ ટકે છે.

(૫) અહિંસા, સત્યવચન, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ યમ અને પવિત્રતા, સંતોષ, તપ સ્વાધ્યાય ને ઈશ્વરધ્યાન એ પાંચ નિયમો. પાંતજલ શાસ્ત્રની યોગ દૃષ્ટિએ પ્રતિપાદ્યા છે.

(૬) આસન એટલે કાયાની ચંચળતાને કાબૂમાં કરવાનો પ્રયત્ન. કસરત અને આસનમાં એટલો ફેર. કસરતનું લક્ષ કેવળ શરીર આરોગ્યનું છે. જ્યારે આસનનું લક્ષ શરીર આરોગ્ય ઉપરાંત, ચિત્ત ચાંચલ્ય રોકવાને, યોગ્ય શરીરને બનાવવાનું છે. કાયાની ચંચળતા વૃત્તિની ચંચળતાને રોકવા માટે આબાદ સાધનની ગરજ સારી શકે.

(૭) મૈયાની ધૂન એટલે મૈયાને દૃષ્ટિ આગળ રાખવાની ધૂન. વિશ્વમૈયા એ તો મૈયાની પ્રાણપ્રિય વસ્તુ.

બોલો સાંઈ સૌ સુખી થાઓ.

સંતબાલ

સન્મુખ સદન,
તા. ૨૪-૭-૩૭

વહાલા સાધક !

વાત એમ છે, સાધનાનો માર્ગ એવો જ અટપટો છે. જ્યાં કેને એજ માર્ગે થઈને પસાર થવાનું છે. એ વિના બીજો કોઈ ઉપાય નથી, જે અખાડા કરશે, એ સમય ગુમાવશે અને ઉપાધિનાં થર અધિક વધારશે.

પ્રકાશનાં કિરણો પામવા જડ હોવામાં છે. જેને દુર્લભ અવસર સુલભ થાય એના સમો બીજો કયો સદ્ભાગી ?

તમારા ઉત્તરો:—

(૧) કોઈ પણ બાહ્ય તપશ્ચર્યા, આંતરઆત્મના પોષક અને કરવા જ્યાં ન જણાય એટલે કે નિષ્કામ ક્રિયા સ્વભાવની પ્રગતિમાં બાધક ન થાય એજ તપશ્ચર્યા સાચી જાણવી.

(૨) સેવા પૂરી કસોટી લઈને જ સેવક પર તુષ્યમાન થાય છે. પણ થાય જ છે, એ વિશે ત્રિકાળ નિઃશંકતા અનુભવો.

(૩) આળસ, અશક્યતા, અનુત્સાહ જેવા શબ્દો વિશ્વસેવાના ઉપાસકમાં જાતિકોષમાં કદી જ ન શોભે. સતત સ્ફૂર્તિ, પૂર્ણપ્રેમ અને અવિરત પુરુષાર્થ એ ધ્યેયમંદીને દૂર હોય તોય પોતાની પાસે ઘસડી લાવે છે.

(૪) જેમ સજળ મેઘ નિહાળતાં જ મોરલો ટહુક્યા વિના રહી ન શકે તેમ સેવાનું કાર્ય દેખતાં જ સેવક ઝળકયા વિના રહી શકે જ નહીં !

(૫) સેવા એ તો જીવન જ્યોત પેખવાની આંખ છે. દીવ્ય- ... નાની ચાવી છે.

(૬) સેવા, સાચો શ્રમ, સરલ ચિત્ત, ઉદાર અને પવિત્ર હૃદય તથા બુદ્ધિની મૃદુતા માગે છે.

(૭) નિઃસ્વાર્થીપણું એ જ સેવાનું સૌન્દર્ય ! નિર્લેપભાવ એજ સેવાનો આત્મા છે.

(૮) માનસી સેવા કદી આત્મા અને સૌન્દર્ય વિહોણી ટકી જ ન શકે !

(૯) માનસી સેવા જેણે સાધી એણે યોગ સાધ્યો સમજવો. કારણ કે એ સ્વયં મૂર્તિમંત યોગ છે. એમાં સત્કર્મનો સમાવેશ છે. છતાંય ફળ અને ફળની મમતાનો ત્યાગ કોઇ પણ કર્મબંધનકર્તા નથી. એમાં જ્ઞાનના સફળ સાધનોનો અવકાશ છે. એ જ્ઞાન આત્મભાનમય હોવાથી સફળ છે. એમાં ભક્તિના સફળ અંગોનો સમાવેશ છે. પણ એ ભકિત અહેતુકી હોઈ કેવળ મુક્તિના જ કારણ રૂપ છે. એની પ્રવૃત્તિ ય સફળ છે. નિવૃત્તિ ય સફળ છે. જ્યાં સાચી સફળતા હોય ત્યાં સરસતા, સુંદરતા સ્વતંત્રતા, અને શાંતિ અખંડ હોય જ હોય !

બોલો સૌ શાંતિ પામો.

સંતબાલ

સન્મુદા સદન,

તા. ૨૪-૭-૩૭

વહાલા આત્મબાંધવ !

તમારો આ પત્ર તમારા પ્રથમ પત્રનું પ્રતિદાન મૈયાની પ્રસાદીમાંથી મળે, તે પહેલાં જ લખાયું હોઈ આ પત્રમાં તમારું હૃદય છે જ ઠલવાઈ ગયું છે. એ પ્રતિદાન પામ્યા પછી કદાચ જ આટલું લખાત. પણ એ ઉભરો ખાલી થવો આવશ્યક હતો, અને વહેલો આવશ્યક હતો, તોય આટલું લંબાયું એ પણ એક શુભ જ નિમિત્ત છે, એ રૂપે જ પરિણમશે.

પ્રિયતમ !

જીવન અનંત છે, અનંતતામય છે. સર્વ એક ઘરમાંય છે, વિશ્વમાંય છે. એની તેજોમયના કુટીર પર અને મંજીલ પર-ઉભય પર એક સરખી રાજે છે. એને નથી મહેલ લોભાવી શકતો ! નથી ઝૂંપડું અણગમો ઉત્પન્ન કરતું ! એ મલયગિરિનાં મઘમઘતાં સુગંધ ચૂમે છે અને મળથી ખદબદતાં પરસાળેય સુંઘે છે. છતાં એ એકાન્તમાં અનવધિ સુખ માણે છે.

કારણ કે એ અખંડતાના નિજ ભાનમાં છે. વ્યાપકતાના વિમળ સ્વરૂપમાં છે. મલિનતાને જે તેજ ન નીવારી શકે એ તેજની અસંપૂર્ણતા ગણાય !

વ્હાલા !

મૈયાની ગોદ જેને સાંપડી છે, તે સર્વ તો નિર્ભય છે, એ સર્વથા સંતુષ્ટ છે. મેરુ ગિરિવરની ટોચ પર ઉભેલા સાધક માત્રની આ સ્થિતિ હોય ! એનાં કરણ માત્ર મૈયામય હોય ! મૈયા તો કરુણાનો સાગર ! અમૃતનો વારિધિ ! નાની શી ઝરણી હોય ! કે વિશાળ કાય સરિતા હોય ! જે હો તે હો ! એનાં સુધાભર્યાં લોચન

એ બન્ને ને 'આવ, આવ' કહી એકશા પુકારે છે. નથી ત્યાં ન્યૂન કે અધિક કો। નથી કો ઉચ્ચ કે નીચ, પણ "જેની પાસે જેવડું પાત્ર તેટલુ લો, પીઓ અને મસ્ત બનો."

પ્યારા! વિશ્વમાત્રનું સર્વોત્કૃષ્ટ શિખર એ માત્ર બે જ અક્ષરનું નામ છે. પરમાત્માનું એ જીવંત સ્વરૂપ છે. મૈયા એને અધીન છે જ્યાં છે પ્રેમ-પ્રેમ-પ્રેમ-પ્રેમ-પ્રેમ.

પ્રેમ એટલે ? બ્રહ્મચર્યના મધુર વૃક્ષનું અમૃત ફળ.

સત્યની સાધનાની અંતિમ સિદ્ધિ
પરમાર્થની સીમા મુક્ત પરાકાષ્ઠા.

પ્રેમીને પ્રતિબંધ ન રોકી શકે કારણ કે પ્રતિબંધ જ્યાં ગ્રંથી-બંધ હોય ત્યાં જ રીપુત્વ ભજે છે. જ્યાં એ નથી ત્યાં એ પણ પુનિત બની રહે છે. જૈન દૃષ્ટિએ જેને ચારિત્રનો ચેપ કહે છે. અનંત જ્ઞાની પુરૂષોની આજ શાખ છે. અને એ એમ જ છે, એમ જ છે. જેણે આટલું જોયું એણે સર્વ જોયું.

બોલો સર્વત્ર સૌ શાંતિ પામો.

ૐ શાંતિ ! શાંતિ ! શાંતિ !

સંતબાલ